પુષ્ટિપ્રવેશ

(૧-૨)



લેખક : ગોસ્વામી શ્રીશરદ્‌કુમારજી

(માંડવી-કચ્છ)

પ્રકાશક :

શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ,

કંસારા બજાર, માંડવી-કચ્છ,

ગુજરાત, ૩૭૦૪૬૫.

ફોન : (૦૨૮૩૪) ૨૩૧૪૬૩

લેખક-સમ્પાદક :

ગોસ્વામી શ્રીશરદ્‌કુમારજી (માંડવી-કચ્છ)

પ્રકાશનવર્ષ :

શ્રીવલ્લભાબ્દ ૫૩૧, વિ.સં. ૨૦૬૫

નવમું સંસ્કરણ પ્રતિ : ૪,૦૦૦

ગ્રન્થપ્રકાશન સહાય : રૂ. ૨૦-૦૦

(પોસ્ટેજ-પેકેજિંગ્ : રૂ. ૫)

મુદ્રક : સ્વસ્તિક ઑફ્સેટ, ભુજ

WWW.PUSHTIMARG.NET

શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી - કચ્છ

ગ્રન્થ — પ્રકાશનસહાય

સામ્પ્રદાયિક પરીક્ષાની પાઠ્યપુસ્તકો

૧. પ્રવેશિકા, લેખક : ગોસ્વામી શરદ્ (ગુજરાતી) ૧૦
૨-૩. પ્રવેશિકા, લેખક : ,, ,, (હિન્દી-અંગ્રેજી) નિઃશુલ્ક
૪. પુષ્ટિપ્રવેશ-૧, લેખક : ગોસ્વામી શરદ્ (ગુજરાતી) ૧૦
૫. પુષ્ટિપ્રવેશ-૨, લેખક : ,, ,, (ગુજરાતી) ૧૦
૬. પુષ્ટિપ્રવેશ ૧-૨, લેખક : ,, ,, (હિન્દી) નિઃશુલ્ક
૭. પુષ્ટિપથ, લેખક : ગોસ્વામી શરદ્ (ગુજરાતી)
૮. પુષ્ટિપથ, લેખક : ગોસ્વામી શરદ્ (હિન્દી)
૯. પ્રમેયરત્નસંગ્રહ, લેખક : ગોસ્વામી શરદ્ (ગુજ.) ૨૫
૧૦. ખક્ષક્ષીક્ફલ જ્ઞર વિંય મયદજ્ઞશિંજ્ઞક્ષફહાફવિં જ્ઞર ઉીતવશિં.
પુષ્ટિપ્રવેશ ૧-૨ તથા પુષ્ટિપથનો અંગ્રેજી અનુવાદ. ૬૫

તત્ત્વદર્શનવિષયક રાષ્ટ્રીય સેમિનારમાં પ્રસ્તુત થયેલ
વિભિન્ન શોધપત્રો તથા ચર્ચા નો સંગ્રહ (સંસ્કતૃત-હિન્દી-અંગ્રેજી)

૧૧. શબ્દખણ્ડીયા વિદ્વત્પરિચર્ચા ૨૦૦
૧૨. અન્યખ્યાતિવાદીયા વિદ્વત્સંગોષ્ઠી ૧૫૦
૧૩. કાર્યકારણભાવમીમાંસા વિદ્વત્સંગોષ્ઠી ૨૦૦
૧૪. પ્રત્યક્ષપ્રમાણ વિદ્વત્સંગોષ્ઠી ૧૫૦
૧૫. વાલ્લભવેદાન્ત નિબન્ધસંગ્રહ, લેખક : ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક

સામ્પ્રદાયિક વિચારગોષ્ઠીમાં પ્રસ્તુત થયેલા
વિભિન્ન શોધપત્રો તથા તેના ઊપર થયેલ ચર્ચા નું સંકલન

૧૬. વાર્તાપરિચર્ચા ૧૫
૧૭. અધિકારપરિચર્ચા ૧૦૦
૧૮. સાધનાપ્રણાલી ૫૦
૧૯. પુષ્ટિભક્તિમાં કથા-ગુણગાન સાધના ૫૦
૨૦. શરણાગતિ વિચારગોષ્ઠી ૫૦
૨૧. શરણાગતિ વિચારગોષ્ઠી એક પૂરક પ્રશ્નોત્તરી નિઃશુલ્ક
૨૨. સેવા-સમર્પણ વિચારગોષ્ઠી ૫૦

નિત્યસ્તોત્રપાઠ

૨૩. પુષ્ટિપાઠાવલી (ગુજરાતી) ૧૦
૨૪. પુષ્ટિપાઠાવલી (હિન્દી) ૧૦
૨૫. પુરુષોત્તમસહસ્રનામ-ત્રિવિધલીલાનામાવલી (અનુવાદ સહિત) ૨૦
૨૬. પુષ્ટિવિધાનમ્-૧ (પાઠાવલી, વ્રજભાષા) અપ્રાપ્ય
૨૭. પુષ્ટિવિધાનમ્-૧ (પાઠાવલી, ગુજ.) અપ્રાપ્ય

સન્દર્ભગ્રન્થો

૨૮. પુષ્ટિવિધાનમ્ પાદાનુક્રમણિકા ૧૦
29. Computer CD : ww.pushtimarg.net અપ્રાપ્ય
30. Summary of Shuddhadvait Vangmay, By Sharad Goswami ૧૫

અધ્યયનોપયોગી ગ્રન્થો

૩૧. તત્વાર્થદીપનિબન્ધાન્તર્ગત શાસ્ત્રાર્થપ્રકરણમ્ (વ્રજભાષાટીકા) સાધારણસંસ્કરણ / રાજસંસ્કરણ ૫૦/૭૦

(જુઓ ટાઈટલ્ પેજ ૩).....☞

૩૨. તત્વાર્થદીપનિબન્ધાન્તર્ગત સર્વનિર્ણયપ્રકરણમ્ (વ્રજભાષાટીકા) સાધારણસંસ્કરણ / રાજસંસ્કરણ ૮૦/૧૦૦
૩૩. પુષ્ટિવિધાનમ્-૨ (વ્યાકરણમ્)પદચ્છેદ, શબ્દપરિચય, સમાસવિગ્રહ, સંધિવિગ્રહ, અન્વય વગેરે સહિત ૧૦૦
૩૪. પુષ્ટિવિધાનમ્-૩ (વ્રજભાષાવિવૃતિ) ૮૦
૩૫. શ્રીભાગવત મહાપુરાણ (ગુર્જરભાષાનુવાદ) ૩૦૦
૩૬. ગૃહસેવા અને વ્રજલીલા, વિવેચક : ગો.શ્રીશ્યામ મનોહરજી(ગુજ.) નિઃશુલ્ક
૩૭. ગૃહસેવા ઔર વ્રજલીલા, વિવેચક : ગો.શ્રીશ્યામ મનોહરજી(વ્રજભાષા) નિઃશુલ્ક
૩૮. પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ, વિવેચક : ગો.શ્રીશ્યામ મનોહરજી(ગુજ.)અપ્રાપ્ય- નિઃશુલ્ક
૩૯. રસદૃષ્ટિની તરફેણમાં, લેખક : ગો. શ્રીશ્યામ મનોહરજી(ગુજ.) નિઃશુલ્ક
૪૦. જિન શ્રીવલ્લભરૂપ ન જાન્યો, ગો.શ્રીશ્યામ મનોહરજી લિખિત સર્વોત્તમસ્તોત્રની વિસ્તૃત ભૂમિકાનો ગુજરાતી અનુવાદ, શ્રીવલ્લભાષ્ટક, સપ્તશ્લોકી, શ્રીવલ્લભસ્તોત્રો, પઞ્ચશ્લોકી, શિક્ષાશ્લોકી આદિ ગ્રન્થોપર વિવેચન નું ૪૫૦ થી વધુ પાનામાં સંકલન. ૭૦
૪૧. સેવાકૌમુદી-નવધાભક્તિ (હિન્દી), વિવેચક: ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક
૪૨. કૃષ્ણાશ્રય, શ્રીકલ્યાણરાયજી લિખિત સંસ્કૃત ટીકાનો ગુજરાતી અનુવાદ ૭
૪૩. સિદ્ધાન્તનું આચમન, પ્રશ્નોત્તરી, ઉત્તરદાતા : ગો.શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક
૪૪. બ્રહ્મવાદભૂમિકા (હિન્દી), લેખક : ગો.શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક
૪૫. અમૃતવચનાવલી (ગુજરાતી), પ્રાચીન-અર્વાચીન-આધુનિક ગોસ્વામી આચાર્યોની સિદ્ધાન્તોક્તિનો રંગીન ચિત્રો સહિત સંગ્રહ નિઃશુલ્ક
૪૬. અમૃતવચનાવલી (હિન્દી), પ્રાચીન-અર્વાચીન-આધુનિક ગોસ્વામી આચાર્યોની સિદ્ધાન્તોક્તિનો રંગીન ચિત્રો સહિત સંગ્રહ નિઃશુલ્ક
૪૭. વિશોધનિકા ભાગ-૪ (ગુજ. અનુવાદ), લેખક : ગો.શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક
૪૮. ભગવદ્ગીતા, અનુવાદક : શ્રીનાનુલાલ ગાંધી. પદચ્છેદ, અન્વય, શબ્દપરિચય, વૃત્તિપરિચય, શબ્દાર્થ, શ્લોકાર્થ, વિવેચન, પાદાનુક્રમણિકા, ગીતાતાત્પર્ય તથા ન્યાસાદેશવિવરણ ગુજરાતી અનુવાદ સાથે. ૫૦
૪૯. ભક્તિવર્ધિની, વ્યાખ્યાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક
૫૦. પુષ્ટિઅસ્મિતા સંવર્ધક શિબિર, રાષ્ટ્રીય સંમેલન-ભરૂચ , વિસ્તૃત અહેવાલ ૨૫
૫૧. ષોડશગ્રન્થગત ઉપદેશો અને તેમની ૨૮ વાર્તાઓ, લેખક : શ્રીભૂપેન્દ્રભાઈ ભાટીયા ૪૦
૫૨. સેવા (ઋતુ-ઉત્સવ-મનોરથ) હિન્દી, વ્યાખ્યાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક
૫૩. સેવા (ઋતુ-ઉત્સવ-મનોરથ) ગુજરાતી, વ્યાખ્યાતા : ગો. શ્રીશ્યામ મનોહરજી નિઃશુલ્ક

ઇતિહાસ

૫૪. આધુનિક ન્યાયપ્રણાલી અને પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી નો આપસી ટકરાવ, લે. : ગો. શ્રીશ્યામ મનોહરજી (ગુજરાતી) નિઃશુલ્ક
૫૫. આધુનિક ન્યાયપ્રણાલી ઔર પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી કા આપસી ટકરાવ, લે. : ગો. શ્રીશ્યામ મનોહરજી (હિન્દી) નિઃશુલ્ક
૫૬. શ્રીગોપીનાથપ્રભુચરણ, શ્રીગોપીનાથજીના વિષયમાં ઉપલબ્ધ (ચિત્રજી, હસ્તાક્ષર, પદ, ઇતિહાસ, રચના વગેરે) તમામ માહિતિનો સંગ્રહ. (ગુજ.-હિન્દી) ૨૫
૫૭. શ્રીકૃષ્ણચરિત્ર, ભાગવતના દશમસ્કન્ધનો ભાવાનુવાદ, લેખક : શ્રીનાનુલાલ ગાંધી ૮૦

સહયોગ પ્રકાશન

શ્રીભાગવતસુબોધિની ગુર્જરાનુવાદ અનુવાદક : શ્રીનાનુલાલ ગાંધી
(પુસ્તકો ઉપલબ્ધ હશે તે પ્રમાણે સેટ્માંજ આપવામાં આવશે)

દશમસ્કન્ધ તામસ પ્રમાણ પ્રકરણ — દશમસ્કન્ધ તામસ પ્રમેય પ્રકરણ
દશમસ્કન્ધ તામસ સાધન પ્રકરણ — દશમસ્કન્ધ તામસ ફલ પ્રકરણ
દશમસ્કન્ધ સાત્વિક પ્રમેય-સાધન-ફલ પ્રકરણ

Sri Vallabhacarya, His Philosopohy and Life, by Prof. J. G. Shah ૧૦૦
Sri Vallabhacarya, His Philosopohy and Religion, by Prof. J. G. Shah ૩૦૦
Sri Vallabhacarya and His Teachings, by Dr. Chimanlal Vaidya ૧૦૦
Doctrines of Vallabhacharya, by Ishverbhai S. Amin ૧૦૦

।।श्रीदामोदरमदनमोहनौ प्रभू विजयेते।।
।।श्रीवल्लभाधीशौ जयति श्रीविट्ठलेश्वरः।।

गो. किशोरचन्द्र श्रीपुरुषोत्तमलालजी
મોટી હવેલી,
પञ्चહાટડી,
જૂનાગઢ, ૩૬૨ ૦૦૧.

શ્રીપુરુષોત્તમ પુષ્ટિમાર્ગીય પાઠશાળા, જુનાગઢ દ્વારા સંચાલિત પુષ્ટિમાર્ગી પરીક્ષા કાર્યક્રમનું ત્રીજું પાઠ્યપુસ્તક 'પુષ્ટિપ્રવેશ-૨' પરીક્ષાર્થીઓના હાથમાં આવી રહ્યું છે.

આજે સોરઠ તેમજ અન્ય પ્રાન્તના વૈષ્ણવ સમાજમાં માર્ગ પ્રત્યે સભાનતા આવી છે. વૈષ્ણવો સભામાં ઊભા થઈને વિનયપૂર્વક ગોસ્વામી આચાર્યોને પ્રશ્નો પૂછતાં થયા છે. સિદ્ધાન્ત-અપસિદ્ધાન્તનો વિવેક કરતાં પણ થયા છે. આ જ આ પરીક્ષા કાર્યક્રમની સફળતા છે.

પ્રભુ તેમજ શ્રીઆચાર્યચરણની કૃપાથી આ પરીક્ષા કાર્યક્રમદ્વારા પુષ્ટિમાર્ગીઓનું સિદ્ધાન્તોનું અજ્ઞાન દૂર થાય અને જ્ઞાનનો પ્રકાશ ફેલાય તેવી અન્તઃકરણની શુભકામના સાથે.

ગો. કિશોરચન્દ્ર શ્રીપુરુષોત્તમલાલજી.

જયતિ શ્રીવલ્લભાર્યો જયતિ ચ વિટ્ઠલેશ્વર પ્રભુ શ્રીમાન્।
પુરુષોત્તમશ્ચ તૈશ્ચ નિર્દિષ્ટા પુષ્ટિપદ્ધતિ જયતિ।।

ગોસ્વામી શ્યામ મનોહર
૬૩, સ્વસ્તિક સોસાયટી, ૪ થો રસ્તો,
જુહુસ્કીમ પાર્લે, મુંબઈ - ૪૦૦૦૫૬

ઉપનિષદોની ભાષામાંદ્ર''શ્રવણ-મનન-નિદિધ્યાસન'' કહીએ કે ભાવત્ની ભાષામાંદ્ર''શ્રવણ-સ્મરણ-કીર્તન'' કહીએ અથવા તો ચાલુ બાલચાલની ભાષામાંદ્ર''કથા-સત્સન' કહીએ, કોઈ પણ શબ્દાવલી વપરીએ, તેમના બે સ્વરૂપો સૈદ્ધાન્તિક રીતે સ્વીકારવા પડે છેઃ સમ્બોધ અને સાધના. 'સમ્બોધ' એટલે સિદ્ધાન્ત કે કર્તવ્યની સરખી સમજમાટે પદેશક ગુરુની ઉપસત્તિ કરીને અભીષ્ટ શાસ્ત્રોનું શ્રવણાદિ કરવું. 'સાધના' એટલે ગુરુમુખથી સાંભળેલી વાતોને અમલમાં લાવવી.

પ્રાચીન આદર્શોને ભૂલી જવાને કારણે આજે આપણે ઉપદેશરૂપ શ્રવણાદિને સાધના રૂપે માની લેવાની અને સાધનાની બાબતમાં ઉપદેશગ્રહણ કરવાની મનોભ્રમણામાં અટવાઈ ગયા છીએ. એટલે જ સ્વસિદ્ધાન્ત કે કર્તવ્યના બોધમાટે જે કથા-પ્રવચનો થતા હતા તેમાં શ્રવણભક્તિની ભ્રમણા ભરાઈ ગઈ છે. સાધનારૂપે જે પોતાના ઘરમાં ભગવત્સેવા-ભગવત્કીર્તન કરવા જોઈતા હતા, તેને ઠેકાણે ધંધાકીય રીતે ગોઠવવામાં આવતા સેવા-કીર્તનોના આયોજનોમાં ''કાંઈક તો જાણવાનું મળશે'' એવા મનોભાવ રાખી, તેવા આયોજનોને આપણે પ્રોત્સાહન આપતા હોઈએ છીએ. આ વૈપરીત્યને કારણે આધુનિક પુષ્ટિમાર્ગમાં ''બાવાના બેઉ વેડફાઈ ગયા!'' લાગે છે.

શ્રીપુરુષોત્તમ પાઠશાળા (જૂનાગઢ) દ્વારા આયોજિત સ્વમાર્ગીય સિદ્ધાન્તપ્રશિક્ષણ આપવાના કાર્યક્રમમાં તૃતીય પુસ્તિકા 'પુષ્ટિપ્રવેશ-૨' જે પ્રકટ થવા જઈ રહી છે તે શ્રીમહાપ્રભુજી-શ્રીપ્રભુચરણના શુભાશિર્વાદથી પુષ્ટિમાર્ગીઓમાં પુષ્ટિબોધ અને પુષ્ટિભાવ ઉદબુદ્ધ કરવામાં સફલ-સુફલ થાય તેવી શુભેચ્છા સાથે...

-ગો. શ્યા. મ.

અનુક્રમણિકા

૧. શ્રીવલ્લભાચાર્ય : ૧-૭

ભગવદાજ્ઞાથી પ્રાકટ્ય, બાલ્યકાળ, ભારતભ્રમણ, ત્યાગ, સાદગી, એકાન્તપ્રિયતા, વિદ્વત્તા, આદર્શ ગુરુ, ગ્રન્થરચના, તિરોધાન.

૨. શ્રીગોપીનાથપ્રભુચરણ : ૮-૧૦

ગ્રન્થરચના, સાધનદીપિકા, સેવાશ્લોક, સૌન્દર્યપદ્ય, તિરોધાન.

૩. શ્રીવિટ્ઠલનાથપ્રભુચરણ : ૧૧-૧૪

દિવ્યત્યાગ, સમર્પણમાટે સેવાક્રમનો વિસ્તાર, જીવમાત્રપર દયા, ગ્રન્થરચના, પ્રચારયાત્રા, તિરોધાન.

૪. શ્રીયમુનાજી : ૧૫-૧૬

ભક્તોદ્ધારમાટે પ્રાકટ્ય, માહાત્મ્ય, ઐશ્વર્ય.

૫. શ્રીકૃષ્ણ : ૧૭-૨૪

આસુરી જીવોને પ્રભુના સ્વરૂપનું જ્ઞાન નથી થતું, પ્રભુ અજ્ઞાન દુર કરે તો પ્રભુસ્વરૂપનું જ્ઞાન થાય, ભગવાનનું સ્વરૂપ, નામ અનેક શ્રીકૃષ્ણ એક, પ્રભુના વિવિધ નામ-રૂપોનું રહસ્ય, પ્રભુપ્રાકટ્યના પ્રયોજનો, અવતારના પ્રકારો, નિષ્કર્ષ.

૬. જીવ : ૨૫-૨૭

જીવની અવસ્થાઓ, જીવના પ્રકારો.

૭. જગત્ : ૨૮-૩૧

શાસ્ત્રપ્રામાણ્ય, સૃષ્ટિલીલા, બ્રહ્માત્મિકા સૃષ્ટિ, સચ્ચિદાનન્દ બ્રહ્મ, જગત્ બ્રહ્માત્મક કેમ અનુભવાતું નથી, બ્રહ્મબોધ.

૮. માર્ગ : ૩૨-૩૪

પુષ્ટિભક્તિમાર્ગ, મર્યાદામાર્ગ.

૯. સમ્પ્રદાય : ૩૫-૪૧

વ્યાખ્યા, સમ્પ્રદાયની જરૂરીઆત, જો વિભિન્ન ધર્મસમ્પ્રદાય ન હોય તો શું થાય?, સમ્પ્રદાયો વાડા નથી, સમ્પ્રદાયનું બંધારણ, સાધનાના આન્તર-બાહ્ય પક્ષો, સમ્પ્રદાય રહિત સાધના નિષ્ફળ,

૧૦. પુષ્ટિભક્તિમાગ ૪૨-૪૪

૧૧. ભગવદાશ્રય ૪૫-૬૩

આશ્રય-આશ્રયનો મહિમા- સમયના ભરોસે ન રહો- આશ્રયનું સ્વરૂપ સર્વના આશ્રયરૂપ ભગવાન્- આશ્રયનું સ્મરણ જરૂરી છે- લૌકિક સુખદુઃખનું કારણ કર્તાપણાનું અભિમાન- લૌકિક સુખ પણ પીડાકારી છે- ભગદાશ્રય/શરણાગતિથી નિશ્ચિન્તતા-પ્રભુને યાદ ન કરનારને પ્રભુ પણ યાદ નથી રાખતા-સુખમાં પણ પ્રભુનું સ્મરણ- ભગવત્સ્મરણમાં સમય બન્ધન નહીં પ્રભુનું સ્મરણ સ્વાભાવિકતાથી શરણાગતરક્ષક ભગવાન માગણી એ વેપારીવૃત્તિ છે ભગવદાશ્રય સર્વદા સર્વથા- ભગવદાશ્રયની દઢતાના ઉપાયો- દીનતા કેળવવાના ઉપાયો.

૧૨. અન્યાશ્રયત્યાગ ૬૪-૭૪

અન્યાશ્રય- અન્યાશ્રયનો અર્થ- ઈષ્ટદેવ- અન્યાશ્રય કઈ સ્થિતિમાં- અન્ય દેવી-દેવતાઓનો અનાદર નહીં- આદરણીય અને ભજનીય- શ્રીકૃષ્ણ પાસે કોણે જવું. અન્યાશ્રય પ્રશંસાપાત્ર નથી. અન્યાશ્રય કરવાના કારણો.

૧૩. શરણમાર્ગ ૭૫-૮૫

શરણમાર્ગ- શરણાગતિના છ અનો દ્વિવિધ શરણમાર્ગ- શરણમાર્ગમાં પ્રવેશ શા માટે? શરણમાર્ગીના કર્તવ્યો.

૧૪. પુષ્ટિભક્તિ ૮૬-૯૬

પુષ્ટિભક્તિ- ભક્તિના વિભિન્ન પ્રકારો-ભક્તિની વિભિન્નતાના કારણો ભક્તિના પ્રકારો- નિર્ગુણપુષ્ટિભક્તિ સર્વોત્કૃષ્ટ- નિર્ગુણપુષ્ટિભક્તિના પ્રકારો

૧૫. જ્ઞાનકસોટી ૯૭- - -

પુસ્તિકા કેમ વાંચશો?

૧. પાઠમાં આવતા દરેક મહત્ત્વપૂર્ણ શબ્દ પર વિશેષ ધ્યાન આપતાં વિચારપૂર્વક દરેક પાઠને, ઓછામાં ઓછું, બે વખત વાંચવો.

૨. વાંચી લીધા બાદ 'જ્ઞાનકસોટી' માં આપેલ દરેક પાઠના પ્રશ્નોના જવાબ મનમાં વિચારવા. જવાબ ન સુઝે તો પાઠમાં જોઈ શોધી કાઢવા. આ પ્રમાણે દરેક પ્રશ્નનો અભ્યાસ કરવો.

૩. તે જ પ્રમાણે પારિભાષિક શબ્દોની વ્યાખ્યા/સમજુતી માટે તૈયારી કરવી.

૧. શ્રીવલ્લભાચાર્ય

સાધારણ મનુષ્યોના જન્મ-મરણ તેઓએ પૂર્વજન્મોમાં કરેલા પાપકર્મ કે પુણ્યકર્મ ના ફળોને ભોગવવા માટે થતાં હોય છે. પરન્તુ મહાપુરુષોના જન્મ-મરણ આવા સાધારણ કારણોથી નથી થતાં હોતાં. જેમ રાષ્ટ્રપતિ કોઈ ખાસ કાર્યમાટે પોતાના રાષ્ટ્રપતિભવનમાંથી બહાર જાતાં હોય છે અને તે કાર્ય સમાપ્ત થતાં પાછા પોતાના ભવનમાં આવી જતાં હોય છે તેમ મહાપુરુષોના જન્મ-મરણ ભગવાન્‌ની વિશેષ આજ્ઞા થતાં, એમની ઈચ્છાથી થતાં હોય છે. કોઈ વિશેષ કાર્યમાટે તેઓ પૃથ્વીપર અવતરે છે અને કાર્ય સમાપ્ત થતાં પાછા પોતાના સ્થાને પધારી જાય છે.

ભગવદાજ્ઞાથી પ્રાકટ્ય :

શાસ્ત્રોમાં વર્ણાવાયેલા આત્મોદ્ધારના બધા જ માર્ગો કલિયુગમાં, ઠેર ઠેર ફૂટી નિકળેલા પાખણ્ડ મતોને કારણે, દૂષિત થઈ ગયા હતાં. પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણને પામવાનો કોઈ પણ માર્ગ જાણતા ન હોવાથી દૈવી પુષ્ટિજીવો આકુળવ્યાકુળ થઈ રૂહ્યાં હતાં. આ જોઈને ભગવાન્ શ્રીકૃષ્ણે દૈવી પુષ્ટિજીવોના ઉદ્ધારમાટે મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યને પૃથ્વીપર જન્મ લેવાની આજ્ઞા કરી. આ આજ્ઞાદ્વારા ભગવાને આચાર્યચરણ શ્રીવલ્લભાચાર્યને મુખ્યત્વે ત્રણ કાર્યો સોપ્યાંઃ

૧. પુષ્ટિભક્તિમાર્ગના સ્થાપનદ્વારા દૈવી પુષ્ટિજીવોનો ઉદ્ધાર.
૨. પુષ્ટિભક્તિમાર્ગના આધારરૂપ શ્રીભાગવત્ પુરાણનો સાચો અર્થ દેખાડવો તથા
૩. મુક્તિ અપાવનાર કર્મ અને જ્ઞાન માર્ગોના સાચા સ્વરૂપને દેખાડવું.

ભગવાન્‌ની આજ્ઞા મળતાં શ્રીવલ્લભાચાર્ય દક્ષિણ ભારતના વિદ્વાન્ સદાચારી કૃષ્ણભક્ત બ્રાહ્મણકુળમાં પ્રકટ થયાં. શ્રીઆચાર્યચરણનું પ્રાકટ્ય ન થાત તો કેવી પરિસ્થિતિ સર્જાત એનું વર્ણન કરતાં શ્રીવિટ્ઠલનાથજી 'શ્રીવલ્લભાષ્ટક' સ્તોત્રમાં લખે છે :

''હે મહાપ્રભુ! જો આપ પ્રકટ ન થયા હોત તો * દૈવીસૃષ્ટિમાં
જન્મ્યા હોવા છતાં દૈવી પુષ્ટિજીવો કોઈ પણ રીતે શ્રીકૃષ્ણને
મેળવી શક્યા ન હોત. અને આમ આ પુષ્ટિજીવોની સૃષ્ટિ
કૃષ્ણસેવારૂપ ફળની પ્રાપ્તિ વિના નકામી થઈ જાત. કારણ કે,
શિવજીના અવતારદ્વારા પ્રવર્તાવેલા અસન્માર્ગોમાં ભ્રમિત થઈને
વેદમાર્ગપર ચાલનારા જીવો સાચા ભક્તિમાર્ગને જોવા સમર્થ ન
થાત''.

* જે જીવોને ભગવાન્ ભક્તિ કે મુક્તિ આપી તેઓનો ઉદ્ધાર કરવા નિધરિ છે તેવા જીવોને 'દૈવીજીવ' કહેવામાં આવે છે.

બાલ્યકાળ :

શ્રીવલ્લભાચાર્યનો જન્મ, વિક્રમ સંવત્ ૧૫૩૫ (ઈસ્વીસન ૧૪૭૮) માં * 'ચમ્પારણ્ય' નામના કોઈક વનમાં, તેમના માતા-પિતા પ્રવાસ કરી રૂહ્યા હતા તે દરમ્યાન, થયો હતો. યજ્ઞોપવીત સંસ્કાર કરાવીને પિતા શ્રીલક્ષ્મણભટ્ટજીએ વિદ્યાભ્યાસમાટે શ્રીવલ્લભને વિદ્વાન્ પંડિતો પાસે મોકલ્યા. માત્ર આઠ વર્ષની ઉમ્મરે શ્રીવલ્લભે સમ્પૂર્ણ વેદ-પુરાણ-સ્મૃતિ વગેરે ધર્મશાસ્ત્રો, તન્ત્રશાસ્ત્ર, પઞ્ચરાત્ર તથા સાંખ્ય-યોગ-ન્યાય-મીમાંસા-જૈન-બૌદ્ધ વગેરે મતોનો અભ્યાસ સમાપ્ત કરી પોતાની અસાધારણ પ્રતિભાનું દર્શન કરાવ્યું. ૧૦ વર્ષની વયે આપે શ્રીજગન્નાથપુરીમાં માયાવાદી શાંકરમતના પંડિતો સાથે વાદ કરી તેમને પરાસ્ત કર્યા. આ જ સભામાં રાજાદ્વારા ચાર પ્રશ્નો જવાબમાટે મૂકવામાં આવ્યા :

૧. સર્વશ્રેષ્ઠ શાસ્ત્ર ક્યું?
૨. સર્વશ્રેષ્ઠ દેવ કોણ?
૩. સર્વશ્રેષ્ઠ મન્ત્ર ક્યો?
૪. સર્વશ્રેષ્ઠ કર્મ શું?

અનેક વિદ્વાનોએ આ પ્રશ્નોના ઉત્તરો આપ્યા પરન્તુ રાજાને સન્તોષ ન થયો. આખરે શ્રીવલ્લભાચાર્યના સૂચનથી સર્વસમ્મતિ પૂર્વક તે ચારેય પ્રશ્નોને

* ચમ્પારણ્ય :
- ''કછુક દિન રહિકે ચલે સબ દક્ષણ ... ચમ્પારણ્ય મહીં જબ આયે, એલ્લમ્માગારુ ગર્ભ સ્રવિત જતાયે, સ્રાવ જાનિ ચલે તહાંતે નગર ચૌડામેં સબે'' (મૂલપુરુષ)
- ''જાત સુ ચમ્પારણ્ય મધિ ભીમારથી તટ પાસ'' (સમ્પ્રદાયકલ્પદ્રુમ).
- ''ભૌગોલિક દૃષ્ટિથી સહુથી મહત્વપૂર્ણ સ્થાન જે વાર્તાઓમાં આવે છે તે છે શ્રીમહાપ્રભુજીનું જન્મસ્થાન 'ચમ્પારણ્ય'. આની વાસ્તવિક સ્થિતિની બાબતમાં હિન્દીના વિદ્વાનોમાં મતભેદ છે અને ભ્રમ પણ ... ચૌડા નગર કે જેને ચમ્પારણ્યની બાજુમાં મધ્યપ્રદેશમાં જ હોવું જોઈએ તેના અસ્તિત્વની બાબતમાં આજે કોઈ અતો-પતો લાગતો નથી. મધ્યપ્રદેશના ભૂગોળના જ્ઞાતાઓ પાસેથી પણ મને આનો પત્તો લાગ્યો નથી'' (શ્રીહરિહરનાથ ટંડન, વાર્તાસાહિત્ય એક બૃહદ્ અધ્યયન, પૃ.ક્ર. ૬૦૬-૬૦૭)

શ્રીજગન્નાથરાયજી (શ્રીકૃષ્ણ) સન્મુખ શ્રીવલ્લભાચાર્યના હસ્તે મૂકવામાં આવ્યાં. આ સાથે કોરો કાગળ અને ખડિયો-કલમ મૂકી મન્દિરના દરવાજા બંધ કરવામાં આવ્યા. થોડા સમય પછી દરવાજા ખોલતાં કોરા કાગળ પર એક શ્લોક, ચારેય પ્રશ્નોના જવાબમાં, લખાયેલ પ્રાપ્ત થયો. તે શ્લોક આ પ્રમાણે હતો :

એકં શાસ્ત્રં દેવકીપુત્રગીતમ્ ।
એકો દેવો દેવકીપુત્ર એવ ।।
મન્ત્રોપ્યેકસ્તસ્ય નમાનિ યાનિ ।
કર્માપ્યેકં તસ્ય દેવસ્ય સેવા ।।

અર્થ : ભગવાન્ શ્રીકૃષ્ણે કહેલ ગીતા જ બધા શાસ્ત્રોના નિચોડરૂપ ગ્રન્થ છે. દેવકીપુત્ર ભગવાન્ શ્રીકૃષ્ણ જ એક સર્વ દેવોના દેવ છે. શ્રીકૃષ્ણના નામો જ સર્વશ્રેષ્ઠ મન્ત્ર છે અને શ્રીકૃષ્ણની સેવા જ શ્રેષ્ઠ કર્તવ્ય છે.

ભારતભ્રમણ :

રાજસભામાં શ્રીવલ્લભાચાર્યે સ્થાપેલ મતનું સમર્થન સ્વયં ભગવાને ઉપરોક્ત શ્લોકદ્વારા કર્યું. આને જ ભગવાન્‌ની આજ્ઞા માનીને પોતાના મતનો પ્રચાર કરવા ભારતભ્રમણમાટે શ્રીવલ્લભાચાર્ય પધાર્યા. આપે દૈવી જીવોના ઉદ્ધારમાટે ત્રણ વખત પગપાળાં ભારતભ્રમણ કર્યું. આ દરમ્યાન આપે મોટા-મોટા પણ્ડિતોસાથે અનેક વખત *વાદ કરી શુદ્ધાદ્વૈત-પુષ્ટિભક્તિમાર્ગને સુદૃઢ કર્યો. ધર્મદ્વેષી ક્રૂર મ્લેચ્છોના આતંકને કારણે ધર્મથી દૂર જતા લોકોને આપે ધર્મના માર્ગે પાછા વાળ્યા. ગોકુળમાં પવિત્રા એકાદશીને દિવસે ભગવાન્ શ્રીકૃષ્ણ પાસેથી શ્રીઆચાર્યચરણને 'બ્રહ્મસમ્બન્ધમન્ત્ર'ની પ્રાપ્તિ થઈ. આ દીક્ષામન્ત્ર પ્રાપ્ત થતાં આપે પુષ્ટિભક્તિસમ્પ્રદાયની મન્ત્ર-ઉપદેશ તથા સાધનાપ્રણાલીને વ્યવસ્થિત કરી.

ત્યાગ :

જુના જમાનામાં રાજાઓ વિદ્વાનોનું સન્માન કરવામાં પોતાનું સૌભાગ્ય માનતા. આથી કોઈ શાસ્ત્રીય જટિલ સમસ્યાના ઉકેલમાટે વિદ્વાનોને આમન્ત્રી

વાદ = કોઈ બાબતના તત્ત્વનિર્ણયમાટે કરવામાં આવતી ચર્ચાને 'વાદ' કહેવામાં આવે છે.

શાસ્ત્રચર્ચા ગોઠવતાં. શાસ્ત્રચર્ચામાં જે વિદ્વાન્ પોતાના મતનું સ્થાપન કરતા તેનો કનકાભિષેક, રજતાભિષેક વગેરે દ્વારા સન્માન કરવામાં આવતું. શ્રીવલ્લભાચાર્ય પણ આ પ્રકારની શાસ્ત્રચર્ચાઓમાં ભાગ લેતા અને પોતાના મતનું સ્થાપન કરતા. પરિણામે રાજાઓ આપનો કનકાભિષેક આદિ કરી ભેટસ્વરૂપે સોનામહોરો, હાથી-ઘોડા-સોનાચાંદીના વાસણો વગેરે અર્પણ કરતા. પરન્તુ પૈસાના સંગ્રહથી બુદ્ધિ બગડે છે, પ્રભુમાં ચિત્ત લાગતું નથી વળી રાજાનું દ્રવ્ય તો કાંઈક વધારે જ અનિષ્કારક હોય છે એવું વિચારીને ત્યાગમૂર્તિ શ્રીઆચાર્યચરણ એ બધું દ્રવ્યાદિ બ્રાહ્મણોને દાનમાં આપી દેતા! આથી જ 'શ્રીસર્વોત્તમસ્તોત્ર'માં આપને મહોદારચરિત્રવાન્ (અત્યન્ત ઉદાર ચરિત્રવાળા) કહેવામાં આવ્યા છે.

સાદગી :

આપના શિષ્યોમાં અનેક રાજાઓ તથા શાહુકારો હોવા છતાં આપનું જીવન અત્યન્ત સાદગીભર્યું હતું. વસ્ત્રમાં આપ શરીરપર ધોતી અને ઉપરણા નો બ્રાહ્મણવેશ જ ધારણ કરતા. યાત્રા પણ આપ ખુલ્લા ચરણે કરતા. યાત્રા દરમ્યાન આપ સ્વયંપાકી રહેતાં. પ્રભુમાટે ભોગ-સામગ્રી સ્વહસ્તે જ બનાવી ભોગ ધરવાનો આપનો નિયમ હતો. યાત્રા દરમ્યાન આપ મોટે ભાગે ગામની બહાર એકાન્ત સ્થળે મુકામ કરતા. દૈવી જીવ હશે તે સામે ચાલીને આવશે એવો વિશ્વાસ હોવાથી પોતાના આગમનની જાણ ગામમાં કોઈને પણ ન કરવાની આજ્ઞા શિષ્યોને આપતા. આપના પ્રતાપથી આકર્ષાઈને અનેક શ્રદ્ધાળુઓ સામે ચાલીને કીમતી ભેટ-સોગાદો લાવતા હોવા છતાં આપ પોતાના શિષ્યો સિવાય કોઈની પણ ભેટ-સોગાદો ન સ્વીકારતા.

એકાન્તપ્રિયતા :

પ્રભુસેવા તો ઘરમાં એકાન્તમાં જ થઈ શકે. આથી યાત્રાની સમાપ્તિ બાદ પોતાના સેવ્યસ્વરૂપોને પધરાવીને પરિવાર તથા જ્ઞાતિજનો સહિત આપે પ્રયાગ નજીક નાનકડા 'અડેલ' ગામમાં સ્થાયી નિવાસ કર્યો. ભગવાન્‌ની ઇચ્છાથી જ્યારે જે કંઈ મળી રહે તેનાથી સન્તોષ અને આનન્દ થી પોતાનો નિર્વાહ ચલાવતા.

વિદ્વત્તા :

એક વખત કોઈ વેદપાઠી બ્રાહ્મણ આપના વેદજ્ઞાનની પરીક્ષા કરવામાટે

આવ્યો. વેદનો એક મન્ત્ર છોડીને એક એમ ૧૦૦ મન્ત્રો એ આપની સામે બોલ્યો. શ્રીઆચાર્યચરણે તે જ મન્ત્રોને ઉલટા ક્રમથી બોલી તેના ગર્વને દૂર કર્યો.

એક વખત આપ કાશી પધાર્યા. આપની વિદ્વત્તાની ચર્ચા ભારતભરમાં હતી જ. આથી આપની સાથે ચર્ચા કરવામાટે અનેક પંડિતો આપની પાસે આવવા લાગ્યા. આને કારણે આપને ભગવત્સેવા, વૈદિક કાર્યો તથા ઉપદેશ વગેરે કાર્યોમાં અડચણ થવા લાગી. આ જોઈને આપે 'પત્રાવલમ્બન'નામનો એક ગ્રન્થ લખીને કાશીના વિશ્વેશ્વર મહેદેવજીના મન્દિરની ભીંતપર ચોંટાડી દીધો. આ સાથે એવી જાહેરાત પણ કરાવી કે જેને આ ગ્રન્થ વાંચ્યા પછી પણ પ્રશ્નો બાકી રહી જાય તે આપશ્રીના મુકામપર ચર્ચા કરવામાટે જરૂરથી આવે. પંડિતોની અવર-જવર આ પછીથી ઓછી થઈ ગઈ. આથી જ શ્રીગુસાંઈજીએ 'શ્રીસર્વોત્તમસ્તોત્ર'માં આપને 'વેદપારગઃ' (વેદને જાણનારા) તથા 'સર્વવાદિનિરાસકૃત્' (બધા વાદીઓનો નિરાસ=પરાજય કરનારા) કહ્યા છે.

આદર્શ ગુરુ :

પાકો ઝવેરી જેમ હીરાને અનેક રીતે પારખીને પછી જ ખરીદતો હોય છે તેમ સાચો ગુરુ દીક્ષાર્થીની પરીક્ષા કર્યા વિના શિષ્ય નથી બનાવતો. ભગવાને શ્રીવલ્લભાચાર્યને માત્ર પુષ્ટિજીવોના ઉદ્ધારમાટે જ પુષ્ટિભક્તિમાર્ગને પ્રકટ કરવાની આજ્ઞા કરી હતી. આથી પુષ્ટિભક્તિનો માર્ગ માત્ર પુષ્ટિજીવો માટે જ હોઈ શકે છે; વિશ્વધર્મ કદાપિ હોઈ શકતો નથી. તેથી પુષ્ટિસૃષ્ટિનો ન હોય તેવો કોઈ જીવ પુષ્ટિભક્તિમાર્ગમાં આવી ન જાય તે માટે શ્રીઆચાર્યચરણ દીક્ષા લેવા આવનારને તેની યોગ્યતા પારખીને જ દીક્ષા આપતા. દીક્ષા આપીને પણ શિષ્યને ભાગ્યના ભરોસે મૂકી ન દેતા. જ્યાં સુધી શિષ્યને માર્ગની સાધનારૂપ સેવાપ્રણાલી વગેરેનું બરોબર જ્ઞાન ન થઈ જાય ત્યાં સુધી એના ઘરે બિરાજીને પણ બધું જાત જ શીખવતા. પોતાના નિવાસસ્થાને દીક્ષા લેવા આવનારને પોતાને ત્યાં રાખીને બધું શીખવતા.

કેટલાક શિષ્યો શ્રીમહાપ્રભુજીની સાથે જ આજીવ રહેતા હતા. આ શિષ્યો પરનિન્દા, દુરાચરણ કે પ્રભુસમ્બન્ધી ન હોય તેવી લૌકિક ચર્ચા તો નથી કરતા તેની તકેદારી રાખવા આપ નિયમિતપણે રાત્રે બે-ત્રણ વખત શિષ્યોની દેખ-રેખમાટે પધારતા. નાના અબોધ બાળકની ચિન્તા હર પળે જેમ માતાને

થયા કરતી હોય છે તેવી ચિન્તા ગુરુએ પોતાના શિષ્યોમાટે રાખવી જોઈએ એ આપના ચરિત્રથી સમજાય છે.

ગ્રન્થરચના :

ભગવાને પૃથ્વીપર અનેક અવતારો લઈને જીવોનો ઉદ્ધાર કર્યો. ભવિષ્યમાં પણ દૈવી જીવોનો ઉદ્ધાર થાય તે માટે પોતાના જ્ઞાનાવતાર શ્રીવેદવ્યાસજીરૂપે શ્રીભાગવત્‌ની રચના કરી. આ જ પ્રમાણે શ્રીવલ્લભાચાર્યે પણ પુષ્ટિજીવોને પ્રભુસેવા-સ્મરણનો માર્ગ દેખાડ્યો અને ભવિષ્યમાં પણ પુષ્ટિજીવો સુગમતાથી પુષ્ટિભક્તિમાર્ગનું અનુસરણ કરી શકે તે માટે અનેક ગ્રન્થોની રચના કરી. આપના ગ્રન્થોમાં મુખ્યત્વે :

ભાષ્ય :

બ્રહ્મસૂત્રભાષ્ય : બ્રહ્મ, જગત્, જીવ વગેરેનું સ્વરૂપ તથા સમ્બન્ધોનું નિરૂપણ કરતા વેદાન્ત-ઉપનિષદ્‌ના કઠિન વચનોને સમજાવવા શ્રીવેદવ્યાસજીદ્વારા રચિત સૂત્રાત્મક ગ્રન્થ.

મીમાંસાસૂત્રભાષ્ય : અગ્નિહોત્રાદિ કર્મ, કર્મફળ, મન્ત્ર, વિધિવાક્યો વગેરેનું નિરૂપણ કરતા વેદના પૂર્વ-કર્મકાણ્ડના કઠિન વચનોને સમજાવવા મહર્ષિ જૈમિનિદ્વારા રચિત સૂત્રાત્મક ગ્રન્થ.

ગાયત્રીમન્ત્ર : પરબ્રહ્મના સ્વરૂપનું જેમાં નિરૂપણ તથા સ્તુતિ છે તેમ જ બ્રહ્મચર્ય આશ્રમમાં પ્રવેશનાર બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્યને દીક્ષાના રૂપે જે મન્ત્ર આપવામાં આવે છે તે મન્ત્ર. આ મન્ત્ર 'ગાયત્રી'નામના છન્દમાં બનેલો હોવાથી તેને 'ગાયત્રીમન્ત્ર' નામે ઓળખાવામાં આવે છે.

વ્યાખ્યા : શ્રીભાગવતની 'સુબોધિની' વ્યાખ્યા.

સ્વતન્ત્ર : સ્વતન્ત્ર ગ્રન્થોમાં તત્ત્વાર્થદીપનિબન્ધ, ષોડશગ્રન્થો, પત્રાવલમ્બન વગેરે તથા

સ્તોત્ર : શ્રીમધુરાષ્ટક, શ્રીપુરુષોત્તમસહસ્રનામ, ત્રિવિધલીલાનામાવલી વગેરે.

તિરોધાન :

શ્રીવલ્લભાચાર્યના પ્રાકટ્યનું એક પ્રયોજન શ્રીભાગવત્‌ના સાચા અર્થને પ્રકટ કરવાનું પણ હતું. પરન્તુ ૧૮,૦૦૦ શ્લોકોમાં ફેલાયેલા શ્રીભાગવત્ પુરાણની વ્યાખ્યા લખવી, અને એ પણ સતત પર્યટન કરતાં, એ અત્યન્ત કઠિન કાર્ય હતું. આથી વ્યાખ્યા લખવાનું કાર્ય ધીરે-ધીરે થતું હતું. આ દરમ્યાન ત્રણ વખત શ્રીવલ્લભાચાર્યને સ્વધામમાં પાછા પધારવામાટે ભગવાને આજ્ઞા કરી. કાર્ય સમાપ્ત ન થયું હોવા છતાં, કલિયુગના જીવોમાટે આટલું પૂરતું છે એવું વિચારીને આપે

શ્રીભાગવત્‌ની વ્યાખ્યા લખવાનું બંધ કર્યું. ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને સંન્યાસાશ્રમ સ્વીકાર્યો. કાશીમાં ગંગાતટે નિર્જલ-નિરાહાર બિરાજી રથયાત્રાને દિવસે વિ.સં. ૧૫૮૭ માં પર વર્ષની વયે ગંગાજીમાં પ્રવેશ કરી આપ લોકમાં તિરોહિત થયા. આવા મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યમાટે બસ એટલું જ કહી શકાય :

શ્રીમદ્‌વલ્લભનામધેયસદૃશો ભાવિ ન ભૂતોઽસ્ત્યપિ

અર્થ : મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય જેવો બીજો ન કોઈ થયો હતો, ન છે કે ન થશે.

''આ કઠિન કાળમાં શ્રીવલ્લભ સિવાય મારો ઉદ્ધાર કરનાર કોઈ નથી'' આવી નિષ્ઠા આપણા અંદર જ્યાં સુધી ન જાગે અને શ્રીમહાપ્રભુજીએ ગ્રન્થોરૂપે પ્રકટ કરેલ સિદ્ધાન્ત-આજ્ઞાઓનું પાલન કરવાની તૈયારી જ્યાં સુધી ન હોય ત્યાં સુધી આ માર્ગમાં આવ્યા છતાં બધું નકામું જ છે.

વિશેષ વાંચન માટેના ગ્રન્થો :

શ્રીગોકુલનાથજી વિરચિત નિજવાર્તા, ઘરવાર્તા તથા ચૌરાસી વૈષ્ણવોની વાર્તા.

૨. શ્રીગોપીનાથપ્રભુચરણ

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યના મોટા પુત્રનું નામ શ્રીગોપીનાથજી હતું. આપની પ્રભુસેવા તથા પ્રભુનામસ્મરણ માં તત્પરતા તો જગપ્રસિદ્ધ છે. વિદ્યા તથા વ્યવહાર માં પણ આપ કુશળ હતા. વીસ વર્ષની વય પહેલાં જ આપે સર્વ શાસ્ત્રોનું અધ્યયન સમાપ્ત કરી લીધું હતું. જ્યારે આપ વીસ વર્ષની વયના હતા ત્યારે શ્રીવલ્લભાચાર્ય ભૂતલ છોડી સ્વધામમાં પધાર્યા. આટલી નાની વયે પણ આપે સમ્પ્રદાયની સમ્પૂર્ણ જવાબદારી સંભાળી લીધી.

શ્રીવલ્લભાચાર્યએ પુષ્ટિભક્તિમાર્ગના તત્ત્વ, સિદ્ધાન્ત તથા ફળ પક્ષોને સમજાવવામાટે અનેક ગ્રન્થોની રચના કરી હતી પરન્તુ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે પોતાના વર્ણ તેમજ આશ્રમ ના ધર્મોનું પાલન કરતાં-કરતાં દૈનિક જીવનને કઈ રીતે સેવા-સ્મરણમય બનાવવું ખાસ તેના માર્ગદર્શનમાટે કોઈ સ્વતન્ત્ર ગ્રન્થની રચના કરી ન હતી. આ અત્યન્ત મહત્ત્વપૂર્ણ કાર્યને શ્રીગોપીનાથપ્રભુચરણએ 'સાધનદીપિકા' નામના લઘુગ્રન્થની રચનાદ્વારા પૂર્ણ કર્યું.

સાધનદીપિકા :

પ્રભુની સેવા એ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવનો એકમાત્ર ધર્મ છે. જેમ માતા પુત્રના લાલન-પાલનદ્વારા પોતાનો સ્નેહભાવ દર્શાવતી હોય છે અથવા તો જેમ કોઈ સેવક જીવનભર પોતાના સ્વામીની ચાકરીદ્વારા પોતાનો આદર અને સ્નેહ ભાવ દર્શાવતો હોય છે તેમ ભક્ત પ્રભુ પ્રત્યેના પોતાના સ્નેહભાવને સેવા-સ્મરણદ્વારા વાચા આપતો હોય છે. સ્નેહને જો જાહેરમાં પ્રદર્શિત કરવામાં આવે તો પછી એ ભાવ નથી રહી જતો. જેમ કોઈ સ્ત્રી પોતાના પતિમાટેના પોતાના સ્નેહભાવને ગામના ચોરે જાહેર કરતી ફરતી હોય તો આપણે તેને 'ભવાડો' કહેતા હોઈએ છીએ. તેવી જ રીતે પ્રભુ પ્રત્યેના સ્નેહભાવને કે સેવ્યસ્વરૂપને જો કોઈ જાહેરમાં પ્રદર્શિત કરે છે તો પછી એ ભક્તિ ન રહી જઈને ભવાડો બની જાય છે. આથી શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે વૈષ્ણવે તથા ગુરૂએ પણ પ્રભુસેવાને કોઈ જાણે કે જુએ નહીં તેવી ગુપ્ત રીતે કરવી જોઈએ. જેમ માતા પોતાના બાળકને ધવડાવતી વખતે સાડીના છેડાથી ઢાંકી દેતી હોય છે તેમ પુષ્ટિમાર્ગીએ પણ ભક્તિભાવ તેમજ ભગવત્‌ સ્વરૂપને પોતાના લૌકિક-વૈદિક બાહ્ય આચરણોની આડમાં છુપાવીને પોતાના ઘરમાં જ સેવા કરવી જોઈએ. આ પ્રમાણે સેવા

કરવાથી જ તેનું મન પ્રભુમાં પરોવાઈ શકે છે. નહીં તો હૃદયમાં રહેલો થોડો-ઘણો જે ભક્તિભાવ હશે તે પણ ચાલ્યો જશે. શાસ્ત્રમાં પણ કહેવામાં આવ્યું છે :

''ધર્મઃ ક્ષરતિ કીર્તનાત્''

અર્થ : પોતે આચરેલા ધર્મને જો જાહેર કરવામાં આવે તો તેનું ફળ નષ્ટ થઈ જાય છે.

ગ્રન્થરચના :

શ્રીવલ્લભાચાર્યનો આ સિદ્ધાન્ત દીવા જેવો સ્પષ્ટ હોવા છતાં તેનો અમલ કેવી રીતે કરવો એનું ભાન બધાને થાય તે માટે શ્રીગોપીનાથપ્રભુચરણે 'સાધનદીપિકા' ગ્રન્થની રચના કરી. આ ગ્રન્થમાં આપે નિરૂપેલ ઉપદેશોને જો જીવનમાં ઉતારવામાં આવે તો સાચા અર્થમાં પુષ્ટિમાર્ગી વૈષ્ણવ બની શકાય. શ્રીગોપીનાથપ્રભુચરણના કેટલાક ઉપદેશોને આપણે હવે જોઈએ.

- એક માત્ર મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યના આદેશો જ સર્વોચ્ચ પ્રમાણ છે.
- સર્વનું મૂળ એવા શ્રીકૃષ્ણની સેવા કરવી.
- કૃષ્ણભક્તિને અનુકુળ બને તે રીતે પોતાના વર્ણાશ્રમધર્મોનું આચરણ કરવું.
- ક્ષણ માત્ર પણ જો પ્રભુના સ્મરણ વિનાની જાય તો પ્રભુથી દૂર થઈ જવાય છે.
- સદ્‌ગુરુની કૃપા, સત્સંગ અને શ્રીભાગવત્‌ના અભ્યાસ સિવાય ભક્તિ થતી નથી.
- સદ્‌ગુરુમાં આદર રાખવો.
- તત્ત્વવિચાર-શુદ્ધિ-શ્રદ્ધા-સત્ય-દયા-દાન તથા ઈન્દ્રિયસંયમ પૂર્વક જો પ્રભુના સેવા-સ્મરણ કરવામાં આવે તો ભક્તિ જલ્દી પ્રાપ્ત થાય છે.
- વસ્તુના દોષોનું ચિન્તન, ઈન્દ્રિયસંયમ અને પ્રાપ્ત વસ્તુમાં સન્તોષ એ ત્રણ વૈરાગ્ય કેળવવાના ઉપાયો છે.
- પ્રભુથી વિમુખ ન થવાય તેની સાવધાની સદા રાખવી.
- લૌકિક અહન્તા-મમતા ભક્તિમાં કનડગત કરનારી છે.
- અવૈષ્ણવનો સંગ ન કરવો.
- પ્રભુને સમર્પિત વસ્તુથી જ સર્વ લૌકિક-વૈદિક કાર્યો કરવા.
- અતિથિ, દીન-દુઃખીનો સત્કાર કરવો.
- પ્રભુની સેવા તથા સામગ્રીનું પ્રદર્શન ન કરવું.

- અત્યન્ત આત્મીય (આત્મીય હોય પણ વૈષ્ણવ ન હોય અને વૈષ્ણવ હોય પણ આત્મીય ન હોય તેવા બન્ને પ્રકારનાઓને પોતાના સેવ્યપ્રભુના દર્શન ન કરાવી શકાય.) વૈષ્ણવ હોય તેને જ પોતાના સેવ્ય પ્રભુના દર્શન કરાવવા.
- સેવાના અનવસરમાં (પ્રભુસેવા જે સમયમાં થતી હોય તે સિવાયના સમયને સમ્પ્રદાયમાં 'અનવસર' કહેવામાં આવે છે) શ્રીભાગવત્‌નો અભ્યાસ કરવો.

સેવાશ્લોક :

આ ઉપરાન્ત આપે નિત્ય તેમજ ઉત્સવ ની ભગવત્સેવાના સમયે તે-તે સેવાની શુદ્ધ પુષ્ટિમાર્ગીય ભાવનાઓને અભિવ્યક્ત કરનારા 'સેવાશ્લોકો'ની પણ રચના કરી છે.

સૌન્દર્યપદ્ય :

શ્રીમહાપ્રભુજીના પુષ્ટિભાવાત્મક સ્વરૂપની સ્તુતિ તરીકે આપે રચેલ 'સૌન્દર્યપદ્ય' થી ભાગ્યે કોઈ પુષ્ટિમાર્ગી અજાણ હશે.

તિરોધાન :

શ્રીગોપીનાથપ્રભુચરણ યાત્રા કરતાં (સવંત્ ૧૫૯૬ માં) એક વખત શ્રીજગન્નાથપુરી પધાર્યા. ત્યાં શ્રીજગન્નાથરાયજીના દર્શન કરતાં-કરતાં શ્રીજગન્નાથજીના સ્વરૂપમાં જ આપ લીન થઈ ગયા. આપ ભૂતલ પર ૩૦ વર્ષ બિરાજ્યા.

વિશેષવાંચન માટેના ગ્રન્થો :

શ્રીગોકુલનાથજી વિરચિત નિજવાર્તા, ઘસ્વાર્તા તથા ચૌરાસી વૈષ્ણવોની વાર્તા.

૩. શ્રીવિટ્ઠલનાથપ્રભુચરણ

શ્રીવલ્લભાચાર્યના નાના પુત્રનું નામ 'શ્રીવિટ્ઠલનાથજી' હતું. આપને સમ્પ્રદાયમાં 'શ્રીગુસાંઈજી', 'શ્રીપ્રભુચરણ' જેવા નામોથી પણ સમ્બોધવામાં આવે છે. આપનો જન્મ વિ. સં. ૧૫૭૨ (ઈ. સ. ૧૫૧૬)માં ચરણાદ્રિ (ચરણાટ) માં થયો હતો. નાનપણથી જ આપમાં અલૌકિક પ્રતિભાના દર્શન થતા હતા. આપ જ્યારે માત્ર ૧૫ વર્ષના હતા ત્યારે શ્રીવલ્લભાચાર્ય તિરોહિત થયા. જ્યેષ્ઠ ભ્રાતા શ્રીગોપીનાથપ્રભુચરણ પ્રત્યે આપને ઉત્કટ પ્રેમ તેમજ આદરભાવ હોવાથી બધા કાર્યો આપ શ્રીગોપીનાથપ્રભુચરણની આજ્ઞા લઈને જ કરતા.

દિવ્યત્યાગ :

આપને નાનપણથી જ સંગીત, ચિત્ર, ઘોડેસવારી વગેરેનો ખુબ શોખ હતો. પ્રભુના જાગતા પહેલા આપ નિયમપૂર્વક વીણા બજાવતા. વીણાના તાર ઉપર આંગળીઓ ઘસાવાથી તે કઠોર બની ગઈ હતી. આવી કઠોર આંગળીઓના સ્પર્શથી પ્રભુને શ્રમ થશે. પ્રભુના સુખ સામે બધું તુચ્છ છે. આપે તે જ દિવસથી વીણા બજાવવાનું બંધ કર્યું.

એક સમયે આપ શ્રીઠાકોરજીને શૃંગાર ધરાવી રહ્યા હતા. એ સમયે આપનો એક શિષ્ય બહાર ગામથી આપની ભેટનું દ્રવ્ય લઈને આવ્યો. સિક્કાઓના થેલાને બહાર ઠાલવતાં મોટો અવાજ થયો. આને કારણે ક્ષણવાર માટે આપનું ચિત્ત પ્રભુમાંથી હટી ગયું. જે દ્રવ્યના અવાજમાત્રથી જો મન પ્રભુમાંથી હટી જતું હોય તો એના ઉપયોગથી શું નહીં થાય! આમ વિચારી આપે ભેટના એ સમસ્ત દ્રવ્યને શ્રીયમુનાજીમાં નખાવી દીધું.

સર્વસમર્પણ માટે સેવાક્રમનો વિસ્તાર :

પુષ્ટિભક્તિમાર્ગ એ સર્વસ્વના સમર્પણનો માર્ગ છે. 'તત્ત્વાર્થદીપનિબન્ધ' ગ્રન્થમાં શ્રીવલ્લભાચાર્ય આજ્ઞા કરે છે :

ધનં સર્વાત્મના ત્યાજ્યં તચ્ચેત્ ત્યક્તું ન શક્યતે।
કૃષ્ણાર્થં તન્ નિયુંજીત કૃષ્ણોઽનર્થસ્ય વારકઃ।।

અર્થ : ધન ભક્તના મનને પ્રભુથી દૂર લઈ જવાવાળું હોવાથી તે દરેક રીતે ત્યજવા યોગ્ય છે. પરન્તુ જો ધનનો ત્યાગ કરવો શક્ય ન હોય તો તેને પ્રભુસેવામાં

વાપરવું જોઈએ. તેમ કરવાથી ધનને કારણે થતાં અનર્થોને પ્રભુ દૂર કરી આપે છે.

વૈષ્ણવ 'આત્મનિવેદનદીક્ષા'દ્વારા પોતાના દેહ, પરિવાર, ઘર, સમ્પત્તિ વગેરે સર્વ વસ્તુનું પ્રભુની સેવામાટે પ્રભુને નિવેદન કરતો હોય છે. હવે જો તે પોતાની [૧] નિવેદિત સર્વ વસ્તુનું [૨] સમર્પણ પ્રભુસેવામાં નથી કરતો તો એને પ્રભુની સામે હાથમાં તુલસીપત્ર લઈને કરેલ સર્વસમર્પણની પ્રતિજ્ઞાનું પાલન નહીં કરવાનો અપરાધ લાગે છે. બ્રહ્મસમ્બન્ધ લેનારને આ અપરાધ ન લાગે અને એ પોતાના સેવકધર્મનું પાલન કરી શકે એવા હેતુથી શ્રીવલ્લભાચાર્યએ સર્વસ્વ-સમર્પણપૂર્વક ગૃહસેવાનો માર્ગ દેખાડ્યો. પરન્તુ જો ઘર-પરિવાર હશે તો ધનની જરૂર પડશે અને ધનનો સંગ્રહ તો હાનિકારક છે. તો હવે શું કરવું? આ સમસ્યાના ઉકેલરૂપે શ્રીવિટ્ઠલનાથજીએ સેવાના ક્રમમાં ભોગ-રાગ-શૃંગારના વૈભવપૂર્ણ વિનિયોગવાળી સેવાનો પ્રકાર પ્રકટાવ્યો કે જેથી પોતાના ઘરમાં બિરાજતા સેવ્યપ્રભુને તે સ્વનિવેદિત ધનનું સમર્પણ થઈ શકે.

જીવમાત્ર પર દયા :

શ્રીગુસાંઈજીના શિષ્ય શ્રીનારાયણદાસ બાદશાહના દીવાન હતા. એક સમયે 'શ્રીવિટ્ઠલદાસ'નામના વૈષ્ણવને શ્રીનારાયણદાસે પોતાના હાથ નીચે નોકરીમાં રાખ્યા. વૈષ્ણવતા જણાવીને જો નોકરી મેળવે તો પોતાનો ધર્મ વેચ્યો ગણાય એમ વિચારીને શ્રીવિટ્ઠલદાસે પોતે વૈષ્ણવ છે એવું ક્યારે પણ કહ્યું નહીં. એક સમયે રાજ્યકાર્યમાં શ્રીવિટ્ઠલદાસની ભૂલ થઈ. શ્રીનારાયણદાસે એમને જેલમાં પૂર્યા. દંડના પૈસા ચૂકવી ન શકવાને કારણે નારાયણદાસે એમને સો કોરડા ફટકારવાની સજા કરી. આ ઘટનાના થોડા દિવસ પછી શ્રીવિટ્ઠલનાથજીનું બાજુના ગામમાં પધારવાનું થયું. તે સમયે નારાયણદાસ અને વિટ્ઠલદાસ બન્ને અકસ્માત્ શ્રીગુસાંઈજીની સન્મુખ ભેગા થઈ ગયાં. મહાપ્રસાદ લેતી વખતે શ્રીગુસાંઈજીએ વિટ્ઠલદાસના શરીર ઉપર કોરડાના નિશાન જોયા. કારણ પૂછતાં એમણે પૂરી ઘટના કહી સંભળાવી. આ સાંભળીને શ્રીગુસાંઈજીએ નારાયણદાસને ઠપકો આપતાં કહ્યું ''તેં આને વૈષ્ણવ ન જાણ્યો તો શું થયું, જીવ છે એટલું તો જાણતો હતો!

૧. નિવેદિત : બ્રહ્મસમ્બન્ધ વડે પ્રભુસેવા માટે પ્રભુને નિવેદન કર્યા (જણાવ્યા) બાદ આપણા દેહ-ઘર-ધન વગેરે બધી વસ્તુને 'નિવેદિત' એટલે કે જેનું નિવેદન થઈ ચુક્યું છે તેવી, કહેવામાં આવે છે.

૨. સમર્પણ : નિવેદિત વસ્તુનો પોતાના ઘરમાં બિરાજતા સેવ્યપ્રભુની સેવાના કાર્યોમાં ઉપયોગ કરવો તેને 'સમર્પણ' કે 'વિનિયોગ' કર્યો કહેવામાં આવે છે.

વૈષ્ણવને આવી નિર્દયતા ન શોભે. વૈષ્ણવે જીવમાત્ર પર દયા રાખવી જોઈએ''.

ગ્રન્થરચના :

પુષ્ટિભક્તિમાર્ગીય સિદ્ધાન્તોની સાચી સમજ પોતાના વંશજોને તથા વૈષ્ણવોને મળે તે માટે શ્રીવિટ્ઠલનાથજીએ *ભક્તિહંસ, ભક્તિહેતુનિર્ણય, વિદ્વન્મણ્ડન, ગીતાતાત્પર્યનિરૂપણ* વગેરે અનેક સ્વતન્ત્ર ગ્રન્થોની રચના કરી હતી.

શ્રીવલ્લભાચાર્યએ લખેલ બ્રહ્મસૂત્ર પરનું ભાષ્ય સમ્પૂર્ણ મળતું ન હોવાથી બાકીના સૂત્રોપર ભાષ્ય લખીને આપે તેને પૂર્ણ કર્યું.

શ્રીવલ્લભાચાર્યની લેખનશૈલી ઓછા શબ્દોમાં ઘણું કહેવાની છે. આ કારણે શ્રીવલ્લભાચાર્યના વચનોનો કોઈ ખોટો અર્થ ન કાઢી લે તેવા આશયથી આપે શ્રીવલ્લભાચાર્યના કેટલાક ગ્રન્થોપર વ્યાખ્યા પણ લખી છે.

સ્તુતિગ્રન્થોમાં શ્રીવલ્લભાચાર્યના સમ્પૂર્ણ ચરિત્રનું નિરૂપણ કરતાં શ્રીગુસાંઈજી વિરચિત *'શ્રીસર્વોત્તમસ્તોત્ર'* થી ભાગ્યે જ કોઈ પુષ્ટિભક્તિમાર્ગી અજાણ હશે. આ સિવાય *શ્રીવલ્લભાષ્ટક, શ્રીયમુનાષ્ટપદી, શ્રીગોકુલાષ્ટક* વગેરે અનેક સ્તોત્ર ગ્રન્થોની આપે રચના કરી.

પ્રચારયાત્રા :

ગ્રન્થલેખનની સાથોસાથ ઠેર-ઠેર રહેલા પુષ્ટિજીવોને પુષ્ટિભક્તિનો માર્ગ દેખાડવા આપે નિરન્તર પ્રવાસ કર્યો. રથ કે ગાડા સિવાય યાત્રાના બીજા કોઈ સાધનો તે વખતે ઉપલબ્ધ ન હતા. આવી પરિસ્થિતિમાં પણ આપ છ-છ વખત છેક વ્રજથી ગુજરાતને છેવાડે આવેલ દ્વારકા પધાર્યા હતા. ગિરિરાજ પર્વતમાંથી પ્રકટ થયેલ શ્રીગોવર્ધનનાથજીને જેમ શ્રીવલ્લભાચાર્યએ ભગવદ્આજ્ઞાથી દેવાલયમાં પધારાવ્યા હતા તેમ, દ્વારકા પાસેના લાડવા ગામમાં આવેલ એક કૂવામાંથી પ્રકટેલ, હાલ બેટ શંખોદ્ધારમાં બિરાજતા, શ્રીદ્વારકાધીશ પ્રભુને પણ આપેજ પ્રભુની આજ્ઞાથી તે સમયે દ્વારકાના જગન્મન્દિરમાં પધરાવ્યા હતા. શ્રીવલ્લભાચાર્યના શ્રીદ્વારકાધીશ સાથેના સ્નેહસમ્બન્ધને કારણે શ્રીવિટ્ઠલનાથજીને શ્રીદ્વારકાધીશપ્રભુ પ્રત્યે પણ શ્રીનાથજી જેટલો જ લગાવ હતો. આ કારણ હતું

આપના વારંવાર દ્વારકા પધારવાનું. આ યાત્રાઓ દરમ્યાન અનેક દૈવી જીવોને આપે શરણે લીધા.

આપના શિષ્યોમાં સમાજના દરેક વર્ગ-સમુદાયના લોકો હતા. ઠગ, ચોર, વેશ્યા, પારધી, માછીમાર જેવા વર્ગના લોકોને પણ શરણે લઈને આપે તેઓને પુષ્ટિભક્તિના માર્ગે વાળ્યા હતા. પૂર્વજન્મના કોઈક અપરાધને કારણે મ્લેચ્છ, પઠાણ જેવી જ્ઞાતિમાં જન્મેલા પુષ્ટિજીવોને શરણે લઈને તેઓનો આપે ઉદ્ધાર કર્યો હતો. આપના તેજસ્વી ચરિત્રને ''બસો બાવન વૈષ્ણવોની વાર્તા'' તેમજ ભગવદીયોના ધોળ-કીર્તન વગેરેમાં સવિસ્તર જોઈ શકાય છે.

તિરોધાન :

શ્રીવિટ્ઠલનાથજીએ પોતાની ૭૨ વર્ષની ભૂતળપરની ઉપસ્થિતિમાં શ્રીવલ્લભાચાર્યદ્વારા પ્રવર્તિત પુષ્ટિભક્તિમાર્ગના સર્વતોમુખી ઉત્કર્ષમાટે સતત પરિશ્રમ કર્યો. પૃથ્વીપર પોતાનું કાર્ય સમાપ્ત થયું છે તેવું જાણીને શ્રીગિરિરાજ પર્વતની કન્દરામાં પ્રવેશીને આપ તિરોહિત થયા.

વિશેષ વાંચન માટેના ગ્રન્થો :

શ્રીગોકુલનાથજી વિરચિત ચોરાસી વૈષ્ણવની વાર્તા તથા ૨૫૨ વૈષ્ણવોની વાર્તા.
ગો.શ્રીકિશોરચન્દ્રજી (જુનાગઢ) દ્વારા સમ્પાદિત ''જયતુ શ્રીદ્વારિકાધીશઃ''.

શ્રીયમુનાજી

ભક્તોદ્ધારમાટે પ્રાકટ્ય :

જે જીવોમાં પ્રભુએ પુષ્ટિભાવ મૂક્યો છે એવા જીવોના ભક્તિભાવને વધારવામાટે શ્રીયમુનાજીનું ભૂતળ પર આગમન છે. શ્રીવલ્લભાચાર્ય તેથી જ 'શ્રીયમુનાષ્ટકમ્' સ્તોત્રમાં લખે છે કે શ્રીયમુનાજી 'ભુવનપાવનીમ્' છે. એટલે કે શ્રીયમુનાજી પૃથ્વીને પાવન કરનારા છે. અહીં શ્રીવલ્લભાચાર્યના આશયને સ્પષ્ટ કરતાં શ્રીહરિરાયચરણ લખે છે કે 'ભુવન = પુષ્ટિજીવોના દેહરૂપી ભુવનને પાવન કરનારા શ્રીયમુનાજી છે. આથી જ કોઈ અજ્ઞાની પુષ્ટિજીવ પણ જો લૌકિક કે પારલૌકિક કામના રાખ્યા વિના શ્રદ્ધાપૂર્વક શ્રીયમુનાજીનું સ્નાન-પાન કરે છે તો અનન્ત ગુણોવાળા શ્રીયમુનાજી એને ચોક્કસ શ્રીકૃષ્ણની ભક્તિ આપે છે.

માહાત્મ્ય :

અવતાર સમયે શ્રીકૃષ્ણ ભગવાને કરેલી અનેક અલૌકિક લીલઓના સાક્ષી શ્રીયમુનાજી છે. તે સમયે પ્રભુએ શ્રીયમુનાજળના સ્નાન-પાનદ્વારા કરેલ સ્પર્શને કારણે, ભગવત્કૃપાવાળા ભક્તોને તો શ્રીયમુનાજળનો સ્પર્શ કરવાથી સાક્ષાત્ શ્રીકૃષ્ણના સ્પર્શની જ લાગણી થાય છે. પ્રભુના ચરણોના સ્પર્શને કારણે યમુનાકિનારાની રજ પણ એટલી મહાત્મ્યવાળી છે કે તે રજના સ્પર્શથી પણ આપણી અંદર રહેલા ભક્તિવિરોધી ભાવો દૂર થઈ જાય છે.

ઐશ્વર્ય :

ભગવાન્ શ્રીકૃષ્ણે શ્રીયમુનાજીને પોતાના સમાન ગુણધર્મોવાળા બનાવ્યા છે. આથી શ્રીયમુનાજીમાં રહેલા પુષ્ટિભક્તિમાં સહાયક થનારા ઐશ્વર્ય (માહાત્મ્ય, ભક્તિ) ને મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યે 'શ્રીયમુનાષ્ટક' સ્તોત્રમાં વર્ણવ્યા છે.

૧. શ્રીયમુનાજી દરેક પ્રકારની પુષ્ટિભક્તિમાર્ગીય સિદ્ધિઓ આપનારા છે.
૨. આપ ભગવાન્માં ભક્તની ભક્તિ વધારનારા છે.
૩. પુષ્ટિજીવ અને ભગવાન્ ના સમ્બન્ધ વચ્ચે આવતા તમામ વિઘ્નોને આપ દૂર કરનારા છે.
૪. શ્રીયમુનાજી તથા ભગવાન્ શ્રીકૃષ્ણના ગુણધર્મો સમાન હોવાથી શ્રીયમુનાજી પ્રભુ સાથે જીવનો સમ્બન્ધ સરળતાથી જોડી આપે છે.
૫. પ્રભુના પ્રિય જીવોમાં કળિકાળને કારણે પ્રવેશેલા દોષોને દૂર કરનારા છે.

૬. આપના સેવનથી વ્રજભક્તોએ જે પ્રભુની પ્રિયતા મેળવી હતી તેમ પુષ્ટિજીવો પણ આપના સેવનથી પ્રભુની પ્રિયતા મેળવી શકે છે.
૭. શ્રીયમુનાજી પુષ્ટિજીવોના દેહને કૃષ્ણસેવામાં ઉપયોગી એવા નૂતન બનાવનારા છે.
૮. શ્રીયમુનાજીનો સ્પર્શ એ પ્રભુના સ્પર્શ સમાન છે.

પુષ્ટિજીવોમાં ભગવાને પુષ્ટિભક્તિભાવનું સ્થાપન કર્યું હોવા છતાં જ્યાં સુધી તે જીવમાંના ભક્તિભાવને પ્રકટ કરવાની ઈચ્છા ભગવાન્ કરતા નથી ત્યાં સુધી જીવમાં રહેલો ભક્તિભાવ પ્રકટ થતો કે વધતો નથી. આવી કૃપા ભગવાન્ ક્યારેક જાતે કરે છે અથવા તો ગુરુ, ભક્ત કે શ્રીયમુનાજી વડે પણ ક્યારે કરાવતા હોય છે. જેમ બાળક પોતાની માતાને રીઝવીને પોતાના પિતાની પ્રસન્નતા મેળવતો હોય છે તેમ પુષ્ટિજીવોની માતા સમાન શ્રીયમુનાજીને રીઝવીને પરમપિતા પરમાત્મા શ્રીકૃષ્ણની પ્રસન્નતા પુષ્ટિજીવ પણ મેળવી શકે છે. આથી શ્રીઆચાર્યચરણ 'શ્રીયમુનાષ્ટક' સ્તોત્રમાં સ્તુતિ કરતાં લખે છે :

અનન્તગુણભૂષિતે શિવવિરઞ્ચિદેવસ્તુતે ।
ઘનાઘનનિભે સદા ધ્રુવપરાશરાભીષ્ટદે ।।
વિશુદ્ધમથુરાતટે સકલગોપગોપીવૃતે ।
કૃપાજલધિસંશ્રિતે મમ મનઃ સુખં ભાવય ।।

ભાવાર્થ : શ્રીયમુનાજી અનન્ત ગુણોવાળા છે. શિવ, બ્રહ્મા વગેરે દેવતાઓ પણ શ્રીકૃષ્ણના દર્શનની લાલસાથી આપની સ્તુતિ કરે છે. વર્ષા ઋતુમાં ઘેરાતા શ્યામ વાદળો જેવા શ્રીયમુનાજી તેમના તટ ઊપર તપસ્યા કરનારા ધ્રુવ-પરાશર જેવા તપસ્વીઓને હંમેશા મનોવાઞ્છિત ફળ આપનારા છે. પવિત્ર મથુરા નગરી જેના તટપર વસેલી છે એવા શ્રીયમુનાજી અનેક વ્રજભક્તોથી ઘેરાયેલા રહે છે. કૃપાસાગર શ્રીકૃષ્ણને મળવાવાળા હે શ્રીયમુનાજી ! મારા મનને સુખ(કૃષ્ણભક્તિ) થાય એવું કરો !

વિશેષ વાંચન માટેના ગ્રન્થો :
ષોડશગ્રન્થમાંનો 'શ્રીયમુનાષ્ટક' ગ્રન્થ.

૫. શ્રીકૃષ્ણ

આસુરી જીવોને પ્રભુસ્વરૂપનું જ્ઞાન નથી થતું :

જે જીવોને ભગવાન્ ભક્તિ કે [૧]મુક્તિ આપવા નથી ઇચ્છતા તે જીવોને 'આસુરી' કે 'પ્રવાહી' સૃષ્ટિના કહેવામાં આવે છે. જ્યારે જે જીવોને ભગવાન્ ભક્તિ કે મુક્તિ આપવા ઇચ્છે છે તેઓ દૈવી સૃષ્ટિના કહેવામાં આવે છે. ભગવાન્ શ્રીકૃષ્ણ ગીતામાં આજ્ઞા કરે છે :

> ''આસુરી સૃષ્ટિના જીવો મારા પરબ્રહ્મ પુરુષોત્તમ સ્વરૂપને જાણી શકતા નથી. મનુષ્યદેહ વડે હું પ્રકટ થયો હોવાથી તેઓ મને માત્ર મનુષ્ટ કે મહામાનવ સમજે છે. મારા ખરા સ્વરૂપને જાણતા ન હોવાથી જ મારી શક્તિ [૨]અવિદ્યા-માયાથી અજ્ઞાની બનેલા, દુષ્ટ કર્મો કરવાવાળા, મૂઢ, અધમ આસુરી લોકો મારો આશ્રય કરતા નથી''.

પ્રભુ અજ્ઞાન દૂર કરે તો પ્રભુસ્વરૂપનું જ્ઞાન થાય :

શ્રીકૃષ્ણનું સ્વરૂપ અને ચરિત્ર જ એવા છે કે તેને સમજવામાં આસુરી જીવો તો શું મોટા-મોટા જ્ઞાનીઓ તથા દેવરાજ ઇન્દ્ર જેવા દેવતાઓ પણ થાપ ખાઈ જતા હોય છે. ભગવાનનું સ્વરૂપ શા માટે નથી સમજાતું એ પ્રશ્નનો ઉત્તર ભગવાન્ ગીતામાં આપે છે :

> ''હું જે જીવોને મારા સ્વરૂપનું જ્ઞાન કરાવવા નથી ઇચ્છતો તેમની બુદ્ધિને મારી અવિદ્યા-શક્તિથી ઢાંકી દઉં છું. આથી આવા અજ્ઞાની લોકો મારા સ્વરૂપને જાણી શકતા નથી''.

આંખ આગળથી જેમ-જેમ અને જેટલા વાદળાં ખસતાં જાય છે તેમ-તેમ અને તેટલો સૂર્ય જોઈ શકાય છે. ભગવાન્ પણ જે લોકોનું જેટલું અજ્ઞાન દૂર કરે છે, ભગવાન્નું તેટલું જ સ્વરૂપ તે લોકો જાણી શકે છે.

શ્રીનન્દરાયજી તથા સર્વે વ્રજવાસીઓ દર વર્ષે ઇન્દ્રની પૂજા કરતાં. આથી ઇન્દ્રને અભિમાન આવી ગયું. ભગવાનને થયું કે દેવોનો પણ દેવ એવો હું

---

૧. જન્મમરણના ફેરામાંથી છૂટવું.

૨. ભગવાનની એક શક્તિ, જેને કારણે જીવને અજ્ઞાન થાય છે.)

ખુદ જ્યારે વ્રજમાં બિરાજું છું ત્યારે વ્રજવાસીઓ મારો આશ્રય છોડીને અન્ય દેવનો આશ્રય કરે છે ! વ્રજવાસીઓનો અન્યાશ્રય છોડાવવો જ પડશે એવું ભગવાને નક્કી કર્યું.

ઇન્દ્રપૂજાની તૈયારી કરતા વ્રજવાસીઓને શ્રીકૃષ્ણે સમજાવ્યા કે વન-વગડામાં રહેનારા ગોપાલકોનું સાચું ધન તો ગોધન છે. ગોપાલકોનું ગુજરાન તો વન અને ગાયો વડેજ ચાલે છે. ગાયો અને વનો વરસાદથી સમૃદ્ધ બને છે. અને એ વરસાદ તો ગિરિરાજ પર્વતને કારણે પડે છે. કારણ કે ગિરિરાજ પર્વત જ વાદળોને આગળ જતાં અટકાવે છે. તેથી વ્રજવાસીઓએ જો પૂજા કરવી જ હોય તો ગોવર્ધન પર્વતની કરવી જોઈએ. વ્રજવાસીઓને ગળે શ્રીકૃષ્ણની વાત ઉતરી ગઈ. શ્રીકૃષ્ણના માર્ગદર્શન હેઠળ ગોવર્ધનપૂજાની તૈયારી થવા લાગી. ઇન્દ્રને આ સમચાર મળતાં એ તો રાતો-પીળો થઈ ગયો. પોતાના અનુચર મેઘોને એણે આદેશ આપ્યો :

> ''હું જ ઈશ્વર છું. એક સામાન્ય અભિમાની મનુષ્યબાળક એવા શ્રીકૃષ્ણની વાતોમાં આવી જઈને આ વ્રજવાસીઓ મારું અપમાન કરી રહ્યા છે! નાશ કરીદો આખા વ્રજનો!''

ઇન્દ્રનો આદેશ મળતાં મેઘો તો કડાકા-ભડાકા સાથે વ્રજ પર મૂશળધાર વરસાદ વરસાવવા લાગ્યા. આખું વ્રજ જળબંબાકાર થઈ ગયું. અસહાય વ્રજવાસીઓ દીનાનાથ ભગવાન્ શ્રીકૃષ્ણના શરણે જઈ વ્રજને બચાવવા પ્રાર્થના કરવા લાગ્યા. પ્રભુને લાગ્યું કે હવે વ્રજવાસીઓનો અન્યાશ્રય સમ્પૂર્ણપણે છૂટી ગયો છે. હવે તેઓનો એક આશ્રય દઢ થઈ ગયો છે. એટલે શરણાગતવત્સલ ભગવાને વ્રજવાસીઓને બચાવવા તથા ઇન્દ્રના ગર્વને તોડવા, જેમ કોઈ નાનું બાળક વિના મહેનતે છત્રીને ઉપાડીલે તેમ, વિશાળ ગોવર્ધન પર્વતને એક હાથપર ઉઠાવી લીધો. બધા વ્રજવાસીઓ પોતાની ગાયો, બાળકો, ઘરવખરી વગેરે લઈને પર્વતની નીચે આવી ગયા. ઇન્દ્રે સાત-સાત દિવસ સુધી વરસાદ વરસાવ્યો પરન્તુ શ્રીકૃષ્ણની છત્રછાયામાં વ્રજ સુરક્ષિત હતું. અન્તે ઇન્દ્રને શ્રીકૃષ્ણના અસલી સ્વરૂપનું ભાન થયું. પ્રભુના ચરણસ્પર્શ કરી પોતાના કુકર્મની એણે માફી માંગી. ભગવાને ઇન્દ્રને માફ કરતાં આજ્ઞા કરી :

> ''ક્ષુદ્ર ઐશ્વર્ય અને ધન-સમ્પત્તિ ના અહંકારથી આંધળો બનેલો માણસ એ નથી જોઈ શકતો કે હું (શ્રીકૃષ્ણ) શિક્ષા કરવા દંડ લઈને ઉભો છું. પરન્તુ જેના પર હું કૃપા કરવા માંગુ છું તેની બુદ્ધિ બગાડનારી સમ્પત્તિને હું ધીરે-ધીરે હરી લઉં છું. તારો ગર્વ

દૂર થયો. હવે અભિમાન રાખ્યા વિના મારી આજ્ઞા પ્રમાણે સ્વર્ગલોકનું શાસન કર''.

આ પ્રમાણે આપણે જોયું કે દૈવી જીવોને પણ ક્યારેક લોભ, મોહ, ઈર્ષ્યા, અહંકાર, ક્રોધ, કામ જેવા આસુરી ભાવોના આવેશને કારણે ભગવાનના સ્વરૂપ અને લીલા નું જ્ઞાન થતું નથી હોતું. ભગવાન્ તેથીજ ગીતામાં આજ્ઞા કરે છે :

''હજારો મનુષ્યોમાં અમુક જ મનુષ્યો સિદ્ધિ મેળવવા પ્રયત્ન કરે છે. અને પ્રયત્ન કરનારાઓમાંથી પણ કોઈક જ મારા સાચા સ્વરૂપને જાણી શકે છે''.

પ્રભુસ્વરૂપનું જ્ઞાન અને પ્રાપ્તિ ભક્તિથી જ :

આપણે પુરાણગ્રન્થોમાં અનેક સ્થળે જોઈ શકીએ છીએ કે ભગવાન્ના સ્વરૂપને જાણવા તથા પામવા જ્ઞાનસાધકો તથા ઋષિ-મુનિઓ અસંખ્ય વર્ષો સુધી જ્ઞાનસાધના તથા તપશ્ચર્યા કરવા છતાં ય પ્રભુસ્વરૂપને જાણી કે પામી નથી શકતા.

વ્રજવાસીઓએ પ્રભુપ્રાપ્તિ માટે કોઈપણ પ્રકારના યજ્ઞકર્મો કે દાન-વ્રત-તપ આદિ સાધનો કર્યા ન હતા. છતાં ભગવાન્ સાક્ષાત્ તેઓની વચ્ચે અવતર્યા; આવું શા માટે? ભગવાન્ શ્રીકૃષ્ણ બધાથી સ્વતન્ત્ર છે. બ્રહ્મા-શિવ-ઈન્દ્ર વગેરે દેવતાઓની માફક શ્રીકૃષ્ણ કોઈ પણ યજ્ઞ-વ્રત-મન્ત્ર વગેરે સાધનોથી દર્શન આપવા કે ફળ આપવા માટે બન્ધાયેલા નથી. આથી કોઈપણ જાતના સાધનોનું અભિમાન રાખીને શ્રીકૃષ્ણને જાણવા કે પામવાના પ્રયત્નો કરવામાં આવે તો તેવા પ્રયત્નો સફળ નથી થતા. પરન્તુ જો શ્રીકૃષ્ણની કૃપા હોય તો વ્રજવાસીઓની માફક કોઈ પણ પ્રકારના સાધનો વિના સાક્ષાત્ શ્રીકૃષ્ણ તથા પુષ્ટિભક્તિ મળી રહે છે.

''હું આ ઉપાયો દ્વારા આ મેળવી શકું છું'' આ પ્રકારના મનોભાવને 'સાધનાભિમાન' કહેવામાં આવે છે. તીર્થ, મન્ત્ર, કર્મ, જ્ઞાન, ઉપાસના, વ્રત વગેરેને 'સાધનો' કહેવામાં આવે છે. શાસ્ત્રોમાં બતાવેલ આવા કોઈપણ સાધનો વડે આપણે પ્રભુને જાણી કે પામી શકતા નથી. પ્રભુકૃપાથી મળેલ અનન્ય ભક્તિથી જ પ્રભુને જાણી તેમ જ પામી શકાય છે. ભગવાન્ ગીતામાં આજ્ઞા કરે છેઃ

''નાહં વેદૈર્ન તપસા ન દાનેન ન ચેજ્યયા।
શક્ય એવંવિધો દ્રષ્ટું ન દ્રષ્ટવાનસિ માં યથા।।
ભક્ત્યા ત્વનન્યયા શક્યો અહમેવંવિધોઽર્જુન।
જ્ઞાતું દ્રષ્ટું ચ તત્ત્વેન પ્રવેષ્ટું ચ પરન્તપ।।''

અર્થ : હે અર્જુન! જેવા મારા દર્શન તને થયા તેવા દર્શન વેદ, તપ, દાન તથા યજ્ઞ વગેરે કોઈપણ ઉપાયોથી થવા શક્ય નથી. માત્ર અનન્ય ભક્તિથી જ મારું આ પ્રકારનું જ્ઞાન તેમજ દર્શન શક્ય છે અને મારામાં પ્રવેશ (સાયુજ્યમુક્તિ) પણ ભક્તિથી જ થાય છે.

અહીં પ્રશ્ન થાય છે કે પ્રભુનું સ્વરૂપ કેવું છે.

ભગવાન્નું સ્વરૂપઃ

શાસ્ત્રમાં ભગવાન્ને વિરુદ્ધધર્માશ્રય તરીકે વર્ણવવામાં આવ્યા છે. પરસ્પર વિરુદ્ધ જણાતા ગુણધર્મો એકીસાથે જેમાં રહી શકે તેને 'વિરુદ્ધધર્માશ્રય' કહેવામાં આવે છે. દા.ત.પરબ્રહ્મ જડ-જગતરૂપ બની જઈ વ્યાપક પણ છે અને જીવના રૂપમાં અણુ પણ છે. ભગવાન્ પોતાનું સ્વરૂપ બતાવતાં ગીતામાં આજ્ઞા કરે છેઃ

''યચ્ચાપિ સર્વભૂતાનાં બીજં તદહમર્જુન।
ન તદસ્તિ વિના યત્ સ્યાત્ મયા ભૂતં ચરાચરમ્।।''

અર્થ : હે અર્જુન! જડ તથા જીવ માત્રની ઉત્પત્તિનું જે કોઈ પણ કારણ છે તે હું જ છું. એવો કોઈ જડ કે જીવ પદાર્થ નથી કે જે મારા વિનાનું હોય.

ભગવાન્ શ્રીકૃષ્ણ જ સર્વરૂપે થયા છે એ આ વચનથી સમજાય છે. અહીં એક પ્રશ્ન થાય છે કે જેમ વાયુ સર્વ ઠેકાણે રહેલો હોવાથી તેને 'વ્યાપક' કહેવામાં આવે છે. વ્યાપક હોવાને કારણે વાયુનો કોઈ આકાર નથી. તેમ ભગવાન્ પણ વ્યાપક છે. તો શું ભગવાન્નો આકાર નથી? બીજા શબ્દોમાં કહીએ તો શું ભગવાન્ નિરાકાર છે? ભગવાને આ પ્રશ્નનો ઉત્તર ગીતામાં આપ્યો છે. જગત્ની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય ના [૧]કારણરૂપ પોતાના [૨]અવ્યક્ત વ્યાપક [૩]અક્ષરબ્રહ્મ

૧. કારણ : કોઈ વસ્તુ કે કાર્યને ઉત્પન્ન કરવામાં અનિવાર્યતયા ભાગ ભજવનારને કારણ કહેવામાં આવે છે. દા.ત. ઘડો બનાવવા માટી, કુમ્ભાર, ચાકડો-દણ્ડો વગેરે જરૂરી હોય છે. આવી આ બધાને 'કારણ' કહેવામાં આવે છે. **૨. અવ્યક્ત :** સાધારણ મનુષ્ય જેને જોઈ કે અનુભવી ન શકે તેને 'અવ્યક્ત' કહેવામાં આવે છે; જે વ્યક્ત, દૃષ્ટ કે પ્રકટન હોય તે. **૩. અક્ષરબ્રહ્મ :** અક્ષરબ્રહ્મ એ

સ્વરૂપનું વર્ણન કરી ભગવાન્ પોતાના સાકાર સ્વરૂપનું નિરૂપણ કરે છે.

''પુરુષઃ સ પરઃ પાર્થ ભક્ત્યા લભ્યસ્ત્વનન્યયા''

અર્થ : (જ્ઞાનીમાર્ગીઓની જેમાં મુક્તિ થાય છે તેવા મારા ધામરૂપ અક્ષરબ્રહ્મથી પણ જે શ્રેષ્ઠ છે) તે પર (સર્વોચ્ચ) પુરુષ (એટલે ભગવાન્ શ્રીકૃષ્ણ) તો અનન્ય ભક્તિથી જ પ્રાપ્ત થાય છે.

નામ અનેક શ્રીકૃષ્ણ એક :

ગીતાજીના આ વચનોથી શ્રીકૃષ્ણની સર્વરૂપતા તથા સર્વવિલક્ષણના સમજાય છે. વૈદ-સ્મૃત્તિ-ભાગવત્ આદિ શાસ્ત્રોમાં શ્રીકૃષ્ણને જ પરબ્રહ્મ પરમેશ્વર પરમાત્મા ભગવાન્ અન્તર્યામી જગદીશ વગેરે જુદા જુદા નામોથી વર્ણવિવામાં આવ્યા છે. એટલું જ નહીં. પુરાણોમાં પણ જે તે દેવી-દેવતાઓ કે અવતારોનું પરમત્ત્વરૂપે વર્ણન કરવામાં આવે છે તે પણ તત્ત્વદૃષ્ટિએ શ્રીકૃષ્ણનું જ વર્ણન સમજવું જોઈએ. કારણ કે શ્રીકૃષ્ણ જાતે જ તે તે દૈવી-દેવતાઓનું રૂપ ધારણ કરી લીલા કરી રહ્યા છે. આ બધા દૈવી-દેવતાઓને શાસ્ત્રમાં શ્રીકૃષ્ણના અંગરૂપે માનવામાં આવ્યા છે; શ્રીભાગવત્માં કહેવાયું છે :

''સર્વદેવમયો હરિઃ''

અર્થ : શ્રીકૃષ્ણ સર્વદેવમય છે. એટલે કે બધા જ દેવો ભગવાન્ શ્રીકૃષ્ણના અંગો છે.

જેમ કોઈ વ્યક્તિના હાથ, આંખ, નાક વગેરે અંગોની પ્રશંસા કરવામાં આવે તો પણ અન્તે તો પ્રશંસા એ વ્યક્તિની જ થઈ ગણાય. તેવી જ રીતે બધા દૈવી-દેવતાઓ ભગવાનના જ અંગ હોવાથી; તેઓનું પરતત્ત્વરૂપે કરવામાં આવતું વર્ણન પણ અન્તે શ્રીકૃષ્ણનું જ વર્ણન હોય છે.

પ્રભુના વિવિધ નામ-રૂપોનું રહસ્ય :

શ્રીકૃષ્ણનું પરમાત્મા, ભગવાન્ વગેરે અલગ-અલગ નામોથી જે નિરૂપણ શાસ્ત્રોમાં જોવા મળે છે એનું કારણ સમજીએ. જેમ કોઈ એક જ માણસ એના

શ્રીકૃષ્ણનું ધામ છે, જ્ઞાનીઓનું ઉપાસ્ય તથા મુક્તિસ્થાનરૂપ છે. જગત્ની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું કારણ છે. અક્ષરબ્રહ્મમાં પરબ્રહ્મના સત્-ચિત્-આનન્દ ધર્મો પ્રકટ છે.

બાળકો માટે પિતા છે, નોકર માટે માલિક છે, એના પરિવાર માટે સંચાલક-વડીલ છે, ઓફિસે જાય તો ઓફિસર છે. તો આપણે સમજી શકીએ છીએ કે વ્યક્તિના વિભિન્ન કાર્યો તથા સમ્બોધનો (બોલાવવાના કે ઓખળવાના નામો) પણ અલગ-અલગ થઈ જાય છે. પરન્તુ વ્યક્તિ બદલાતો નથી. આ જ પ્રમાણે બ્રહ્મનું જગત્ [1] ઉત્પત્તિકર્તા, સ્થિતિકર્તા તથા પ્રલયકર્તા તરીકે નિરૂપણ હોય છે ત્યારે તેને 'બ્રહ્મ' નામે કહેવામાં આવે છે. ભક્તિ કરવા માટે તેને ભગવાન્, પુરુષોત્તમ કે શ્રીકૃષ્ણ નામે સમ્બોધવામાં આવે છે, સૃષ્ટિનું નિયમન કરતો હોવાને કારણે એને [2] અન્તર્યામિ કે પુરુષ કહેવામાં આવે છે. અને જ્યારે કોઈ કાર્ય માટે એ કોઈરૂપે પૃથ્વી પર આવે છે ત્યારે એને નૃસિંહ-વામન-રામ વગેરે 'અવતાર' તરીકે સમ્બોધવામાં આવે છે. આટલા બધા અલગ-અલગ નામો હોવા છતાં અખણ્ડ પૂર્ણ શ્રીકૃષ્ણ એક જ છે.

પ્રભુપ્રાકટ્યના પ્રયોજનોઃ

પૃથ્વી પર જ્યારે દુષ્ટ અધર્મી લોકોના ત્રાસ વધી જાય છે ત્યારે તેઓના વિનાશ માટે ક્યારેક ભગવાન્ અવતાર ધારણ કરે છે. અધર્મના જોરના કારણે જ્યારે ધર્મ પર સઙ્કટ આવી પડે છે ત્યારે ધર્મની સ્થાપના માટે ભગવાન્ અવતરે છે અને ક્યારેક ભગવાન્ ભક્તોના ઉદ્ધાર માટે પણ પૃથ્વી પર અવતરે છે.

અવતારના પ્રકારોઃ

મોટે ભાગે રાજા પોતાના કાર્યો મન્ત્રી, દૂત, સિપાઈ વગેરે કર્મચારીઓ દ્વારા કરાવે છે. પરન્તુ ક્યારેક કોઈક અગત્યનું કાર્ય આવી પડે તો તે કાર્ય રાજા જાતે પણ કરે છે. તેમ ભગવાન્ પણ દુષ્ટ લોકોનો સંહાર કે ધર્મસ્થાપન જેવા કાર્યો પોતાના આવેશદ્વારા કે અંશાવતાર દ્વારા કરે છે. પરન્તુ ભક્તોના ઉદ્ધાર માટે તો ભગવાન્ જાતે જ અવતરે છે. 'ભગવાન્' એટલે : જેમાં ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છએ ગુણો અસીમ માત્રામાં હોય તે. શ્રીકૃષ્ણ જ ભગવાન્ છે. ભગવાન્ પૃથ્વી પર અલગ-અલગ પ્રકારે અવતરે છે :

---

૧. ઉત્પત્તિકર્તા = ઉત્પન્ન કરનાર. સ્થિતિકર્તા = જગત્નું પાલન કરનાર. પ્રલયકર્તા = જગત્ને પોતામાં સમાવી લેનાર.

૨. અન્તર્યામી = જડ તથા જીવ સૃષ્ટિના અન્દર વ્યષ્ટિ તથા સમષ્ટિ રૂપે બિરાજી જે તેમનું નિયમન કરે છે તે પરમાત્મા પુરુષોત્તમ શ્રીકૃષ્ણના પ્રકટ સત્-ચિત્-આનન્દ અંશરૂપને 'અન્તર્યામિ' કહેવામાં આવે છે.

૧. પૂર્ણાવતાર : જ્યારે ભગવાન્ શ્રીકૃષ્ણ પોતાની સમ્પૂર્ણ શક્તિઓ સાથે પૃથ્વી પર પ્રકટે છે ત્યારે ભગવાન્ના તે અવતારને 'પૂર્ણાવતાર' કહેવામાં આવે છે. કૃષ્ણાવતાર જ એક પૂર્ણાવતાર છે.

૨. અંશાવતાર : ભગવાન્ જ્યારે પોતે ન અવતરી પોતાના કોઈ ગુણને પૃથ્વી પર પ્રકટ કરે છે ત્યારે તેને ભગવાન્નો અંશ, કલા કે ગુણ અવતાર કહેવામાં આવે છે. જેમ સર્વ પુરાણના રચયિતા તથા વેદોના વિભાગકર્તા વેદવ્યાસ ભગવાન્ના અવતાર છે.

૩. આવેશાવતાર : કોઈ વિશેષ કાર્ય કરવા જ્યારે ભગવાન્ કોઈના દેહમાં પ્રવેશ કરે છે ત્યારે તેને ભગવાન્નો 'આવેશાવતાર' કહેવામાં આવે છે. આ પ્રકારનો આવેશ જે તે કાર્ય પૂરતો જ થાય છે. પરશુરામજી શ્રીકૃષ્ણના આવેશાવતાર છે.

કેટલાક અજ્ઞાની લોકો શ્રીકૃષ્ણને ભગવાન્નો એક સાધારણ અવતારમાત્ર સમજે છે. એથી પણ વધુ કેટલાક મૂઢ લોકો તો શ્રીકૃષ્ણને માત્ર યુગપુરુષ મહાપુરુષ કે યોગની સિદ્ધિઓ જેને પ્રાપ્ત થઈ હોય તેવા યોગેશ્વરમાત્ર માને છે. પરબ્રહ્મ શ્રીકૃષ્ણના સાચા સ્વરૂપને નહીં જાણનારા આ બધા લોકોને શ્રીકૃષ્ણ આસુરી જીવ ગણાવે છે. ખરેખર તો જેમ કોઈ અભિનેતા રઙ્ગમઞ્ચ ઉપર વિભિન્ન પ્રકારના વેશ ધારણ કરી અભિનય કરે છે તેમ પોતાની ક્રીડા માટે બનાવેલ જગત્રૂપી રઙ્ગમઞ્ચ પર શ્રીકૃષ્ણ જ વરાહ, મત્સ્ય, રામ વગેરે રૂપ ધારણ કરી અવતરે છે. આથી બધા અવતારોનું વર્ણન કર્યા બાદ શ્રીભાગવત્માં કહેવાયું છે :

''એતે ચાંશકલાઃ પુંસઃ કૃષ્ણસ્તુ ભગવાન્ સ્વયમ્''

અર્થ : આ બધા ભગવાન્ના આવેશ તથા અંશ-કલા અવતારો છે જ્યારે શ્રીકૃષ્ણ તો પોતે *અવતારી ભગવાન્ છે.

નિષ્કર્ષ :

ભગવાન્ શ્રીકૃષ્ણના દિવ્ય જન્મ-કર્મોના શ્રવણ-કીર્તન-સ્મરણ દ્વારા

* અવતારી : રામ, વામન, નરસિંહ વગેરે જેના અવતારો છે તેવા સર્વમૂળરૂપ શ્રીકૃષ્ણને 'અવતારી' કહેવામાં આવે છે.

વ્યક્ત ભક્ત સંસારસાગરને તરી જાય છે. આથી ભગવાન્ આજ્ઞા કરે છે :

''જન્મ કર્મ ચ મે દિવ્યં એવં યો વેત્તિ તત્ત્વતઃ।
ત્યક્ત્વા દેહં પુનર્જન્મ નેતિ મામેતિ સોઽર્જુન।।''

અર્થ : હે અર્જુન! જે મારા જન્મ(અવતાર) અને કર્મ (લીલા) ને તત્ત્વથી દિવ્ય [૧]અલૌકિક - [૨]અપ્રાકૃત જાણે છે તે મને મેળવે છે. તેનો બીજો જન્મ થતો નથી.

વિશેષવાંચન માટેના ગ્રન્થો :

ષોડશગ્રન્થાન્તર્ગત સિદ્ધાન્તમુક્તાવલી.
શ્રીલાલૂભટ્ટજીકૃત પ્રમેયરત્નાર્ણવના નવ પૈકીનો મૂલરૂપવિવેક.
શ્રીગટ્ટુલાલજીકૃત વેદાન્તચિન્તામણિ.

૧. અલૌકિક : જે આલોક તેમજ પરલોકથી શ્રેષ્ઠ છે તેવી પ્રભુના સ્વરૂપ લીલા ગુણગાન સેવા વગેરે બાબતોને પુષ્ટિમાર્ગમાં 'અલૌકિક' કહેવામાં આવે છે.

૨. અપ્રાકૃત : આલોક તેમજ પરલોકના જડ પદાર્થોનું નિર્માણ ભગવાને પ્રકૃતિના જે સત્ત્વ-રજ-તમ ગુણોથી કર્યું છે તે ગુણો જેમાં ન હોય અથવા તે ગુણોથી જે નિર્મિત ન હોય તેને 'અપ્રાકૃત' કહેવામાં આવે છે.

૬. જીવ

આપણે સમજ્યા કે બ્રહ્મ, સત્, ચિત્ તથા આનન્દ ગુણધર્મોવાળું છે. બ્રહ્મના 'સત્' અંશથી જડ સૃષ્ટિ છે. પરન્તુ બ્રહ્મ જ્યાં પોતાના આનન્દ ગુણધર્મને છુપાવીને સત્-ચિત્ ગુણધર્મોથી પ્રકટ થાય છે ત્યારે બ્રહ્મના તે પ્રકટ રૂપને 'જીવ' કહેવામાં આવે છે. સામાન્ય વ્યવહારમાં જીવની ઓળખ આપણે શ્વસનક્રિયાથી કરી શકીએ છીએ. આથી શ્વાસોચ્છ્વાસની ક્રિયા જેમાં થાય છે તેવા પશુ-પક્ષી, વૃક્ષ, મનુષ્ય વગેરેને 'જીવસૃષ્ટિ' કહેવામાં આવે છે.

બ્રહ્મ જ જગત્ રૂપે બન્યો હોવા છતાં જેમ એની બ્રહ્મરૂપતા દેખાતી નથી તેમ જીવરૂપે પણ બ્રહ્મ જ બન્યો હોવાથી જીવ એ બ્રહ્માત્મક છે તથા બ્રહ્મનો જ અંશ છે, તેમ છતાં જીવની બ્રહ્મરૂપતા અનુભવાતી નથી. આમ થવાનું કારણ એ જ છે કે જીવમાં બ્રહ્મના માત્ર સત્-ચિત્ ગુણધર્મો પ્રકટ છે જ્યારે આનન્દ ગુણધર્મ છુપાઈને રહે છે. આ કારણે જીવની બ્રહ્મરૂપતા કે બ્રહ્માત્મકતા અનુભવાતી નથી. બ્રહ્મના આનન્દ ગુણધર્મના છુપાઈ (તિરોહિત થઈ) જવાથી જ એને શરીર મળે છે થતા જન્મ-મરણ થાય છે. આ જ કારણે એને હું અને મારું, સુખ અને દુઃખ વગેરેનો અનુભવ થાય છે. આ જ વાતને જો સરળતાથી સમજવી હોય તો આ રીતે સમજી શકાય.

રાજાના દરબારમાં કાર્ય કરતા કર્મચારીને જ્યાં સુધી રાજા પોતાના દરબારમાં રાખે ત્યાં સુધી એને દરબારી વેશભૂષા, સન્માન વગેરે મળે છે. પરન્તુ જો રાજા એની પદવી ખૂંચવી લે તો એને સન્માન વગેરે મળતું નથી. પદવી ઝૂંટવાઈ જવાને કારણે એ નિસ્તેજ, નિર્બળ, અસન્તુષ્ટ દેખાવા લાગે છે. પરન્તુ ફરી જો રાજા પ્રસન્ન થાય અને એને દરબારમાં સ્થાન આપે તો પહેલાની માફક જ એ દરબારી થઈ જાય છે. આ જ પ્રમાણે સૃષ્ટિ કરવાની ઈચ્છા થતાં; જેમ અગ્નિમાંથી તણખા બહાર નિકળે છે તેમ અક્ષરબ્રહ્મમાંથી અસંખ્ય જીવો છૂટા પડે છે. અગ્નિમાંથી નિકળતા તણખામાં જેમ થોડીવાર સુધી અગ્નિનો ચમકારો દેખાય છે તેમ અક્ષરબ્રહ્મમાંથી છૂટા પડેલા જીવ-અંશોમાં પણ બ્રહ્મનો આનન્દ ધર્મ પ્રકટ જ હોય છે. ભગવાન્ જ્યારે પોતાનામાંથી છૂટા પડેલા અંશ-જીવમાંથી આનન્દ ધર્મને છુપાવી લે છે ત્યારે રાજાદ્વારા પદભ્રષ્ટ થયેલો દરબારી જેમ નિસ્તેજ, નિર્બળ, પરાધીન, દુઃખી, દેહ વગેરેમાં અહન્તા-મમતાવાળો, અજ્ઞાની, ભ્રમિત, વિષયોમાં આસક્ત બની જાય છે. પરન્તુ જ્યારે પરમાત્મા જીવ પર કૃપા કરે છે

ત્યારે તે પોતાના મૂળ સ્વરૂપને પ્રાપ્ત કરે છે.

જીવની અવસ્થાઓ :

જીવની ત્રણ અવસ્થાઓ હોય છે :

૧. શુદ્ધ

૨. બદ્ધ અને

૩. મુક્ત.

શુદ્ધ : બ્રહ્મથી છૂટા પડ્યા પછી જીવમાં આનન્દ અંશના તિરોધાન પછી જ્યાં સુધી જીવ સાથે *અવિદ્યાનો સમ્બન્ધ નથી થતો ત્યાં સુધીની અવસ્થામાં જીવને 'શુદ્ધજીવ' કહેવામાં આવે છે.

બદ્ધ : અવિદ્યાનો સમ્બન્ધ થવાથી જીવ અહન્તા-મમતા (હું, મારું-તારું) વાળો બને છે અને જન્મ-મરણના બન્ધનમાં બન્ધાય છે. આ અવસ્થામાં જીવને 'બદ્ધ' કે 'સંસારી' કહેવામાં આવે છે.

મુક્ત : જ્યારે જીવ સત્સંગ વગેરે દ્વારા પોતાનું અજ્ઞાન દૂર કરી, પ્રભુના ધામની પ્રાપ્તિ વગેરે રૂપ મુક્તિ મેળવે છે ત્યારે જીવને 'મુક્ત' કહેવામાં આવે છે.

જીવના પ્રકારો :

આપણે સમજ્યા કે ભગવાને આ સમગ્ર જડ-જીવાત્મક જગત્ને પોતાની ક્રીડા માટે બનાવ્યું છે. ક્રીડામાં વિવિધતા જોઈએ માટે ભગવાને જીવોને અલગ-અલગ સ્વભાવોવાળા બનાવ્યા છે. મુખ્યત્વે જીવોના ત્રણ પ્રકાર છે :

૧.પ્રવાહીજીવ

૨.મર્યાદાજીવ અને

૩.પુષ્ટિજીવ.

પ્રવાહીજીવ પ્રવાહમાર્ગમાં રુચિવાળા થઈ તે માર્ગનું અનુસરણ કરે છે. મર્યાદાજીવ મર્યાદામાર્ગમાં રુચિવાળા થઈ તે માર્ગનું અનુસરણ કરે છે. જ્યારે પુષ્ટિજીવ પુષ્ટિમાર્ગમાં રુચિવાળા થઈ તે માર્ગનું અનુસરણ કરે છે.

---

* **અવિદ્યા :** ભગવાન્ની એક શક્તિ જેને કારણે જીવને અજ્ઞાન થાય છે અને એ પોતાનું સાચું સ્વરૂપ ભૂલી દેહ, ઈન્દ્રિયો, પ્રાણ અને અન્તઃકરણને જ જીવ સમજવા લાગે છે.

જીવોની ઓળખ :

જુદા-જુદા સ્વભાવવાળા લોકોના મૂળ સ્વભાવને જેમ તેઓના બાહ્ય આચરણથી પારખી શકાય છે તેમ જીવોના પણ મૂળ-પ્રભુદ્વારા નિર્મિત-સ્વભાવને તેમની રુચિ તથા આચરણથી, સામાન્ય રીતે, પારખી શકાય છે. ક્યા સ્વભાવના જીવો કેવી રુચિ તથા ક્યા પ્રકારનું આચરણ કરવાવાળા હોય છે તેનું સવિસ્તર વિવેચન ગીતા, ભાગવત્ વગેરે શાસ્ત્રોમાં મળી રહે છે.

પ્રવાહીજીવ : ક્રોધ, લાલચ, અભિમાન, અજ્ઞાન, ઈર્ષ્યા, અપવિત્રતા, વિલાસિતા, પરપીડા, ક્રૂરતા વગેરે લક્ષણો પ્રવાહીજીવમાં સામાન્ય રીતે જોવા મળે છે. પરન્તુ પ્રભુસેવા-સ્મરણાદિથી વિમુખતા એ પ્રવાહીજીવોનું ખાસ લક્ષણ છે.

મર્યાદાજીવ : તેઓને લૌકિક કે પારલૌકિક બાબતોમાં રુચિ હોતી નથી. દાન, દયા, તપ, પવિત્રતા પ્રસન્નતા વગેરે ગુણોવાળા હોય છે. ખાસ કરીને મોક્ષ મેળવવા માટે શાસ્ત્રમાં વર્ણિત કર્મ-જ્ઞાન-ઉપાસના માર્ગોમાં રુચિવાળા હોય છે.

પુષ્ટિજીવ : પુષ્ટિજીવોને લૌકિક-પારલૌકિક કે મુક્તિમાં રુચિ હોતી નથી. મુક્તિ મેળવવા કરતાં પણ પ્રિય તેઓને શ્રીકૃષ્ણની સેવા લાગે છે. શ્રીકૃષ્ણની સેવામાં રુચિ હોવાને કારણે તેઓની નિષ્ઠા પણ શ્રીકૃષ્ણસેવામાં હોય છે.

ઉપર જણાવેલ લક્ષણો, સામાન્ય રીતે, તે તે જીવોમાં જોવા મળે છે. કોઈક વખતે સંગ વગેરેને કારણે પ્રવાહીજીવોમાં મર્યાદા કે પુષ્ટિજીવોના લક્ષણો જોવા મળતા હોય છે. આ જ પ્રમાણે ક્યારેક પુષ્ટિ કે મર્યાદા જીવોમાં પણ પ્રવાહીજીવોના લક્ષણો જોવા મળતા હોય છે. સંગ વગેરેને કારણે એક-બીજામાં જોવા મળતા એક-બીજાના લક્ષણોને 'આવેશ' કહેવામાં આવે છે. પુષ્ટિજીવમાં કદાચ પ્રવાહી આવેશ આવી જાય તો તેટલા માત્રથી એનો મૂળ સ્વભાવ બદલાતો નથી. તે જ પ્રમાણે જો પ્રવાહીજીવમાં પણ પુષ્ટિ કે મર્યાદા આવેશ ક્યારેક આવી જાય તો તેટલા માત્રથી પ્રવાહીજીવ મર્યાદા કે પુષ્ટિ જીવ બની જતો નથી.

આમ ત્રણ પ્રકારના જીવોના સ્વભાવ-કૃતિ-ફળ વગેરેને નોખા-નોખા જાણવાથી આપણા અનેક સંશયો નિવૃત્ત થાય છે.

વિશેષવાંચન માટેના ગ્રન્થોઃ

ષોડશગ્રન્થાન્તર્ગત પુષ્ટિપ્રવાહમર્યાદા, શ્રીગુસાંઈજીરચિત ભક્તિહંસ, શ્રીલાલૂભટ્ટજીકૃત પ્રમેયરત્નાર્ણવમાંના નવ પૈકીનો જીવવિવેક.

૭.જગત્

શાસ્ત્રપ્રામાણ્ય :

બ્રહ્મ, જગત્-જીવનું તાત્ત્વિક સ્વરૂપ, સૃષ્ટિની ઉત્પત્તિ, મોક્ષ કે ઈશ્વરપ્રાપ્તિના ઉપાયો વગેરે બાબતોનું નિરૂપણ (ઉલ્લેખ) વેદ, ગીતા, ભાગવતાદિ પુરાણો વગેરે શાસ્ત્રોમાં છે. આથી ઉપરોક્ત દરેક બાબતોના નિર્ણયો જો શાસ્ત્રના વાક્યોના આધારે કરવામાં આવે તો જ તેને પ્રમાણિક માનવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિની આ જ સનાતન પરમ્પરા છે. ઉપરોક્ત બાબતોમાં નિર્ણયો જો પોતાની કલ્પના, ઈચ્છા કે કોરા તર્કના આધારે કરવામાં આવે તો તે નિર્ણયોને પ્રામાણિક માનવામાં નથી આવતા. 'આસ્તિક' પણ તેને જ માનવામાં આવે છે કે જે વેદાદિ શાસ્ત્રોને પ્રમાણ-નિર્ણાયક-માને આથી વેદાદિ શાસ્ત્રોને પ્રમાણ નિર્ણાયક ન માનનારને 'નાસ્તિક' કહેવામાં આવે છે.

સૃષ્ટિલીલા :

રમત રમતાં નાના બાળકોને જો પૂછવામાં આવે કે તમે શામાટે રમો છો તો તેઓ કહેશે કે બસ અમસ્તા જ, મજા આવે છે માટે. તે જ પ્રમાણે પ્રભુએ આ સમગ્ર સૃષ્ટિની રચના પોતાની ક્રીડામાટે કરી છે. ક્રીડા એટલે રમત. આનન્દ સિવાય આ સૃષ્ટિ-ક્રીડા પાછળ ભગવાનનું બીજું કોઈ પ્રયોજન નથી હોતું એ વાત સમજાવવાજ શાસ્ત્રો સૃષ્ટિને 'ભગવલ્લીલા' કે 'ક્રીડા' જેવા શબ્દો વડે વર્ણવે છે.

બ્રહ્માત્મિકા સૃષ્ટિ :

કોઈ પણ રમતમાં વિવિધતાનું હોવું જરૂરી છે. જો વિવિધતા ન હોય તો રમત ન થઈ શકે. પરન્તુ જગત્-જીવની ઉત્પત્તિ પહેલા પરબ્રહ્મ સિવાય તો બીજું કંઈ હતું જ નહિં. આ સ્થિતિમાં જો ઈચ્છા થાય તો પણ રમી કઈ રીતે શકાય! આથી * ઉપનિષદ કહે છે : ''બ્રહ્મે ઈચ્છા કરી કે હું એક અનેક રૂપે થઈ જાઉં''. બ્રહ્મે ઈચ્છા-સંકલ્પ માત્રથી આ સમગ્ર જડ-જીવ રૂપોને ધારણ કરી લીધા. એટલે કે, આ સમગ્ર જડ-જીવ રૂપ બ્રહ્મ પોતે જ બની ગયો. આથી જ ઉપનિષદ્માં કહેવાયું છે : **''सर्वं खलु ईदं ब्रह्म''**. અર્થ : આ બધું ખરેખર બ્રહ્મ જ છે.

---

* **ઉપનિષદ્** = બ્રહ્મ, જીવ, અન્તર્યામી, જગત્ આદિ તત્ત્વોનું નિરૂપણ કરનારા વેદના અન્તભાગને 'ઉપનિષદ્' કે 'વેદાન્ત' કહેવામાં આવે છે.

સચ્ચિદાનન્દ-બ્રહ્મ :

અહીં પ્રશ્ન થાય છે કે જો બધું બ્રહ્મ જ છે તો બ્રહ્મ દેખાતો કેમ નથી? ઘડો એ ઘડો જ દેખાય છે અને ઘોડો એ પણ ઘોડો જ દેખાય છે. આનું કારણ સમજાવતાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે બ્રહ્મને ઉપનિષદ્માં સત્ ચિત્ તથા આનન્દ આમ ત્રણ ધર્મોવાળો વર્ણવવામાં આવ્યો છે. 'સત્' એટલે અસ્તિત્વ કે કોઈ વસ્તુનું હોવું. 'ચિત્' એટલે ચૈતન્ય કે જીવન્તતા. અને 'આનન્દ' એટલે અનન્તતા, વ્યાપકતા કે અપ્રાકૃત અલૌકિક અનન્ત ધર્મો.

આપણે સમજ્યા કે બ્રહ્મમાં અપાર અલૌકિક શક્તિઓ છે. આ અપાર શક્તિઓમાં આવિર્ભાવ અને તિરોભાવ આ બે શક્તિઓ પણ સમાયેલ છે. આ શક્તિઓ વડે જ બ્રહ્મ સૃષ્ટિની રચના કરે છે. આવિર્ભાવ એટલે પ્રકટ થઈને રહેવું અને તિરોભાવ એટલે છુપાઈને રહેવું. બ્રહ્મ જ્યારે પોતાના ચિત્ અને આનન્દ ધર્મોને છુપાવીને (તિરોહિત કરીને) માત્ર સત્ ધર્મથી પ્રકટ (આવિર્ભૂત) થાય છે ત્યારે બ્રહ્મના તે પ્રકટ રૂપને 'જડ' નામથી ઓળખવામાં આવે છે.

જગત્ બ્રહ્માત્મક કેમ અનુભવાતું નથી ?

પૃથ્વી, જલ, પ્રકાશ, વાયુ અને આકાશ જડ છે. આપણને દેખાતું સમગ્ર જગત્ આ પાંચ જડ તત્ત્વોનું બનેલું છે. આ પાંચ તત્ત્વોને 'પંચમહાભૂત' પણ કહેવામાં આવે છે. બ્રહ્મ જ જગત્રૂપે બન્યો હોવાથી જગત્ને 'સત્ય' તથા 'બ્રહ્માત્મક' માનવામાં આવે છે. પરન્તુ બ્રહ્મના ચિત્ તથા આનન્દ ગુણધર્મો જગત્માં છુપાઈને રહેતા હોવાથી તથા આપણી બુદ્ધિ પર અજ્ઞાન છવાયેલું હોવાથી જગત્ને આપણે બ્રહ્માત્મક જોઈ નથી શકતા. દા.ત : આપણે સૌ સારી રીતે જાણીએ છીએ કે દરેક માણસમાં વધતા-ઓછા અંશે ક્રોધ, શાન્ત, હસમુખ વગેરે સ્વભાવવાળો હોય જ છે. પરન્તુ માણસ પોતાનામાં જ્યારે અને જે સ્વભાવ પ્રકટ કરે છે ત્યારે અને તે જ સ્વભાવ જોઈ શકાય છે. બીજા બધા સ્વભાવો એમાં હોવા છતાંય જોઈ નથી શકાતા. તેવી રીતે જગત્ બ્રહ્મરૂપ હોવા છતાં બ્રહ્મ જગત્માં પોતાનો માત્ર 'સત્' ધર્મ પ્રકટ રાખી બીજા ધર્મોને છુપાવીને રાખે છે. આ કારણે જગત્ 'જડ' રૂપે દેખાય છે.

બ્રહ્મબોધ :

જગત્ના 'જડ' રૂપે દેખાવાનું કારણ આપણે સમજ્યા પરન્તુ જગત્

બધાને જડ જ દેખાય છે તેવું નથી. આ વાતને એક સરળ ઉદાહરણ વડે સમજીએ. લીલા રંગના ચશ્મા પહેરેલા બાળકને બધું લીલું દેખાય છે અને સાથોસાથ લીલી દેખાતી બધી વસ્તુને તે ખરેખર લીલા રંગની જ સમજે છે, કારણ કે તે અજ્ઞાની છે. જ્યારે લીલા ચશ્મા પહેરેલા મોટી ઉમ્મરના માણસને; જો કે દેખાય બધું લીલું જ છે છતાં તે એ વાતને સારી રીતે સમજી શકે છે કે એને દેખાતી બધી વસ્તુ લીલી નથી પરન્તુ લીલા ચશ્માને કારણે તે લીલી દેખાય છે. પરન્તુ જેની આંખ પર કોઈપણ રંગના ચશ્મા જ નથી તેને જે વસ્તુ જે રંગની છે તે તે રંગની જ દેખાય છે. એટલે કે આવી વ્યક્તિને દરેક વસ્તુ તેના યથાર્થ સ્વરૂપે જ દેખાય છે. તેવી જ રીતે —

૧. ભગવાન્ કૃપા કરીને જે જીવોનું અજ્ઞાન સમૂળગું દૂર કરી દે છે તેવા બ્રહ્મરૂપ જીવોને આ જગત્ કોઈ પણ પ્રકારના ભ્રમ વિના શુદ્ધ બ્રહ્માત્મક દેખાય છે.

૨. જેમનું અજ્ઞાન ભગવાને પૂર્ણપણે દૂર કર્યું નથી તેમને જગત્ બ્રહ્માત્મક ન દેખાઈ ઉત્પત્તિ-નાશવન્ત, જડ વગેરે ધર્મોવાળું દેખાય છે. પરન્તુ શાસ્ત્રના અભ્યાસથી તેઓ મનમાં એ વાતને સમજતા હોય છે કે ખરેખર જગત્ બ્રહ્માત્મક છે અને ઉત્પત્તિ-નાશ, જડતા વગેરે ધર્મો અજ્ઞાન હોવાને કારણે અનુભવાય છે; જેમ લીલા ચશ્મા પહેરેલા મોટા માણસને બધું લીલું દેખાતું હોવા છતાંય તે મનમાં સમજે છે કે ખરેખર બધું લીલું નથી તેમ. જ્યારે

૩. જેમનું અજ્ઞાન ભગવાને જરાપણ દૂર નથી કર્યું તેવા અજ્ઞાનીઓને તો આટલો વિવેક પણ નથી હોતો. આથી તેઓ લીલા ચશ્મા પહેરેલો બાળક જેમ બધી વસ્તુઓને લીલી સમજે છે તેમ બ્રહ્માત્મક જગત્ને ખરેખર ઉત્પત્તિ-નાશવન્ત જડ માત્ર સમજી બેસે છે.

ખરેખર તો જગત્ની કોઈ પણ વસ્તુની ઉત્પત્તિ કે નાશ થતાં જ નથી. જેમ પાણીને તપાવતાં તેનું રૂપાન્તર થઈ વરાળ બને છે અને વળી વરાળને ઠારતાં પાછું પાણી થઈ જાય છે. તેમ જગત્ની દરેક વસ્તુનું, ભગવાન્ની તે વસ્તુને પ્રકટ કરવાની (આવિર્ભાવ) કે છુપાવી દેવાની (તિરોભાવ) ઈચ્છા અનુસાર, રૂપાન્તરણ જ થાય છે. ન કોઈ વસ્તુને શૂન્યમાંથી પેદા કરી શકાય છે કે ન તેનો સમૂળગો નાશ શક્ય છે. જે શક્ય છે તે ફક્ત એ કે અપ્રકટ વસ્તુને પ્રકટ કરવી કે

પ્રકટ વસ્તુનું રૂપાન્તર કરી તેને અદશ્ય કરી દેવી.

જગત્ ભગવન્મય છે. તેને ધિક્કારવું નહીં. પરન્તુ કેમકે ભગવાન્‌ની ઇચ્છાથી તેમાં આનન્દ પ્રકટ નથી તેથી આનન્દના શોધક-સાધકોએ ત્યાં આનન્દ શોધવાના ફાંફા ન મારતાં તેમાં આસક્તિ ન રાખી ભગવાન્‌માં જ આસક્તિ રાખવી.

વિશેષ વાંચન માટેના ગ્રન્થોઃ

ષોડશગ્રન્થાન્તર્ગત સિદ્ધાન્તમુક્તાવલી.

શ્રીલાલુભટ્ટજીકૃત પ્રમેયત્નાર્ણવમાંના નવ પૈકીના પ્રપઞ્ચવિવેક અને ખ્યાતિવિવેક.

૮. માર્ગ

ઈષ્ટપ્રાપ્તિના ઉપાયને 'માર્ગ' કહેવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો જેના વડે આપણે પોતાનું મનગમતું મેળવી કે શોધી શકીએ તેને 'માર્ગ' (ઉપાય સાધન) કહેવામાં આવે છે.

ભગવાને પોતાની જીવસૃષ્ટિમાં પુષ્ટિ મર્યાદા અને પ્રવાહી આમ મુખ્યત્વે ત્રણ ભિન્નભિન્ન સ્વભાવવાળા જીવોને ઉત્પન્ન કર્યા છે. પુષ્ટિજીવો પ્રભુના સેવા-સ્મરણ દ્વારા ભક્તિ મેળવે છે. મર્યાદાજીવો વૈદિક કર્મ-જ્ઞાન-ઉપાસના દ્વારા મુક્તિ મેળવે છે. જ્યારે પ્રવાહીજીવોના તો પ્રલય સુધી જન્મ-મરણ જ થતાં રહે છે; પ્રભુ તેઓને ભક્તિ કે મુક્તિ કાંઈ જ આપતા નથી. આ ત્રણેય પ્રકારના જીવો પોતપોતાના ફળને મેળવી શકે તે માટે પુષ્ટિમાર્ગ, મર્યાદામાર્ગ અને પ્રવાહમાર્ગ આમ ત્રણ માર્ગો પણ ભગવાને પ્રકટ કર્યા છે. આપણે આ માર્ગોનો પરિચય મેળવીશું.

૧. પુષ્ટિભક્તિમાર્ગ :

મોક્ષની પણ કામના રાખ્યા વિના શ્રીકૃષ્ણની પુષ્ટિ થકી શ્રીકૃષ્ણની ભક્તિ મેળવવાના માર્ગને 'પુષ્ટિભક્તિમાર્ગ' કહેવામાં આવે છે. પરબ્રહ્મ શ્રીકૃષ્ણની પ્રાપ્તિ માત્ર પુષ્ટિભક્તિમાર્ગથી જ થઈ શકે છે; કર્મ, જ્ઞાન કે ઉપાસના માર્ગથી નહિં. આથી ફળદૃષ્ટિએ 'પુષ્ટિભક્તિમાર્ગ' એ સર્વશ્રેષ્ઠ માર્ગ છે.

૨. મર્યાદામાર્ગ :

વેદમાં દેખાડેલ કર્મ-જ્ઞાન તથા તન્ત્રશાસ્ત્રમાં દેખાડેલ શ્રીકૃષ્ણના વિભૂતિરૂપ સૂર્ય વગેરે દેવતાઓની ઉપાસના થકી મોક્ષ મેળવવાના માર્ગને 'મર્યાદામાર્ગ' કહેવામાં આવે છે.

મર્યાદામાર્ગમાં સ્વર્ગ-મોક્ષાદિ મેળવવાના ત્રણ માર્ગો છેઃકર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ તથા ઉપાસનામાર્ગ.

અ. કર્મમાર્ગ : શાસ્ત્રમાં બતાવેલ યજ્ઞ વગેરે કર્મોને ભગવાન્‌ની ક્રિયાશક્તિનું પ્રાકટ્ય જાણી, કર્મથી મળતાં ફળોમાં લાલચ ન રાખતાં, તે ફળોને શ્રીકૃષ્ણને

સમર્પવા. શાસ્ત્રમાં જે કર્મોને કરવાની મનાઈ છે તેવા 'નિષિદ્ધ' કર્મોનો ત્યાગ કરવો. અનિવાર્યપણે કરવાના 'નિત્યકર્મ' તથા પ્રસંગોપાત્ત કરવાના 'નૈમિત્તિકકર્મો' જ કરવા. આ પ્રમાણે કરવાથી બધા જ પાપ તથા પુણ્યો નો નાશ થયે મોક્ષ મળે છે. કર્મફળોની લાલચથી દોરાઈ 'કામ્ય કર્મો' કરનારને પરન્તુ સ્વર્ગાદિ નાશવન્ત ફળો જ મળે છે. જન્મ-મરણના ચક્રથી મોક્ષ નહીં. આને 'કર્મમાર્ગ' કહેવામાં આવે છે.

આ. જ્ઞાનમાર્ગ : [1]લૌકિક તથા [2] પારલૌકિક સર્વ બાબતોમાં તીવ્ર [3] વૈરાગ્ય કેળવી [4]સંન્યાસ લઈ શાસ્ત્રમાં બતાવેલ જ્ઞાનસાધના વડે (અક્ષરબ્રહ્મસાયુજ્ય રૂપ) મુક્તિ મેળવવાનાં માર્ગને 'જ્ઞાનમાર્ગ' કહેવામાં આવે છે.

ઈ. ઉપાસનામાર્ગ : તન્ત્રશાસ્ત્રમાં દેખાડેલ પ્રકારે ઈષ્ટદેવના નામમન્ત્રની દીક્ષા લઈ, શાસ્ત્રમાં જે દેવી-દેવતાઓનું વર્ણન હોય તેમની બ્રહ્મ તરીકે મન્ત્ર-વિદ્યાથી ઉપાસનાવડે મોક્ષ મેળવવાના માર્ગને 'ઉપાસનામાર્ગ' કે 'મર્યાદાભક્તિમાર્ગ' કહેવામાં આવે છે.

૩. પ્રવાહમાર્ગ :

સારા-નરસા કર્મોને કારણે કર્મફળ ભોગવવા જન્મ-મરણના ફેરામાં ફરતા રહેવાના માર્ગને 'પ્રવાહમાર્ગ' કહેવામાં આવે છે.

ભગવાને જે જીવોની જે માર્ગ માટે પસન્દગી (વરણ) કરી હોય છે તે જીવોની તે જ માર્ગમાં રુચિ અને નિષ્ઠા થાય છે. આનો સીધો અર્થ એવો થાય છે કે જે માર્ગમાં આપણી રુચિ થાય તે માર્ગમાટે જ ભગવાને આપણી પસન્દગી કરી છે. માટે આપણી પસન્દગીના માર્ગનું અનુસરણ કરવામાં જ આપણા જ આપણા જીવનની સાર્થકતા છે.

---

૧. લૌકિક=દેહ, પરિવાર, ધન, સમાજ, ધંધો-રોજગાર વગેરેને લગતી બાબતોને 'લૌકિક' કહેવામાં આવે છે.

૨. પારલૌકિક=પિતૃલોક, ગન્ધર્વલોક, દેવલોક વગેરે લોકસમ્બન્ધી બાબતોને 'પારલૌકિક' કહેવામાં આવે છે.

૩.(વૈરાગ્ય=લૌકિક તથા પારલૌકિક બાબતોમાં મોહ ન રહેવો.

૪. સંન્યાસ=લૌકિક તથા પારલૌકિક બાબતોમાં વૈરાગ્ય કેળવી ઘર-પરિવારનો ત્યાગ કરી

ઘણું કરીને દરેક માર્ગોના પેટામાર્ગ હોય છે. આ પેટામાર્ગોને જ 'સમ્પ્રદાય' નામ વડે ઓળખવામાં આવે છે. મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય દ્વારા પ્રવર્તિત સમ્પ્રદાય એ 'પુષ્ટિભક્તિમાર્ગ'નો જ પેટામાર્ગ છે. હવે આપણે સમ્પ્રદાયનું સ્વરૂપ સમજીશું.

વિશેષવાંચન માટેના ગ્રન્થોઃ

ષોડશગ્રન્થાન્તર્ગત પુષ્ટિપ્રવાહમર્યાદા.

શ્રીગુસાંઈજીકૃત ભક્તિહંસ તથા ભક્તિહેતુનિર્ણય.

૮. સમ્પ્રદાય

વ્યાખ્યા :

શિષ્યના આત્મકલ્યાણ માટે ગુરુ દ્વારા આપવામાં આવતી. ઈષ્ટદેવના નામમન્ત્રની, દીક્ષાની પરમ્પરાને 'સમ્પ્રદાય' કહેવામાં આવે છે.

સમ્પ્રદાયની જરૂરિયાતઃ

વિજ્ઞાન, કળા અને વાણિજ્ય એ સામ્પ્રત શિક્ષણક્ષેત્રમાં વિદ્યાની ત્રણ પ્રમુખ શાખાઓ છે. વિજ્ઞાનમાં પણ રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન, શરીરશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન જેવી પેટાશાખાઓ હોય છે તે જ પ્રમાણે કળા અને વાણિજ્યમાં પણ વિદ્યાની પેટાશાખાઓ હોય છે. દરેક વિદ્યાર્થીઓની રુચિ વિદ્યાની દરેક શાખાઓમાં હોતી નથી. આજ કારણે શૈક્ષણિક સંસ્થાઓ વિદ્યાની અલગ-અલગ શાખાઓમાં રુચિ ધરાવતા વિદ્યાર્થીઓ માટે શિક્ષણવિભાગો પણ અલગ-અલગ રાખે છે. શિક્ષણના આવા અલગ-અલગ વિભાગો રાખવા પાછળ શૈક્ષણિક સંસ્થાઓનો હેતુ; વિદ્યાર્થી એની રુચિના વિષયને સારી રીતે ભણી જીવનમાં પ્રગતિ કરી શકે એ જ હોય છે. આ સિવાય બીજો કોઈ હેતુ હોતો નથી.

ભગવાને પોતાની ક્રીડા માટે રચેલ આ સૃષ્ટિમાં બધા જીવોને સરખા સ્વભાવ કે રુચિ વાળા નથી બનાવ્યા. આ તથ્યને આપણે સ્થૂળ બુદ્ધિથી પણ સમજી શકીએ છીએ. આથી વિભિન્ન રુચિ ધરાવતા જીવોને એમની રુચિ મુજબના માર્ગનું જ્ઞાન મળી રહે અને તે પ્રમાણે તેઓ પોતાનું જીવન જીવી શકે એવા સદ્‌હેતુથી ભગવાનૂની આજ્ઞાથી જ વિભિન્ન શાસ્ત્રીય ધર્મસમ્પ્રદાયનો બન્યા છે.

જો વિભિન્ન ધર્મસમ્પ્રદાયો ન હોય તો શું થાય?

જેમ શિક્ષણક્ષેત્રમાં, માની લ્યો કે વિજ્ઞાન, કળા વગેરે અલગ-અલગ વિભાગો ન હોય તો વિદ્યાર્થી પોતાના મનગમતા વિષયનો અભ્યાસ વિસ્તારથી અને ઊંડાણથી કરી નથી શકતો. વળી એને રુચિ ન હોય એવા પણ ઘણા વિષયો પરાણે ભણવા પડે છે. આ જ રીતે જો ઈશ્વરપ્રાપ્તિનો મનગમતો ઉપાય બતાવનારા ધર્મસમ્પ્રદાયો વિભિન્ન સ્વભાવ-રુચિ ધરાવતા જીવોને, ન જડે તો તેઓ પોતાનો આધ્યાત્મિક વિકાસ કેવી રીતે સાધી શકે? વળી આ જગત્ પ્રભુએ પોતાની ક્રીડામાટે બનાવ્યું છે અને ક્રીડા વિવિધતા વિના ન થઈ શકે. આ કારણે પણ વિભિન્ન જીવો માટે વિભિન્ન સમ્પ્રદાયો હોવા આવશ્યક છે.

સમ્પ્રદાયો વાડા નથીઃ

આપણા દેશમાં સનાતન કાળથી ધર્મ-સમ્પ્રદાયો અસ્તિત્વ ધરાવે છે. આ ધર્મ-સમ્પ્રદાયો પણ એટલા જ પુરાતન છે કે જેટલી પુરાતન છે ખુદ ભારતીય સંસ્કૃતિ. આજે એ ખોટી માન્યતા ફેલાવવામાં આવી રહી છે કે ભિન્ન ભિન્ન ધર્મ-સમ્પ્રદાયોથી આપણી સામાજિક એકતાને ધક્કો પહોંચે છે. આમ જોવા જતાં તો ખુરશી પાછળ ગાણ્ડા થતા રાજનેતાઓ છાશવારે ભાષા-પ્રાન્ત-જિલ્લા-જ્ઞાતિ મજૂર-ખેડૂત-કર્મચારી-વિદ્યાર્થી આદિવાસી વગેરે કોઈપણ સમુદાયને ઉશ્કેરી સમાજમાં અરસપરસ દ્વેષ ઝઘડા અશાન્તિ ફેલાવતા હોય છે, તો શું ભાષા, પ્રાન્ત વગેરે બધા વર્ગો સામાજિક એકતાને તોડનારા છે એવું માની લેવું જોઈએ! કદાપિ નહિં. કોઈ એક ભાષા બોલનાર કે કોઈ એક પ્રાન્તના વ્યક્તિના ગેરવર્તનથી શું તે ભાષા કે પ્રાન્તને વખોડી શકાય? આવું તો કોઈ અજ્ઞાની જ કરે. ખરેખર જોતાં તો દરેક શાસ્ત્રીય ધર્મસમ્પ્રદાયો ધર્મસમ્બન્ધી પ્રશિક્ષણ આપવાના કેન્દ્રો છે. આ એવા વિદ્યાલયો છે કે જેનાથી સમાજની નૈતિક ઉન્નતિની સાથોસાથ આધ્યાત્મિક ઉન્નતિ પણ થાય છે. આ સમ્પ્રદાયોના હોવાથી ડાહ્યા લોકોને તો સમાજમાં ધર્મની વ્યાપક જરૂરિયાત તથા સમૃદ્ધિનો જ અનુભવ થાય છે. નહીં કે ખણ્ડિતતા કે વિભાજન નો.

ખરેખર તો આ બધા જ શાસ્ત્રીય ધર્મ-સમ્પ્રદાયો ભગવાનૂની આજ્ઞાથી અલગ-અલગ સ્વભાવોવાળા જીવો માટે બન્યા છે. આથી દરેક સમ્પ્રદાયોનું કાર્યક્ષેત્ર પણ અલગ-અલગ છે. માટે કોઈ એક સમ્પ્રદાયનો, એના આદર્શરૂપમાં તો, કોઈ બીજા સમ્પ્રદાય સાથે વિરોધ પ્રતિસ્પર્ધા કે અથડામણનો પ્રશ્ન જ ઊભો નથી થતો. દા.ત. ભારતભરમાં અસઙ્ખ્ય વિદ્યાલયોથી જ્યારે આપણા સમાજની એકતા અને અખણ્ડિતાને ધક્કો નથી પહોંચતો ત્યારે આઙ્ગળીના વેઢે ગણી શકાય તેટલા આપણા ધર્મ-વિદ્યાલયો (સમ્પ્રદાયો) થી સમાજની એકતા કે અખણ્ડિતતાને શું ખતરો હોઈ શકે? આથી આપણને સમજવું જોઈએ કે ભારતીય ધર્મ-સમ્પ્રદાયોની સનાતન પરમ્પરા એ સઙ્કુચિતતા કે વિભાજનનું પ્રતીક ન હોઈ ધર્મની સનાતન અને વ્યાપક આવશ્યકતાની પ્રતીક છે. જો આ વિવિધતામાં સમાયેલી એકતાની સામે આપણે જોઈશું તો ભય કે સંશયનું કોઈ કારણ જ નહીં રહી જાય. આ પ્રમાણે આપણે ધર્મ-સમ્પ્રદાયના સાચા સ્વરૂપ અને મહત્ત્વને સમજ્યા.

આપણે જોયું કે દરેક શાસ્ત્રીય સમ્પ્રદાયો કોઈ ખાસ હેતુથી કોઈ ખાસ વર્ગના લોકો માટે ભગવાન્‌ની આજ્ઞાથી પ્રવર્તિત થયા છે. આથી જ બધા સમ્પ્રદાયો પોતાનામાં પરિપૂર્ણ છે, આવશ્યક છે તથા સારા છે.

જ્યારે પોતાના આત્મકલ્યાણ માટે આપણને કોઈ ધર્મ-સમ્પ્રદાયમાં પ્રવેશવાની ઈચ્છા થાય ત્યારે ક્યો ધર્મ-સમ્પ્રદાય આપણા માટે યોગ્ય છે એનો નિર્ણય આપણે કઈ રીતે કરીશું?

બધું જ સરળ વાત છે જેમ કોઈ વિદ્યાર્થીને વિજ્ઞાનમાં રુચિ હોય અને વિજ્ઞાનના ક્ષેત્રમાં આગળ વધવાની તેની ઈચ્છા પણ હોય તો તે શું કરશે? એ જ કે જે વિદ્યાલયમાં એની રુચિનો વિષય સારી રીતે ભણાવવામાં આવતો હોય તે વિદ્યાલયમાં એ પ્રવેશ મેળવશે. આ જ પ્રમાણે પ્રભુપ્રાપ્તિનો મનગમતો ઉપાય જ ધર્મસમ્પ્રદાયમાં શીખવવામાં આવતો હોય તે સમ્પ્રદાયમાં આપણે પ્રવેશ મેળવવો જોઈએ. પરન્તુ ધ્યાન રહે કે જેમ સમજદાર વિદ્યાર્થી જે વિદ્યાલયને મળેલી હોય તેમાં જ પ્રવેશ મેળવે છે તેમ આપણે પણ જોવું સમજવું પડશે કે જે સમ્પ્રદાયમાં આપણે પ્રવેશ કરવા જઈ રહ્યા છીએ તે સમ્પ્રદાય આપણા ભારતીય સનાતન ધર્મના આધારરૂપ વેદ વગેરે શાસ્ત્રોથી વિરુદ્ધ તો નથી! બીજું, આજકાલ ફૂટી નિકળેલા કહેવાતા ધર્મનિરપેક્ષતાવાદીઓ, સર્વધર્મસમતાવાદીઓ કે સામ્પ્રદાયિકતાના વિરોધીઓના છટકામાં આવીને આપણે એકસાથે બે કે વધારે સમ્પ્રદાયોમાં પગ રાખવાની ભૂલ ક્યારે પણ ન કરવી જોઈએ. કારણ કે એક સાથે બે હોડીઓમાં પગ રાખનાર યાત્રી પાર પહોંચી શકતો નથી. આથી ભગવાન્ શ્રીકૃષ્ણે ગીતામાં આજ્ઞા કરી છે :

શ્રેયાન્ સ્વધર્મો વિગુણઃ પરધર્માત્ સ્વનુષ્ઠિતાત્ ।
સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ ।।

અર્થ : સારી રીતે આચરેલા પરધર્મ (બીજાના ધર્મો) કરતાં સારી રીતે ન આચરેલો પણ સ્વધર્મ (પોતાનો ધર્મ) શ્રેષ્ઠ છે. કારણ કે સ્વધર્મ આચરતાં મરણ થાય તો પણ તે શ્રેષ્ઠ છે પરન્તુ પરધર્મ ભયકારક છે.

શ્રીમહાપ્રભુજી પણ 'સર્વનિર્ણયનિબન્ધ'માં આજ્ઞા કરે છે :

''સ્વધર્માચરણં શક્ત્યા વિધર્માચ્ચ નિવર્તનમ્''

અર્થ : શક્તિ પ્રમાણે સ્વધર્મનું આચરણ કરવું પણ વિધર્મથી તો દૂર જ રહેવું જોઈએ.

સમ્પ્રદાયનું બંધારણ :

સુસ્થાપિત તથા સુવિચારિત દરેક સમ્પ્રદાયના ચાર પક્ષો હોય છેઃ

૧. તત્ત્વદર્શન કે તત્ત્વવિચાર પક્ષ,
૨. સિદ્ધાન્તપક્ષ,
૩. સાધના, આચાર કે વ્યવહાર પક્ષ અને
૪. ફળપક્ષ.

ઉપરોક્ત ચાર પક્ષોની સામે ઉપદેશો પણ ચાર પ્રકારના હોય છે.

તત્ત્વોપદેશ : પરતત્ત્વ શું છે, જીવ-જગત્‌નું સ્વરૂપ તેમ જ મૂળ શું, પરમાત્મા સાથે જીવ-જગત્‌નો ક્યા પ્રકારનો સમ્બન્ધ છે આવા સમ્પ્રદાયના સિદ્ધાન્ત, વ્યવહાર અને ફલપક્ષના તાત્ત્વિક આધારના ઉપદેશને 'તત્ત્વોપદેશ' કહેવામાં આવે છે.

સિદ્ધાન્તોપદેશ : વ્યવહારનું નિયમન કરવા માટેના નીતિ-નિયમોનું નિરૂપણ તત્ત્વવિચારના આધારે, 'સિદ્ધાન્તોપદેશ'માં કરવામાં આવે છે.

વ્યવહારોપદેશ : સિદ્ધાન્તને વ્યવહારમાં કઈ રીતે મૂકવા અને કઈ રીતે ન મૂકવા તે બાબતના સૂચનો 'વ્યવહારોપદેશ' માં કરવામાં આવે છે.

ફળોપદેશ : વ્યવહારોપદેશમાં દર્શાવેલ વ્યવહાર અનુસાર વ્યવહાર (સાધના) કરતાં મળતા ફળનું નિરૂપણ 'ફળોપદેશ' દ્વારા કરવામાં આવે છે.

આ ચારેય ઉપદેશો પણ ફરી વિધિ-નિષેધાત્મક એટલે કે સકારાત્મક તથા નકારાત્મક આમ બે પ્રકારના હોય છે. આ બધા પ્રકારોને આપણે આપણા 'શુદ્ધાદ્વૈત પુષ્ટિભક્તિમાર્ગ'નાં આધારે સમજીશું.

૧. તત્ત્વોપદેશ

વિધિ : શ્રીકૃષ્ણ જગત્પિતા પરમાત્મા પરબ્રહ્મ છે.
નિષેધ : શ્રીકૃષ્ણ સિવાય અન્ય કોઈપણ દેવી-દેવતા કે અવતારો પરબ્રહ્મ નથી.

૨. સિદ્ધાન્તોપદેશ

વિધિ : શ્રીકૃષ્ણની સેવા કરવી એ જીવમાત્રનો ધર્મ છે.

નિષેધ : શ્રીકૃષ્ણને આરાધ્ય માની તેમના સેવા-સ્મરણ કરનાર માટે બીજા કોઈ દેવી-દેવતાઓનો આશ્રય કરવો એ અપરાધ છે.

૩. વ્યવહારોપદેશ

વિધિ : યોગ્ય ગુરૂ પાસેથી આત્મનિવેદનની દીક્ષા લઈ પોતાના ઘરમાં શ્રીકૃષ્ણનું સ્વરૂપ પધરાવી પોતાના જ તન અને ધનથી શ્રીકૃષ્ણની સેવા કરવી જોઈએ.

નિષેધ : અયોગ્ય વ્યક્તિ પાસે દીક્ષા ન લેવી જોઈએ. પોતાના ઘર સિવાય કોઈપણ સાર્વજનિક સ્થળોએ સેવા ન કરવી જોઈએ. સેવા કોઈને પૈસા કે કોઈ વસ્તુ આપીને ન કરાવવી જોઈએ તેમ જ સેવા કરવા કોઈ પાસેથી પૈસા કે કોઈ વસ્તુ લેવી પણ ન જોઈએ.

૪. ફળોપદેશ

વિધિ : કૃષ્ણસેવા જો પોતાના જ ઘરમાં પોતાના જ તન અને ધનથી પ્રેમપૂર્વક કરવામાં આવે તો સેવા કરનારનું મન અવિરતપણે શ્રીકૃષ્ણમાં પરોવાઈ જાય છે.

નિષેધ : ૧. કૃષ્ણસેવા જો હવેલી-મન્દિર જેવા જાહેરસ્થળે કરવામાં આવે અથવા ૨. સેવાર્થે પૈસા લઈને સેવા કરવામાં આવે કે ૩. સેવાર્થ પૈસા આપીને કરાવવામાં આવે તો કોઈનું પણ મન કૃષ્ણમાં પરોવાતું નથી. પૈસા આપનારનું મન અભિમાનથી દુષ્ટ બને છે. જ્યારે પૈસા લેનાર પાપી દેવલક બને છે. જાહેર મન્દિર કે હવેલીમાં સેવા કરનાર ગુરૂ જતે દહાડે દર્શનાર્થી જનતા કે સરકારનો પગારદાર પૂજારી-નોકર બની પતિત થાય છે.

સાધનાના આન્તર-બાહ્ય પક્ષો :

કોઈ પણ સમ્પ્રદાયની ઈમારતનો પાયો એ તત્ત્વવિચાર હોય છે, કે જેના પર તે સમ્પ્રદાયના સિદ્ધાન્ત અને સાધનાની ઈમારત ચણવામાં આવે છે. દરેક સમ્પ્રદાયોમાં સાધનાના આન્તર અને બાહ્ય આમ બે પક્ષો હોય છે. જેમ ભણવા માટે શાળાએ જવું, શિક્ષકને આદર આપવો, શિક્ષક બોલે તેની નોન્ધ લેવી, ગણવેશ પહેરવો વગેરે બાહ્ય પક્ષો છે. જ્યારે, ભણેલા વિષયોનું પુનરાવર્તન કરવું, તેને યાદ કરવા વગેરે ભણવા માટેના આન્તર પક્ષો છે. આ બન્ને પક્ષો જેમ

વિદ્યાપ્રાપ્તિમાટે જરૂરી હોય છે તેમ સામ્પ્રદાયિક સાધનામાં પણ તેના આન્તર તેમ જ બાહ્ય બન્ને પક્ષો સમાનરૂપથી મત્ત્વના હોય છે. પુષ્ટિભક્તિમાર્ગમાં શ્રીકૃષ્ણના નામ-રૂપ-લીલાનું શ્રવણ-કીર્તન-સ્મરણ એ આન્તર સાધના છે. પોતાના તન-ધનથી કરાતી શ્રીકૃષ્ણની સેવા એ બાહ્ય ક્રિયાત્મક સાધના છે. સાધનાની સમ્પૂર્ણતા આ બન્ને પક્ષો ભેગા થાય ત્યારે થાય છે.

સમ્પ્રદાયરહિત સાધના નિષ્ફળ :

આપણા શાસ્ત્રોમાં ભિન્ન ભિન્ન પ્રકારના અસઙ્ખ્ય કર્તવ્ય તથા અકર્તવ્ય કર્મ (કર્તવ્ય કર્મ=કરવાયોગ્ય કાર્યો. અકર્તવ્ય કર્મ=ન કરવા જેવા કાર્યો.) નું નિરૂપણ મનુષ્યોનો વિભિન્ન સ્વભાવ રુચિ તથા યોગ્યતાને અનુલક્ષીને કરવામાં આવ્યું છે. અસંખ્ય કર્તવ્યોમાંથી કોનું શું કર્તવ્ય છે એનું નિર્ધારણ સામાન્ય મનુષ્ય ન જ કરી શકે. જેમ આપણા બન્ધારણમાં ચોરી, આવકવેરા, સમ્પત્તિવેરા, ખેતી, નિકાસ વગેરે બાબતોને લગતા અસઙ્ખ્ય કાયદાઓ ઘડાયેલા છે. તે પૈકી કોઈ બાબતોમાં જો કોઈ પ્રશ્ન કે મૂંઝવણ ઊભી થાય તો આપણે તે બાબતના નિષ્ણાત ધારાશાસ્ત્રી-વકીલની મદ્દ લેતા હોઈએ છીએ. કારણ કે જો આપણે વકીલની સલાહ વિના તેમજ કાયદેસર સહી-સિક્કા કરાવ્યા વિના કોઈ કાર્ય આરમ્ભી દઈએ તો એ કાર્ય ગેરકાયદેસર ગણાય છે. તેજ પ્રમાણે સમ્પ્રદાયો દ્વારા આપણે પોતાની રુચિ સ્વભાવ તેમજ યોગ્યતા અનુસાર આપણું શું કર્તવ્ય છે તેનું નિર્ધારણ કરી શકીએ છીએ. આ વિના બીજી કોઈપણ રીતે આપણે આપણા કર્તવ્યનું નિર્ધારણ કરી નથી શકતા. આથી જ આપણા શાસ્ત્રોમાં સમ્પ્રદાયની અનિવાર્ય જરૂરિયાત જણાવતાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે સમ્પ્રદાયમાં પ્રવેશ કર્યા સિવાય જો કોઈ પણ કર્મ કરવામાં આવે તો તે કર્મ નિષ્ફળ છે.

''અદીક્ષિતસ્ય વામોરુ કૃતં સર્વમ્ અનર્થકમ્।
પશુયોનિમ્ અવાપનોતિ દીક્ષાહીનો નરો મૃતઃ।।''

અર્થ : દીક્ષા ન લેનાર વ્યક્તિએ કરેલું સઘળું ન કર્યા બરાબર છે. દીક્ષા ન લેનાર પુરુષને મરેલો જાણવો, તે પશુયોનિને પ્રાપ્ત કરે છે.

જે સાધક પોતાના સમ્પ્રદાયના તત્ત્વોપદેશ, સિદ્ધાન્તોપદેશ તેમજ વ્યવહારોપદેશ ને સારી રીતે સમજીને સાધના કરે છે એ શ્રેષ્ઠ છે.

જે સાધક સમ્પ્રદાયના તત્ત્વોપદેશના જ્ઞાન વિના કેવળ સિદ્ધાન્તોપદેશ

અને વ્યવહારોપદેશ ને સમજીને સાધના કરે છે એ મધ્યમ છે.

જ્યારે, જે સાધક સમ્પ્રદાયના કેવળ વ્યવહારોપદેશનું જ્ઞાન મેળવીને સાધના કરે છે તેના માર્ગથી ભટકી જવાની શક્યતા પ્રબળ હોવાથી આવા સાધકને હીન, નિમ્ન કે જઘન્ય કક્ષાનો માનવામાં આવે છે.

પરન્તુ જે સાધકને સમ્પ્રદાયના વ્યવહારપક્ષનું પણ ભાન હોતું નથી એની તો કોઈ કક્ષામાં ગણતરી જ થઈ શકતી નથી.

વિશેષવાંચન માટેના ગ્રન્થો :

શ્રીગટ્ટુલાલજીકૃત સત્સિદ્ધાન્તમાર્તણ્ડ.

૧૦. પુષ્ટિભક્તિમાર્ગ

ભગવાનૂની જીવસૃષ્ટિમાં કેટલાક જીવોને ભગવાને પુષ્ટિસ્વભાવના બનાવ્યા છે. શ્રીકૃષ્ણની સ્વરૂપસેવા માટે જ આ પુષ્ટિજીવોની સૃષ્ટિ છે. પુષ્ટિજીવો, પરન્તુ, પ્રભુથી છૂટા પડી જવાને કારણે અન્ય પ્રવાહી જીવોની માફક સાંસારિક બાબતોમાં લાગી ગયા છે. રજાના દિવસોમાં રમત-ગમતમાં પડી જવાને કારણે વિદ્યાર્થીઓ જેમ શાળા-ચોપડીઓને ભૂલી જાય છે તેમ પુષ્ટિજીવો પણ પ્રભુની વિખૂટા પડી જવાને કારણે પ્રભુસેવારૂપ પોતાના કર્તવ્યને ભૂલી ગયા. કલિકાલને કારણે વેદ-શાસ્ત્રના નામે અનેક પાખણ્ડ મતો ફૂટી નિકળવાને કારણે ધર્મનું સાચું સ્વરૂપ ઢંકાઈ ગયું. વેદવિરુદ્ધ એવું નિષિદ્ધ-અધાર્મિક આચરણ કરવાથી લોકો પાપના ભાગી બન્યા. ક્રૂર ઘાતકી મુસલમાન રાજાઓના આતંકને કારણે લોકો પરાણે પોતાના ધર્મને છોડી રહ્યા હતા. આ પરિસ્થિતિમાં સીધાસાદા લોકો ધર્મનું આચરણ કઈ રીતે કરી શકવાના હતા! ધર્મનું જ્ઞાન કઈ રીતે મેળવી શકવાના હતા! લોકોની આવી અસહાય અવસ્થા જોઈ કેટલાક ભણેલા-ગણેલા અને પ્રતિષ્ઠિત પરન્તુ લાલચુ બ્રાહ્મણોએ ધર્મનો વેપાર શરૂ કરી દીધો. આ કારણે ધર્મનું સ્વરૂપ એટલી હદે વિકૃત થઈ ગયું કે ધર્મ શું અને અધર્મ શું એ જ સમજાતું બન્ધ થઈ ગયું. અસહાય માણસ જેમ અધીર, અસહિષ્ણુ, લાલચુ બની જાય છે તેમ ઓછી મહેનતે વધુ ફળ મેળવવાની લાલચ અજ્ઞાની લોકો ધન-સમ્પત્તિ, પ્રતિષ્ઠા માટે કર્મ કરનારા થઈ ગયા. વળી ધર્મ, કે જેને ભારતીય સંસ્કૃતિમાં એક જીવનપ્રણાલી અને વ્યક્તિગત સાધનાના રૂપમાં માનવામાં આવે છે, તે મટી જઈ જાહેર પ્રદર્શન, પદપ્રતિષ્ઠા તેમજ સમ્પત્તિ મેળવવાનું સાધન બની ચૂક્યો હતો. અન્તે બ્રાહ્મણો પણ ધર્મનું જ્ઞાન ભૂલી જવાથી પોતાની સ્વધર્મરૂપ દેવપૂજાને-મન્દિરોના માધ્યમથી, ધર્મના ઓઠા હેઠળ-પોતાની આજીવિકાનું સાધન-ધન્ધો બનાવી બેઠા. શાસ્ત્રમાં બતાવેલ શ્રીકૃષ્ણના વિભૂતિરૂપ દેવી-દેવતાઓની ઉપાસનાથી મળતા ક્ષુદ્ર-નાશવન્ત લૌકિક ફળોના મોહથી લોકો, બધા જ દેવી-દેવતાઓ તેમજ જડ-ચેતન વસ્તુમાત્રના મૂળરૂપ પરબ્રહ્મ શ્રીકૃષ્ણની શુદ્ધ નિષ્કામ પુષ્ટિભક્તિના સ્વરૂપને ભૂલી ગયા હતા. વળી પુષ્ટિભક્તિનું જેમાં નિરૂપણ છે એવા શ્રીભાગવત્શાસ્ત્રનો સાચો અર્થ, સ્વાર્થી લોકોએ કરેલા તેના મનસ્વી અર્થને કારણે, છુપાઈ ગયો હતો. નદીના પ્રવાહમાં તણાતા માણસને જો બચાવનાર કોઈ ન હોય તો નછૂટકે તણાવું જ પડે છે. કલિકાલના આવા પ્રવાહમાં પુષ્ટિજીવો પણ તણાવા લાગ્યા. જેમને પોતાની સેવા માટે સર્જ્યા છે તેવા જીવોનું જીવન સેવા વિના વેડફાતું

જોઈ પોતાની સેવાનો માર્ગ પ્રકટ કરી કાલપ્રવાહમાં તણાતા પુષ્ટિજીવોનો ઉદ્ધાર કરવાની શ્રીમહાપ્રભુજીને ભગવાને આજ્ઞા કરી. ભગવાન્ શ્રીકૃષ્ણની આજ્ઞાથી શ્રીકૃષ્ણની સેવા અને સમર્પણનો જે માર્ગ શ્રીમહાપ્રભુજીએ સ્થાપ્યો તેને જ 'પુષ્ટિભક્તિમાર્ગ' નામે ઓળખવામાં આવે છે.

ભક્તના મનમાં ભક્તિ થકી લૌકિક-પારલૌકિક ફળ કે મોક્ષ પણ મેળવવાની કામના થાય તો તેવી ભક્તિને 'પુષ્ટિભક્તિ' નથી કહેવાતી. આથી જો પુષ્ટિભક્તિમાર્ગની વ્યાખ્યા આપવી હોય તો ''મોક્ષની પણ કામના રાખ્યા વિના શ્રીકૃષ્ણની કૃપા થકી શ્રીકૃષ્ણની ભક્તિ મેળવવાના માર્ગને 'પુષ્ટિભક્તિમાર્ગ' કહેવામાં આવે છે'' આ પ્રમાણે આપી શકાય. પુષ્ટિભક્તિની સમજ શ્રીમહાપ્રભુજીના શિષ્ય બુલા મિશ્રના ચરિત્રથી બહુ જ સુન્દર રીતે મળે છે.

બુલા મિશ્રનો જન્મ એક બ્રાહ્મણ પરિવારમાં થયો. મજા-મસ્તીમાં પડેલા બુલા મિશ્રને પિતાએ ટોકતાં એમને વિદ્યા મેળવવાની લગની લાગી. વિદ્યા મેળવવા કાશી ગયા. ઘણી મહેનત કરી પરન્તુ સફળ ન થયા. અન્તે ભગવાન્ની ઈચ્છાથી જ બધું થાય છે એમ વિચારી 'વિષ્ણુ-વિષ્ણુ-વિષ્ણુ' જપ કરવા લાગ્યા. અન્ન-જળનો ત્યાગ કરી દીધો. પ્રભુ પ્રસન્ન થયા. દર્શન આપી શ્રીમહાપ્રભુજી પાસે જવાની આજ્ઞા કરી. આજ્ઞા મળતાં એ તો પહોંચ્યા શ્રીમહાપ્રભુજી પાસે. એમના આવતાં જ શ્રીમહાપ્રભુજીએ કહ્યું-''ધન્ય છે તને! આટલી ધીરજ અને દૃઢતાના પરિણામે આ જ દેહથી પ્રભુના દર્શન કર્યા''. બુલા મિશ્રે વિનન્તી કરી-''કૃપાનાથ! દર્શન થયા એ તો આપની મોટી કૃપા, પરન્તુ પ્રભુસ્વરૂપનો આનન્દ ન મળ્યો. એ તો આપ કૃપા કરીને જ્યારે સેવક બનાવશો ત્યારે જ મળશે''. શ્રીમહાપ્રભુજીએ એમની પરીક્ષા લેવાની ઈચ્છાથી ટાળતાં કહ્યું-''હવે તમને શું કરવાનું બાકી રહ્યું? સાક્ષાત્ દર્શન તો થઈ ગયા!'' આ સામ્ભળી બુલા મિશ્ર બોલ્યા ''મને મુક્તિ નહીં, ભક્તિ જોઈએ છે. માટે જ હું આપના શરણે આવ્યો છું''.

દર્શન માટે તો અનેક લોકો મન્દિરોમાં ભટકતા જ હોય છે અને દિવસમાં એકાદ વખત દર્શન કરીને કર્તવ્યપાલનનો સન્તોષ પણ માની લેતા હોય છે. આવા દર્શનવાદી લોકો, પરન્તુ પુષ્ટિમાર્ગને લાયક હોતા નથી. શાસ્ત્રોએ ક્યાં પણ દેવદર્શનને 'સાધના' તરીકે સ્થાન આપ્યું નથી. નવ-નવ ભક્તિના પ્રકારો ભક્તિશાસ્ત્ર

એવા ભાગવત પુરાણમાં ગણાવ્યા છે તેમાં શ્રવણ-કીર્તન-સ્મરણને ભક્તિના પ્રકાર-અંગ તરીકે ગણાવ્યા છે, અર્ચન-વન્દન-પાદસેવનને ભક્તિના અંગ તરીકે ગણાવ્યા છે, સખ્ય-દાસ્ય-આત્મનિવેદનને પણ ભક્તિના અંગ તરીકે ગણાવ્યા છે પરન્તુ 'દર્શન'ને ભક્તિના પ્રકાર તરીકે નવધાભક્તિમાં જગ્યા મળી નથી કે જેની આજે પુષ્ટિમાર્ગમાં અનહદ બોલબાલા છે!

ખરેખર તો શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્યનું પ્રયોજન પ્રભુસેવા અને સમર્પણના માર્ગે પુષ્ટિજીવોને વાળવાનું હતું. બાકી દર્શનમાત્રથી સન્તોષ માની લેનારા 'દર્શનવાદી'ઓ માટે તો શ્રીમહાપ્રભુજી પૂર્વે ભારતભરમાં ગણી ન શકાય તેટલા કૃષ્ણમન્દિરો ક્યાં ન હતા!

પ્રભુએ તો પુષ્ટિજીવોને પ્રકટ જ પોતાની સેવા માટે કર્યા છે. માટે પુષ્ટિજીવને તો પ્રભુની સેવામાં જ રુચિ હોય. માત્ર દર્શનથી જ પુષ્ટિજીવને ક્યાંથી સન્તોષ થાય! દર્શનમાત્રથી સન્તોષ માનનારાઓ કદી પણ પુષ્ટિજીવ હોઈ શકતા નથી. અને જે પુષ્ટિજીવ જ ન હોય તેને પુષ્ટિમાર્ગમાં કેવી રીતે પ્રવેશ આપી શકાય? આવું વિચારીને શ્રીમહાપ્રભુજીએ બુલા મિશ્રને એક વખત ટાળવાનો પ્રયત્ન કર્યો અને કહ્યું - ''પ્રભુના દર્શન તો તમને સાક્ષાત્ થઈ ગયા, હવે તમને શું કરવાનું બાકી રહ્યું?'' પરન્તુ બુલા મિશ્ર તો પુષ્ટિજીવ હતા. એમને દર્શનમાત્રથી સન્તોષ ક્યાંથી થવાનો હતો! ભલેને એ દર્શન અલૌકિકરૂપે પણ કેમ ન થયા હોય! પુષ્ટિજીવનું તો કર્તવ્ય જ સર્વસમર્પણપૂર્વક પ્રભુસેવા કરવાનું છે. જો એ સેવા નથી કરતો તો એનું અસ્તિત્વ જ નિરર્થક બની જાય. આથી જ બુલા મિશ્રે જવાબ આપ્યો - ''દર્શન થયા એ તો આપની કૃપા, પણ મારે તો પ્રભુની ભક્તિ જોઈએ છે. આથી જ હું આપના શરણે આવ્યો છું''.

આ પ્રમાણે આપણે સમજ્યા કે પ્રભુની સેવા-ભક્તિનો માર્ગ 'પુષ્ટિભક્તિમાર્ગ' છે. આ માર્ગમાં સાધન પણ પ્રભુસેવા છે અને એના વડે મેળવવાનું ફલ પણ પ્રભુસેવા જ છે.

૧૧. ભગવદાશ્રય

આશ્રય :

આલોક પરલોક સમ્બન્ધી કે ભક્તિ સમ્બન્ધી અશક્ય તેમજ શક્ય દરેક બાબતોમાં એકમાત્ર શ્રીકૃષ્ણ જ મારા રક્ષક અને આધાર છે દ્ર આવા સર્વદા સર્વપ્રકારે રાખવામાં આવતા ભાવને પુષ્ટિભક્તિમાર્ગમાં 'આશ્રય' કહેવામાં આવે છે.

આશ્રયનો મહિમા :

ભગવદાશ્રયનો મહિમા આપણા ઈતિહાસ-પુરાણ વગેરેમાં આવતા ભક્તોના ચરિત્રોમાં ઠેર-ઠેર વર્ણવવામાં આવ્યો છે.

પ્રાચીન સમયમાં હિરણ્યકશિપુ નામનો એક દુષ્ટ-પાપી દૈત્ય રાજા થઈ ગયો. એના સહુથી નાના પુત્રનું નામ પ્રહ્લાદ હતું. પ્રહ્લાદ પરમ ભગવદ્ભક્ત હતા. સૂતા-બેસતાં, ખાતા-પીતા બસ ભગવાનનું જ ધ્યાન કરતા રહેતા. તેઓ થોડા મોટા થતાં પિતાએ તેમના શિક્ષણ માટે બે રાક્ષસ ગુરુઓને રોક્યા. પરન્તુ રાજનીતિના એ શિક્ષણમાં એમનું મન લાગતું ન હતું. એક દિવસ હિરણ્યકશિપુએ પ્રહ્લાદને પૂછ્યું -''દીકરા! તને કઈ વસ્તુ સારી લાગે છે?'' પ્રહ્લાદ જાણતા હતા કે ભગવાને એમના પિતાના દુષ્ટ ભાઈને માર્યો હોવાથી તે ભગવાન્ અને ભગવદ્ભક્તોના વેરી છે. છતાંય એમણે ખૂબ નિડરતાથી ઉત્તર આપતાં કહ્યું દ્ર ''ભગવાન્થી દૂર લઈ જનારી તમામ સાંસારિક બાબતોથી દૂર રહી ભગવાનનો જ આશ્રય કરવો જોઈએ. એને જ હું ઉત્તમ સમજું છું''.

આવો ઉત્તર સાંભળીને તો હિરણ્યકશિપુ ક્રોધથી રાતો-પીળો થઈ ગયો. પ્રહ્લાદના ગુરુઓને એણે તરત જ બોલાવી ફરીથી કાળજીપૂર્વક શિક્ષણ આપવાનું કહ્યું. પરન્તુ પ્રહ્લાદનું મન તો જેમ લોહચુંબક લોઢા તરફ આપોઆપ ખેંચાઈ જાય છે તેમ ભગવાનમાં જ લાગેલું રહેતું.

થોડા દિવસ પછી ફરી હિરણ્યકશિપુએ પ્રહ્લાદને પૂછ્યું દ્ર''હે પ્રહ્લાદ! આ સમયમાં તું ગુરુજનો પાસેથી શું શીખ્યો તે કહે!'' પ્રહ્લાદે કહ્યું : દ્ર ''શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય,

સખ્ય અને આત્મનિવેદન આમ નવ પ્રકારવાળી ભક્તિ ભગવાન્ને અર્પણ કરવાનું જેવા ભણતરથી શીખી શકાય એવા ભણતરને હું ઉત્તમ ગણું છું ''.

આ સાંભળીને હિરણ્યકશિપુના ગુસ્સાનો પાર ન રહ્યો. એણે પ્રહ્લાદને મરાવી નાખવાનો નિર્ણય કર્યો. તેમને મારવા હાથીના પગતળે કચડાવ્યા, ઝેરી સાપ કરડાવ્યા, પર્વત પરથી ફેંક્યા, ઝેર પાયું, સમુદ્રમાં ફેંક્યા; પરંતુ એકમાત્ર ભગવાનનો જ જેને આશ્રય છે એવા પ્રહ્લાદનો વાળ પણ વાંકો ન થયો. જ્યારે એમને અગ્નિમાં ફેંકવામાં આવ્યા ત્યારે પ્રહ્લાદે કહ્યું :

> ''બધા પ્રકારના દુ:ખોને દૂર કરવાનો એકમાત્ર ઉપાય ભગવાન્નામનો જપ કરવો એ જ છે, જે ભગવાન્ના નામનો ઉચ્ચાર કર્યા કરે છે એને કોઈ પણ પ્રકારનો ભય ક્યાંથી હોય! હે પિતાજી, જુઓ! જે અગ્નિ બધું બાળી નાખે છે તે પ્રભુનામના ઉચ્ચારને કારણે મારા અનના સ્પર્શથી જળસમાન શીતળ થઈ ગયો છે''.

પ્રહ્લાદના આ વચનોનો અર્થ એ જ છે કે ભગવદાશ્રયમાં એટલી શક્તિ છે કે એની સામે લૌકિક કે પારલૌકિક બધી શક્તિઓ તુચ્છ બની જાય છે અને શ્રીકૃષ્ણનો આશ્રય કરનાર જીવ શ્રીકૃષ્ણને સરળતાથી પામી શકે છે.

સમયના ભરોસે ન રહો :

રાક્ષસ બાળકોને ઉપદેશ આપતાં પ્રહ્લાદજીએ કહ્યું છે કે બધા દેહોમાં મનુષ્યદેહ જ એવો છે કે જેમાં જીવ પરમાત્માની પ્રાપ્તિના ઉપાયો આદરી શકે છે. આવો મનુષ્યદેહ બહુ ભાગ્યવાનને મળે છે. આથી મનુષ્ય જન્મમાં તો ભગવાનના ચરણોનો આશ્રય લેવો એ જ એકમાત્ર ધર્મ છે.

પ્રહ્લાદજી આગળ કહે છે કે સામાન્ય રીતે મનુષ્યનું આયુષ્ય સો વર્ષનું ગણાય છે. તેમાં અડધું આયુષ્ય તો ઊંઘવામાં જ ચાલ્યું જાય છે. નાનપણના વર્ષો જ્ઞાનતામાં નિકળી જાય છે. આગળના થોડા વર્ષો રમત-ગમ્મતમાં જાય છે. એથી મોટા થતાં ઘર-સંસારની કડાકૂટમાં; અને

ઘડપણ આવતાં આંખ, કાન, હાથ, પગ, બુદ્ધિ વગેરે નિર્બળ નિષ્ક્રિય થતાં માણસ કાંઈ પણ કરી શકવાની સ્થિતિમાં રહી જાતો નથી. આમ આપણે સમજી શકીએ છીએ કે ''બધું એના સમયપર થાય છે'' આવું માનનારાઓ કેટલા અજ્ઞાની છે! આવા લોકોનું જીવન સમયની રાહ જોવામાં પસાર થઈ જાતું હોય છે. આથી કહેવાય છે કે

''યુવૈવ ધર્મશીલઃ સ્યાદ્ અનિમિત્તં હિ જીવનમ્।
ફલાનામિવ પક્વાનાં સદા હિ પતનાદ્ ભયમ્।।''

ભાવાર્થ : મનુષ્યે યુવાવસ્થામાં જ ધર્માચરણ કરતાં થઈ જવું જોઈએ. કારણ કે જીવનનો કોઈ ભરોસો હોતો નથી. (''ઘડપણમાં હરિગુણ ગાશું'' એવી માન્યતા ધરાવનારાઓમાટે કહેવાયું છે કે) જેમ પાકેલું ફળ વૃક્ષ પરથી કોઈ પણ સમયે નીચે પડી શકે છે તેમ ઘરડા માણસને સતત મૃત્યુનો ભય રહેલો હોય છે. અર્થાત્ ઘરડો માણસ કોઈ પણ સમયે મૃત્યુ પામી શકે છે.

આ જ બાબતને સમજાવતી એક રસપ્રદ ઘટના મહાભારતમાં વર્ણવાઈ છે. એક સમયે યુધિષ્ઠિરને ત્યાં કોઈ એક બ્રાહ્મણ મદદ માંગવા ગયો. યુધિષ્ઠિરે બ્રાહ્મણને બીજે દવસે દાન આપવાના સમયે આવવાનું કહ્યું. આ સાંભળીને ભીમને નવાઈ લાગી અને એ તો ઢોલ-શરણાઈ વગાડીને ઉત્સવ ઉજવવા લાગ્યો. આ કોલાહલ સાંભળીને યુધિષ્ઠિરે ભીમને આમ કરવાનું કારણ પૂછ્યું. ભીમે ઉત્તર આપ્યોઃ''આપે કાળ ઉપર વિજય મેળવી લીધો એની ખુશીમાં આ ઉત્સવ ઉજવાઈ રહ્યો છે. કારણ કે પેલા બ્રાહ્મણને આપે આવતી કાલે દાન આપવાનું કહ્યું; તેથી ઓછામાં ઓછું કાલ સુધી જીવિત રહેવાની આપને ખાત્રી છે. એ જાણીને મને ખૂબ આનન્દ થયો''. ભીમના કટાક્ષપૂર્ણ વચનો સાંભળીને યુધિષ્ઠિરને પોતાની એ ભૂલ સમજાઈ કે ખરેખર સમય કોઈને વશ નથી. એમણે બ્રાહ્મણને બોલાવી જોઈતી મદદ આપી.

આ બધાથી એક જ વાત ફલિત થાય છે કે સમયના ભરોસે રહ્યા વિના પ્રભુના સેવા-સ્મરણમાં લાગી જવું જોઈએ. પ્રભુકાર્ય કરવામાં ઉંમરનો કોઈ નિયમ હોતો નથી.

આશ્રયનું સ્વરૂપ :

'આશ્રય' શબ્દના બે અર્થો થાય છે :

૧. આશ્રય=આશ્રય લેવાની ક્રિયા.
૨. આશ્રય=જેનો આશ્રય લેવામાં આવે છે તે વ્યક્તિ કે વસ્તુ.

૧.આશ્રય= આશ્રય લેવાની ક્રિયા. દાખલા તરીકે કોઈ ડૂબતો માણસ બચવામાટે લાકડું પકડે તો આપણે કહીએ છીએ કે એણે લાકડાનો આશ્રય લીધો. તેવી જ રીતે વરસાદમાં ભીંજાતો માણસ દોડીને છાપરાની નીચે ઘૂસી જાય તો પણ આપણે એમ કહેતાં હોઈએ છીએ કે એણે છાપરાનો આશ્રય લીધો. આમ આપણે સમજી શકીએ છીએ કે આશ્રયનો એક અર્થ 'આશ્રય લેવાની ક્રિયા' થાય છે.

૨.આશ્રય= જેનો આશ્રય લેવામાં આવે છે તે વ્યક્તિ કે વસ્તુ. ઉપરોક્ત ઉદાહરણથી જ જો આ અર્થને સમજવામાં આવે તો લાકડા તથા છાપરાને 'આશ્રય' કહી શકાય. બીજા શબ્દોમાં સમજવું હોય તો જે જમીનના આધારે આપણે ઊભા રહીએ છીએ તેને પણ 'આશ્રય' કહી શકાય.

સર્વના આશ્રયરૂપ ભગવાન્ :

ભગવાન્ શ્રીકૃષ્ણ અર્જુનને પોતાનું અલૌકિક સ્વરૂપ સમજાવતાં ગીતામાં આજ્ઞા કરે છે :

> ''હે અર્જુન! દોરામાં જેમ મણિઓ પોરવાઈને રહે છે તેમ આ સમગ્ર જડ-જીવાત્મક જગત્ મારો આશ્રય લઈને ટકી રહેલું છે''.

ભગવાનના આ વચનથી આપણે સમજી શકીએ છીએ કે આ સમગ્ર સૃષ્ટિના આશ્રયરૂપ ભગવાન્ જ છે. આ દૃષ્ટિએ જોતાં તો કોઈ પ્રભુનો આશ્રય લે કે ન લે; પ્રભુ સર્વના આશ્રય બનેલા જ છે. આથી જ્યારે પ્રભુનો આશ્રય લેવામાં આવે છે ત્યારે ખરેખર તો ''પ્રભુ મારા

આશ્રય છે'' એ ભુલાઈ ગયેલ વાતનું માત્ર સ્મરણ જ કરવામાં આવે છે. કારણ કે ભગવાન્ જો આ સૃષ્ટિના આશ્રય (રક્ષક-આધાર) ન હોય તો સૃષ્ટિનું અસ્તિત્વ જ ન સંભવે.

આશ્રયનું સ્મરણ જરૂરી છે :

આપણે માનીએ કે ન માનીએ છતાંય ભગવાન્ તો આપણા આશ્રયરૂપ રહેવાના જ છે; તો પછી વારંવાર આશ્રયનું સ્મરણ શા માટે કરવું?

આવું જો વિચારીએ તો અપરાધ પડે. જેમ એક બાળક છે કે જે દરરોજ સવારે ઊઠીને માતા-પિતા ને વંદન કરે છે. તેમની સાથે વિવેકપૂર્વક વર્તન કરે છે, તેમને રાજી રાખે છે. અને બીજો બાળક છે કે જે એવું માને છે કે માતા-પિતાએ જન્મ આપ્યો છે તો ખાવા-પીવા-રહેવા તો આપશે જ, પછી રોજ-રોજ વંદન શું કરવાના! વિચારો કે આ બન્ને બાળકોમાંથી કયું બાળક માતા-પિતા ને પ્રિય લાગશે? સ્વાભાવિકરીતે પહેલું બાળક જ સ્તો! આ પરથી સમજવાનું છે કે જેમ માતા-પિતા પોતાના સંતાનોને ખાવા-પિવા-રહેવા તો આપવાના જ છે છતાં જે સંસ્કારી બાળક છે તે તો આવી બધી વાતોની પરવાહ કર્યા સિવાય જ માતા-પિતા ની પ્રસન્નતામાટે સ્વભાવથી જ એમનો આદર તથા સેવા કરતો હોય છે. તે જ પ્રમાણે જીવમાત્રના પિતા ભગવાન્ શ્રીકૃષ્ણ છે. આથી જગત્પિતા પરમાત્મા શ્રીકૃષ્ણના આશ્રયનું સ્મરણ તેમજ તેમની સેવા કરવી એ પણ જીવમાત્રનું પ્રથમ અને અંતિમ કર્તવ્ય છે.

પોતાના કર્તવ્યનું પાલન કરનારા બાળકને જોઈને જેમ માતા-પિતા રાજી થાય છે તેમ પોતાનો અંશ જીવ પણ જો સેવા-સ્મરણાદિ રૂપ કર્તવ્યનું પાલન કરતો થાય છે તો ભગવાન્ પણ પ્રસન્ન અને સંતુષ્ટ થાય છે. આથી જ શ્રીઆચાર્યચરણ નવરત્નગ્રન્થમાં આજ્ઞા કરે છે :

> ''મન, વાણી અને દેહ થી પ્રભુના શરણે જઈ
> હંમેશા અષ્ટાક્ષરમંત્ર બોલતા રહેવું જોઈએ એવો મારો
> નિશ્ચય છે''.

આ શ્લોકની વ્યાખ્યામાં પ્રભુચરણ શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે જો નિરંતર અષ્ટાક્ષરમંત્રનો પાઠ કરવામાં ન આવે તો આસુરીભાવો આપણામાં પ્રવેશી જાય છે.

લૌકિક સુખ-દુઃખનું કારણ કર્તાપણાનું અભિમાન :

આસુરીભાવોને કારણે આપણે એમ સમજવા લાગીએ છીએ કે મારું હાલમાં જે કાંઈ પણ થઈ રહ્યું છે, ભૂતકાળમાં જે કંઈપણ થયું છે અને ભવિષ્યમાં પણ જે થશે તે બધાનું કારણ હું છું. આવા કર્તાપણાના અભિમાનને કારણે જ આપણને લૌકિક સુખ-દુઃખોની પીડા અનુભવાય છે.

લૌકિક સુખ પણ પીડાકારી છે :

સ્વજનનું મરણ થવું, ઈચ્છા પૂરી ન થવી કે બીમાર પડી જવું વગેરે જેવા લૌકિક દુઃખો તો પીડા આપનારા હોય જ છે. સાથો-સાથ સ્વર્ગાદિ લોક, ધનસંપત્તિ, સ્ત્રીપુત્રાદિ, સ્વાદિષ્ટ ભોજન વગેરેથી મળતું સુખ પણ સરવાળે દુઃખ આપનારું જ નીવડે છે એ આપણે ભૂલવું ન જોઈએ.

રૂપિયા વપરાઈ જતાં જેમ ફરીથી કમાવા જવું પડે છે તેમ સ્વર્ગલોકનું સુખ ભોગવનાર વ્યક્તિનું પુણ્ય સમાપ્ત થઈ જતાં ફરીથી તેને આ મૃત્યુલોક-પૃથ્વી માં આવવું પડે છે. જેટલા પરિશ્રમ તથા દુઃખ વેઠીને માણસ ધન-સંપતિ એકઠી કરે છે અને તેને ભોગવવાના સપનાં જુએ છે તેને કેટલાક ભોગવ્યા વિના સિધાવી જાય છે, કેટલાકને તો એકઠી કરેલી સંપત્તિને વાપરવાનો જીવ જ ચાલતો નથી હોતો અને કેટલાક દુર્ભાગ્યે એ ધનસંપત્તિને ક્ષણભરમાં ગુમાવી પણ બેસે છે. સ્ત્રી-પુત્રાદિ પણ જ્યાં સુધી પોતાની ઈચ્છાને અનુરૂપ ચાલે છે ત્યાં સુધી જ સુખકર લાગે છે વળી અનુકૂળ સ્ત્રી-પુત્રાદિ પણ હંમેશા સાથે નથી રહેતા; વહેલા કે મોડા એમનો સાથ પણ છૂટવો નક્કી જ છે. સ્વાદિષ્ટ ભોજન પણ શરીર સ્વસ્થ હોય ત્યાં સુધી જ આનન્દ આપે છે; વૃદ્ધાવસ્થામાં દાંત પડી જાય ત્યારે તો માત્ર સુગંધ લઈને જ સંતોષ માનવો પડે છે. ટૂંકમાં કોઈ પણ લૌકિક સુખ કાયમી હોતું નથી. તેથી જ લૌકિકમાં જે વસ્તુને

સુખ આપનારી સમજવામાં આવે છે ત જ વસ્તુ દુઃખનું કારણ પણ બને છે. આથી લૌકિક સુખોને અંતે દુઃખ આપનારા સમજીને તેને મેળવવામાં સમય વેડફવા કરતાં પ્રભુસેવા-સ્મરણાદિરૂપ અવિનાશી અલૌકિક સુખ મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

ભગવદાશ્રય-શરણાગતિ થી નિશ્ચિંતતા :

આપણે જોયું કે લૌકિક સુખ-દુઃખો ક્યા પ્રકારે પીડાકારી છે. જો આ પીડાથી છુટકારો મેળવવો હોય તો તેનો એકજ ઉપાય છે : ''હું કરું છું, મારા કારણે બધું થાય છે'' આ પ્રકારના કર્તાપણાના અભિમાનનો ત્યાગ કરીને પ્રભુના શરણે જવું.

મન, વાણી અને દેહ થી આમ પૂર્ણરૂપે જે પ્રભુને શરણાગત થઈ જાય છે તેનો લૌકિક-અહપાર નષ્ટ થઈ જાય છે. તેનું અંતઃકરણ અલૌકિક થઈ જાય છે. હવે તેને ''આ બધું હું જ કરું છું, મારા કારણે જ મારું બધું થાય છે'' આવા પ્રકારનો લૌકિક અહપાર નથી રહી જાતો. એને હવે એવું અનુભવાય છે કે બધું પ્રભુનું છે અને પ્રભુમાટે જ છે. સર્વ કાંઈ કરાવનાર પ્રભુ જ છે, હું પણ જે કંઈ કરી રહ્યો છું તે ખરેખર હું નથી કરતો પરંતુ પ્રભુ કરાવી રહ્યા છે. આવા તટસ્થ-સાક્ષીપણાના ભાવને કારણે પ્રભુના શરણે ગયેલો જીવ સુખ-દુઃખ ની વેદનાથી પરે થઈ જાય છે. આ ક્યા પ્રકારે થાય છે તેને એક લૌકિક ઉદાહરણવડે સમજીએ.

જેમ આપણી પાસે કોઈ એક વસ્તુ છે. એ વસ્તુને જ્યારે આપણે બીજા કોઈને આપી દઈએ છીએ ત્યાર પછી એ વસ્તુમાં આપણને કોઈ પણ પ્રકારની મોહ-મમતા નથી રહેતી. એક જાતની તટસ્થતા-નિસ્પૃહતા નો ભાવ આવી જાય છે. જે વસ્તુમાં હવે આપણી કોઈ પણ પ્રકારની અહંતા-મમતા નથી તે વસ્તુ રહે કે ન રહે, સારી રીતે જળવાય કે ભાની-તૂટી જાય કે તેનું કંઈ પણ થઈ જાય તેનો હરખ-શોક આપણને થતો નથી. આ જ પ્રમાણે જેમણે પોતાના આત્મા સહિત પોતાનું બધું એક પ્રભુના શરણમાં મુકી દીધું છે તેઓને પોતાના દેહપર આવતા કષ્ટો કે દેહના સમ્બન્ધી પરિવાર, ઘર, ધન-સંપત્તિ પર આવતા કષ્ટો ''આ મારપર કષ્ટો આવી રહ્યા છે'' એવું અનુભવાતું જ નથી. કારણ

કે પ્રભુના શરણાગત જીવને, પ્રભુસેવા-સ્મરણાદિમાં ઉપયોગી ન હોય તેવા, દેહ પરિવાર આદિ પોતાના જણાતા જ નથી.

આ વાતને આપણે ભગવદ્‌ભક્તોના ચરિત્રોથી સરળતાપૂર્વક સમજી શકીએ છીએ. શ્રીમહાપ્રભુજીના શિષ્ય સૂરદાસજી જન્મથી જ અંધ હતા. કુંભનદાસજી તો એટલા ગરીબ હતા કે એમની પાસે તિલક કરવામાટે નાનો સરખો કાચનો ટુકડો પણ ન હતો. પદ્મનાભદાસજીને તો કેટલોક વખત માત્ર ચણા ફાકીને જ જીવનનિર્વાહ કરવો પડ્યો હતો. આવી વિપરીત પરિસ્થિતિ હોવા છતાં તેઓ પોતાની જાતને સૌથી સુખી માનતા હતા. પરમભક્ત પ્રહ્‌લાદજીને મારી નાખવા માટે તેમના રાક્ષસ બાપે તેમને પહાડ ઉપરથી ફેંકાવ્યા, ભાલા ભોંક્યા, હાથી તળે કચડાવ્યા, ઉકળતા તેલની કઢાઈમાં ફેંક્યા; અરે કેટકેટલા દુઃખો આપ્યા છતાંય પ્રહ્‌લાદજીને કોઈ અસર થતી ન્હોતી. આ બધાને તેઓ પ્રભુની લીલા જાણી તેનો આનન્દ જ લેતા હતા. પરમવૈષ્ણવ જડભરતજીને કેટલાક ચોર લોકો દેવીની સામે બલિ ચઢાવવા માટે પકડી ગયા છતાં જડભરતજી પર તેનો કોઈ પ્રભાવ દેખાતો ન હતો. આથી શ્રીભાગવત્‌માં કહેવાયું છે :

> ''કોઈ પણ પ્રકારની વિપત્તિમાંથી ઉગારનારા ભગવાનના ચરણોનો આશ્રય જેમણે લીધો છે તેવા ભગવદ્‌ભક્તોને પોતાનું માથું કપાવવાનો પ્રસન આવે તો પણ વ્યાકુળ ન થવું એ કોઈ બહુ નવાઈની વાત નથી''.

આ પરથી આપણે સમજી શકીએ છીએ કે જેણે સર્વ રીતે પ્રભુને જ પોતાના આશ્રયરૂપ માન્યા છે તેના પર વિકટમાં વિકટ દુઃખો આવે તો પણ તેને તે દુઃખો દુઃખરૂપે જણાતાં નથી. આમ થવાનું કારણ એ જ છે કે જેઓ સર્વપ્રકારે પ્રભુના આશ્રિત-શરણાગત થઈ ગયા છે તેમનામાં સ્વતંત્રપણે કર્તા કે ભોક્તા હોવાનું અભિમાન હોતું નથી. આથી તેઓ જે કાંઈ પણ કર્મ કરે છે કે ભોગ કરે છે તેના પરિણામે થતાં સુખ-દુઃખો તેમને અનુભવાતાં નથી. જ્યારે જેઓ પ્રભુના શરણાગત-આશ્રિત નથી થયા તેઓમાં ''હું કરું છું, હું ભોગવું છું'' તેવા સ્વતંત્ર કર્તા-ભોક્તાપણાના અભિમાન હોય છે. પરિણામે સુખ-દુઃખોની પીડા પણ તેઓને જ અનુભવાય છે.

પ્રભુને યાદ ન કરનારને પ્રભુ પણ યાદ નથી રાખતા :

જેના માટે આપણને લાગણી હોય છે તેની યાદ સ્વાભાવિકપણે અને વારે ઘડીએ આવતી રહે છે, જ્યારે જેના માટે આપણા મનમાં લાગણી નથી હોતી તેની યાદ આપણને આવતી નથી. આ વાત આપણા લોકવ્યવહારથી આપણે સમજી શકીએ છીએ. તેજ પ્રમાણે જે જીવ નિરંતર પ્રભુને યાદ કરે છે તેને પોતાના (પ્રભુના) પ્રત્યે લાગણી છે તેવું પ્રભુ પણ સમજે છે. વળી જેના પ્રત્યે આપણે લાગણી ધરાવતા હોઈએ તેના જીવનમાં આવતી દરેક પ્રકારની પરિસ્થિતિના સહભાગી બનતા હોઈએ છીએ તેમ પ્રભુનું નિરંતર સ્મરણ કરનારા જીવના દરેક સુખ-દુઃખ ના પ્રસનોમાં પ્રભુ પણ સહભાગી બનતા જ હોય છે. આથી જ ભગવાન્ ગીતામાં આજ્ઞા કરે છે :

> ''જો કે જીવમાત્ર મારામાટે સરખા જ છે. મારા માટે ન કોઈ શત્રુ છે ન મિત્ર. પરંતુ જે કોઈ પણ જીવ પ્રેમથી મારા સેવા-સ્મરણ કરે છે તે મારામાં છે અને હું તેનામાં. (અર્થાત્ પ્રભુ તે જીવને પોતાથી જુદો નથી ગણતા, અભિન્ન જ માને છે)''.

પરન્તુ જે જીવો પ્રભુનો આશ્રય નથી લેતાં, પ્રભુનું સ્મરણ નથી કરતાં, તેઓને પ્રભુ પણ યાદ નથી રાખતાં, આવા આસુરીજીવો માટે ભગવાન્ ગીતામાં આજ્ઞા કરે છે :

> ''માયાએ જેમનું જ્ઞાન હરિ લીધું છે તેવા મૂઢ દુષ્કર્મો કરવાવાળા નરાધમ આસુરીલોકો મારા શરણે નથી આવતાં. આવા લોકો જન્મો-જન્મ આસુરીયોનિને પ્રાપ્ત કરીને મને પ્રાપ્ત કર્યા વિના જ અંતે અધોગતિને પામે છે''.

સુખમાં પણ પ્રભુનું સ્મરણ :

દુઃખમાં તો ભગવાન્ સહુને યાદ આવે જ છે પરંતુ જે માત્ર દુઃખમાં જ ભગવાનને યાદ કરે છે અને સુખમાં ભૂલી જાય છે એને પ્રભુ

પોતાનો ભક્ત નથી માનતા, સ્વાર્થી માને છે. ખરો ભક્ત તો ભગવાન્ તેને માને છે કે જે સુખમાં પણ ''આ સુખ ભગવાને આપ્યું છે'' એવું વિચારી ભગવાન્નું સ્મરણ સદાય કરે છે.

ભગવત્સ્મરણમાં સમય બન્ધન નહીં :

સાચો ભગવદ્ભક્ત પ્રભુસેવા-સ્મરણ ને નોકરી કે મજૂરી જેવો કર્મકાણ્ડ નથી સમજતો કે જેથી એને એવું લાગે કે સવાર, બપોર અને સાંજે ત્રણ વાર પ્રભુનું નામ લીધું એટલે પત્યું. જે કાળ કે કાર્ય માં પ્રભુનું સ્મરણ ન થયું તે કાળ જ અકાળ છે અને તે કાર્ય જ અકાર્ય છે આવું જે માને છે તે સાચો ભગવદ્ભક્ત છે. પ્રભુસ્મરણમાં દ્વિકાળ ત્રિકાળ જેવા સમય બાંધવા એ આપણી સ્વાર્થી વૃત્તિને છતી કરે છે. આથી જ સેવા-સ્મરણમાં સમયની મર્યાદા ન બાંધતાં સદાય સેવા-સ્મરણ કરવા જોઈએ એ આશયની આજ્ઞા કરતાં ભગવાન્ ગીતામાં કહે છે:

> ''તેથી, લૌકિક-વૈદિક સર્વ કાર્યો કરતાં-કરતાં દરેક કાળમાં મારું સ્મરણ કર. આ પ્રકારે જેઓએ મારમાં પોતાના મન-બુદ્ધિને અર્પિત કરી દીધાં છે તે મને જ પ્રાપ્ત થશે એમાં જરા પણ સંદેહ ન કરવો''.

પ્રભુનું સ્મરણ સ્વાભાવિકતાથી :

સાચો ભગવદ્ભક્ત તો જગતમાં ઘટિત થતી પ્રત્યેક ઘટનાને પ્રભુની લીલા જ જાણે છે અને માણે છે. આથી સુખદ કે દુઃખદ કોઈ પણ ઘટના એનામાટે તો ભગલ્લીલારૂપ હોઈ સમાન જ હોય છે. મિત્ર કે શત્રુ, નિંદા કે પ્રશંસા, ટાઢ કે તડકો, માન કે અપમાનમાં એને કોઈ પણ પ્રકારનો ભેદ જણાતો નથી. વળી આવો ભગવદ્ભક્ત ભય લાલચ કે સ્પર્ધા જેવા કોઈ કારણે પ્રભુનું સ્મરણ કરતો હોય છે એવું નથી હોતું. જેમ શ્વાસોચ્છ્વાસ જીવમાત્રમાં સ્વાભાવિકપણે ચાલતા રહે છે તેમ ભગવન્નામસ્મરણ ભક્તના જીવનમાં સ્વાભાવિકપણે વણાઈ જાય છે. આનું શ્રેષ્ઠ ઉદાહરણ અર્જુન છે.

એક સમયે પાર્વતીજીએ કૃષ્ણભક્તના દર્શનમાટે શિવજીને પ્રાર્થના

કરી. શિવજી પરમભક્ત અર્જુનના દર્શન કરાવવા માટે પાર્વતીજીને હસ્તિનાપુર લઈને આવ્યા. મહેલ પર જતાં ખબર પડી કે અર્જુન સૂતા છે. અર્જુનને જાતે જગાડવાનું ઉચિત ન લાગતાં શિવજીએ ભગવાન્ શ્રીકૃષ્ણને યાદ કર્યા. ભગવાન્ પધાર્યા અને શિવ-પાર્વતીના આગમનની ખબર આપવા અર્જુનના શયનખણ્ડમાં પ્રવેશ્યા. ઘણીવાર થઈ છતાં ભગવાન્ પાછા ન પધાર્યા એટલે શિવજીએ બ્રહ્માજીને બોલાવ્યા. બ્રહ્માજીનું પણ ભગવાન્ જેવું જ થયું. હવે શિવજીએ નારદજીને યાદ કર્યા. પરંતુ જે કોઈ પણ અંદર જતું તે પાછું જ ન આવતું! આ જોઈને અંતે શિવ-પાર્વતી જાતે જ શયનખણ્ડમાં પધાર્યા. ત્યાં જઈને જુએ છે તો અર્જુનના રોમે-રોમમાંથી 'શ્રીકૃષ્ણ-શ્રીકૃષ્ણ' ની ધ્વનિ નિકળી રહી છે. જ્યારે પોતાના સખાની ભક્તિથી રોમાञ્ચિત થઈને શ્રીકૃષ્ણ અર્જુનના ચરણ દાબી રહ્યા છે! ચતુર્મુખ બ્રહ્મા વેદોચ્ચાર કરી રહ્યા છે અને નારદજી વીણાવાદન કરતાં-કરતાં ભગવદ્ગુણાનુવાદ કરી રહ્યા છે! અર્જુનની આવી કૃષ્ણમયતાના દર્શન કરીને શિવ-પાર્વતી ધન્ય બની ગયા.

આટલી સ્વાભાવિકતાથી ભગવન્નામ લેવાય ત્યારે ખરું!

શરણાગતરક્ષક ભગવાન્ :

જે જીવને પ્રભુએ પોતાનો માન્યો છે તે જો પ્રભુના શરણે જાય છે તો તેનું રક્ષણ કરવું એ પ્રભુનો સ્વભાવ છે. ભક્તોના ચરિત્રો પરથી આ વાત સરળતાથી સમજાઈ જાય છે. ગજેન્દ્રને મગરથી છોડાવીને, દ્રૌપદીના વસ્ત્રો પૂરીને, વ્રજવાસીઓ પર ઈન્દ્રના ક્રોધે ભરાતાં ગિરિરાજ પર્વત ધારણ કરીને, પાણ્ડવોની અર્જુનના સારથિ બનીને, નરસિંહ મહેતાનું મામેરું કરીને, ઉગ્રસેનના કર્મચારી બનીને ભગવાને પોતાના ભક્તોની રક્ષા કર્યાના દૃષ્ટાન્તો અગણિત સંખ્યામાં જોઈ શકાય છે. આથી જ શ્રીમહાપ્રભુજી 'વિવેકધૈર્યાશ્રય' ગ્રન્થમાં ભગવદાશ્રયની મહત્તા વર્ણવતાં આજ્ઞા કરે છે :

''સર્વમાશ્રયતો ભવેત્''

અર્થ : પ્રભુનો આશ્રય લેવાથી બધું જ થાય છે.

ભગવાન્ પણ આથી આજ્ઞા કરે છે :

''સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ

અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચ ।।''

અર્થ : (મારા શરણે આવવામાં વિરોધી એવા) ધર્મોનો ત્યાગ કરીને એકમાત્ર મારા શરણે આવી જા. હું તને બધા પાપોથી (એટલે કે મારે શરણે આવતા સમયે જેટલા વિઘ્નો આવશે એ બધાથી) બચાવીશ; તું ચિંતા નહીં કર.

આ કહીને તો ભગવાને શરણાગતિ સામે બધા જ લૌકિક-વૈદિક ધર્મોની ગૌણતા-અમુખ્યતા પ્રકટ કરી દીધી છે. આથી ભગવત્કાર્ય એ મુખ્ય જ્યારે અન્ય લૌકિક-વૈદિક કાર્યો અમુખ્ય સાબિત થાય છે.

માગણી એ વેપારીવૃત્તિ છે :

પ્રભુના સામર્થ્ય અને દયાળુતાનું આવું વર્ણન વાંચી-સાંભળીને ઘણીવાર લોકો પોતાના પર આવી પડતી નાની-મોટી મુશ્કેલીઓથી ગભરાઈ જઈ કે વગર મહેનતે તેનાથી છૂટકારો મેળવવા માટે પ્રભુ પાસે માનણી કરવાનો અવિવેક કરી બેસતા હોય છે. પરંતુ આવા લોકોએ વિચારવું પડશે કે પ્રભુના સેવક આપણે છીએ કે આપણા સેવક પ્રભુ છે ? પ્રભુ તો સર્વજ્ઞ છે. એ શું આપણા કષ્ટો નથી જાણતા? પ્રભુનો આશરો લઈને શું આપણે પ્રભુ ઉપર કોઈ ઉપકાર કર્યો છે કે તેનો બદલો ચૂકવવા પ્રભુને આપણી પાછળ-પાછળ ફર્યા કરવાનું હોય!

આથી, આપણે એ સમજવું જોઈએ કે પ્રભુ આપણા અલૌકિક સ્વામી છે. તેઓ બધાનું બધું જ જાણે છે. માટે ભક્તના કષ્ટો પણ એમનાથી છુપા નથી. પ્રભુ ભક્તનું જે કાંઈ પણ કરે છે તે તેના ભલામાટે જ કરે છે. આથી જ પ્રભુમાં પૂર્ણ વિશ્વાસ રાખી પ્રભુ સામે માગણી કરવાનો વિચાર છોડી દેવો જોઈએ. આ બાબતમાં પ્રહ્લાદજીના વચનો મનન કરવા યોગ્ય છે. હિરણ્યકશિપુના વધ કર્યા બાદ પ્રભુએ પ્રસન્ન થઈને પ્રહ્લાદને વરદાન માંગવા આજ્ઞા કરી. આ સમયે પ્રહ્લાદે જે ઉત્તર ભગવાનને આપ્યો છે તે મનુષ્યમાત્રે હૃદયમાં કોતરી રાખવો જોઈએ. પ્રહ્લાદ કહે છે :

હે પ્રભુ! મારામાં આપનો ભક્ત બનવાના

લક્ષણો છે કે નહીં તેની પરીક્ષા કરવા માટે આપ મને વરદાન માંગવા માટે પ્રેરિત કરી રહ્યા છો. કારણ કે વિષય-લૌકિક સુખ તો વારંવાર જન્મમરણના ફેરામાં ફસાવનારા છે, જ્યારે આપ તો પોતાના ભક્તોનું હંમેશા ભલું જ ઈચ્છનારા છો. આથી આપનો ભક્ત લૌકિક સુખભોગમાં ફસાય એ તો આપ વિચારી જ કેમ શકો? આથી મારી પરીક્ષા લેવા સિવાયનો બીજો કોઈ પણ હેતુ આપની વરદાન માંગવાની આજ્ઞા પાછળ નથી.

હે પ્રભુ! જે સેવક આપના પાસેથી પોતાની ઈચ્છાઓ પૂરી કરાવવા કોઈ પણ પ્રકારની માગણી કરતો હોય તો તે સેવક જ નથી. એ તો (સેવાનું વળતર મેળવવાની વૃત્તિવાળો) વાણિયો છે. જ્યારે જે સ્વામી ''હું આની કામના પૂરી કરીશ તો એ મારી સેવા કરશે'' આવી ભાવના રાખીને કોઈની કામના પૂરી કરતો હોય તો એ સાચો સ્વામી પણ નથી હોઈ શકતો. પરંતુ હું તો આપનો નિષ્કામ સેવક છું અને આપ મારા નિરપેક્ષ (જેને સેવક પાસેથી કોઈ પણ પ્રકારની અપેક્ષા નથી તેવા) સ્વામી છો. જેમ રાજા અને એના કર્મચારીઓનો સ્વામિ-સેવકસમ્બન્ધ, રાજાનું કામ થાય અને કર્મચારીને પગાર મળે એવો, પરસ્પર સ્વાર્થપૂર્ણ હોય છે એવો મારો અને આપનો સમ્બન્ધ નથી. તેથી જો આપ મને વરદાન આપવા માગતા જ હો તો એવું વરદાન આપો કે મારા મનમાં ક્યારેય કોઈ પણ પ્રકારની કામના ન જાગે. કારણ કે જે મનુષ્યના મનમાં કામના જાગે છે એમાંથી ધર્મ-બુદ્ધિ-સત્ય-તેજ-લજ્જા એ બધા નાશ પામે છે. જ્યારે જે પોતાનામાં રહેલી સર્વ કામનાઓને ત્યાગી દે છે તે ભગવદ્‌ભક્તિ પ્રાપ્ત કરે છે''.

પ્રહ્‌લાદના આવા સુંદર વચનો સાંભળીને પ્રસન્ન થતાં ભગવાન્ કહેવા લાગ્યાં :

''હે પ્રહ્‌લાદ! તારા જેવા મારા અનન્ય ભક્તો

મારી પાસેથી આલોક કે પરલોક સમ્બન્ધી કોઈ પણ પ્રકારની કામના ક્યારેક કરતા નથી''.

આથી ભગવદ્‌ભક્તોએ લૌકિક સુખ-દુઃખ ની પીડામાં ફસાવનારી કામનાની વૃત્તિનો ત્યાગ કરીને ભગવદાશ્રય કરવો જોઈએ. શ્રીમહાપ્રભુજી 'ચતુઃશ્લોકી' ગ્રન્થમાં, તેથી જ આજ્ઞા કરે છે :

यदि श्रीगोकुलाधीशो धृतः सर्वात्मना हृदि ।
ततः किमपरं ब्रूहि लौकिकैर्वैदिकैरपि ।।
अतः सर्वात्मना शश्वद् गोकुलेश्वरपादयोः ।
स्मरणं भजनं चापि न त्याज्यमिति मे मतिः ।।

અર્થ : ગોકુલાધીશ શ્રીકૃષ્ણને જેણે જો સર્વરીતે હૃદયમાં પધરાવી લીધા છે તો પછી તેને લૌકિક કે વૈદિક થી પણ બીજું શું મેળવવાનું બાકી રહી જાય છે તે કહો! આથી સર્વરીતે હંમેશા ગોકુલેશ્વર શ્રીકૃષ્ણના સેવા-સ્મરણ કરતા રહેવું જોઈએ. તેને ક્યારે પણ છોડવા ન જોઈએ એવું મારું માનવું છે.

ભગવદાશ્રય સર્વદા (=હંમેશા) સર્વથા (=બધા પ્રકારે):

નાનું બાળક પોતાની માતાથી અળગું રહી શકતું નથી. માતા જરા પણ જો આઘી-પાછી થઈ જાય છે તો એ ડરી જઈ રડવા લાગે છે અને દોડીને માતાપાસે પહોંચી જાય છે. આમ થવા પાછળનું કારણ નાના બાળકનું મન સર્વદા(=નિરંતર) માતામાં લાગેલું હોવું એ જ હોય છે. ખરેખર તો બહુ નાની વયમાં બાળકને માતા સિવાય બીજા કશાનું ભાન જ નથી હોતું. આમ નાનું બાળક જેમ માતાનો આશ્રય કરીને રહે છે તેમ ભગવાન્‌ના અંશ=પુત્ર રૂપ જીવે પણ સદા ભગવદાશ્રય રાખવો જોઈએ એ સિદ્ધાન્ત આપણે અત્યાર સુધીના વિવેચનથી સમજ્યા.

પ્રભુનો આશ્રય સર્વદા કરવો જેમ આવશ્યક છે તેમ સર્વથા=બધા પ્રકારે એટલે કે મન, વાણી અને કાયાથી કરવો પણ એટલો જ આવશ્યક છે. જો સર્વદા અને સર્વથા આમ બન્ને રીતે પ્રભુનો આશ્રય થાય તો જીવ કૃતાર્થ થઈ જાય. અહીં મન, વાણી અને કાયા-દેહથી કરાતા ભગવદાશ્રયના સ્વરૂપને સમજવું જરૂરી છે.

૧. મનથી ભગવદાશ્રય : પ્રભુ ખૂબ દયાળુ છે, શરણે આવનાર જીવનું રક્ષણ કરનાર છે, બધાથી વધુ શક્તિશાળી છે, વસ્તુમાત્રમાં વ્યાપીને રહેલા છે સર્વકર્તા છે. સારા-નરસા દરેક પ્રકારના ફળો આપનારા છે વગેરે પ્રભુના ધર્મોનો વિચાર કરીને, પ્રભુ સિવાય મારો સાચો આધાર અને રક્ષક બીજો કોઈ નથી એવું ભાવન/મનન કરતા રહેવું એને મનવડે ભગવદાશ્રય કર્યો કહેવાય.

૨. વાણીથી ભગવદાશ્રય : ''શ્રીકૃષ્ણ જ મારા આશ્રય તથા રક્ષક છે'' એવા અર્થવાળા અષ્ટાક્ષરમંત્રનું નિરંતર રટણ કરતા રહેવું એને વાણીથી ભગવદાશ્રય કર્યો કહેવાય.

૩. કાયાથી ભગવદાશ્રય : મન તેમજ વાણીથી આશ્રય કરવાની સાથોસાથ પોતાની સર્વ ઈન્દ્રિયોનો ઉપયોગ પ્રભુસેવામાં કરવો તેને કાયા કે દેહથી ભગવદાશ્રય કર્યો કહેવાય.

આ ત્રિવિધ ભગવદાશ્રયની મહત્તા વર્ણવતું શ્રીભાગવતમાં યમરાજનું કથન છે. યમરાજ પોતાના સેવકોને કહે છે :

> ''જેની જીભ પ્રભુનું નામ નથી લેતી, જેનું ચિત્ત પ્રભુનું સ્મરણ નથી કરતું, જેનું માથું શ્રીકૃષ્ણને નમન નથી કરતું એવા કૃષ્ણસેવા નહીં કરનારા દુષ્ટોને જ તમે મારી પાસે લાવો. કારણ કે મારી શક્તિ સંસારમાં પડેલા પ્રભુથી બહિર્મુખ લોકો પર જ ચાલે છે, ભગવદ્‌ભક્તો પર નહીં.''

પ્રભુની કૃપા જેના પર છે તેઓ તો કોઈ પ્રેરણા લાલચ કે ભય વિના પ્રહ્લાદજીની માફક સ્વાભાવિકપણે પ્રભુના શરણે ચાલ્યા જઈ ઉત્તમ ફળને પ્રાપ્ત કરે છે. જેમનામાં પરંતુ આવી સ્વાભાવિક રુચિ જન્મી નથી તેઓ તો જો સપલ્પપૂર્વક પણ પ્રભુના શરણે જાય તો ભગવદાશ્રયથી તેઓનું પણ કલ્યાણ અવશ્ય થશે.

ભગવદાશ્રયની દઢતાના ઉપાયો :

૧. માહાત્મ્યજ્ઞાન
૨. જીવસ્વરૂપજ્ઞાન
૩. અન્યાશ્રયત્યાગ
૪. નિઃસાધનતાભાવન
૫. દીનતા
૬. વિવેક
૭. ધૈર્ય

આ ભગવદાશ્રયને દઢ કરવાના કેટલાક ઉપાયો છે.

૧. મહાત્મ્યજ્ઞાન : જ્યાં સુધી પ્રભુના અલૌકિક સ્વરૂપ તેમજ ચરિત્રોનું એટલે કે માહાત્મ્યનું સરખું જ્ઞાન આપણને થતું નથી ત્યાં સુધી આપણું મન પ્રભુના તરફ વળી શકતું નથી. આથી દઢ આશ્રય કેળવવાની ઈચ્છાવાળાએ પ્રભુના સ્વરૂપ, ગુણ તેમજ લીલા (=ચરિત્ર-કર્મ) નું યથાર્થ જ્ઞાન મેળવીને તેનું સતત ચિન્તન કરતા રહેવું જોઈએ.

૨. જીવસ્વરૂપજ્ઞાન : જીવમાત્ર ભગવાનના અંશ-દાસ છે. ભગવાનની સરખામણીમાં તે અત્યન્ત તુચ્છ અને અસમર્થ છે. આ સમગ્ર જડ-જીવાત્મક સૃષ્ટિની ઉત્પત્તિ પ્રભુએ પોતાની ક્રીડામાટે પોતાનામાંથી જ કરી છે. આથી જગત્‌પિતા પરમાત્માના આશ્રયે જઈ એમના સેવક બનીને જીવન વીતાવવું એ જીવમાત્રનો પ્રાથમિક ધર્મ છે. જીવસ્વરૂપના આ પ્રકારના જ્ઞાનથી આપણે પોતાના સાચા કર્તવ્યનું નિર્ધારણ કરી શકીએ છીએ.

૩. અન્યાશ્રયત્યાગ : આનું વિસ્તારસહ નિરૂપણ આવતા પ્રકરણમાં કરવામાં આવશે.

૪. નિઃસાધનતાભાવન : પ્રભુપ્રાપ્તિના અનેક ઉપાયોનું નિરૂપણ આપણા શાસ્ત્રોમાં મળી રહે છે. પરન્તુ પ્રભુની કૃપા-ઈચ્છા વિના ગમે તેટલા સાધનો કરવા છતાંય કાંઈ વળતું નથી. ભગવાન્ જાતે જે જીવની સામે પ્રકટ થવાની ઈચ્છા કરે છે તે જીવ જ પ્રભુના દર્શન કે ભક્તિ પ્રાપ્ત કરી શકે છે. આથી પ્રભુસેવા, સ્મરણ, કીર્તન વગેરે જે કાંઈ પણ સાધનો આપણે કરી રહ્યા છીએ તે આપણે આપણા

બળે જ કરી રહ્યા છીએ એવો ભાવ ન રાખી પ્રભુ જ આ બધું કરાવી રહ્યા છે એવો ભાવ રાખતો જોઈએ.

૫. દીનતા : જેમ એક રાજા સાથે તેના નોકરો તથા પ્રજા નમ્રતા તથા આદર પૂર્વક વર્તે છે તેમ શરણાગત જીવે પણ રાજાધિરાજ પ્રભુ સાથે નમ્રતા તથા આદર પૂર્વક વર્તવું જોઈએ. આને જ 'દીનતા' પણ કહેવામાં આવે છે.

દીનતા કેળવવાના ઉપાયો :

પ્રભુ તેમજ જીવના સ્વરૂપના જ્ઞાનથી આપણામાં દીનતા આવે છે. પરન્તુ દીનતા કેળવવામાટે માત્ર આટલું જ પૂરતું નથી. દીનતાભાવના વિરોધી આપણા મનના કેટલાક વિકારો-દુર્વૃત્તિઓ નો ત્યાગ પણ જરૂરી છે. અભિમાન, ઈર્ષ્યા, શંકાશીલતા, હઠાગ્રહ, અધીરાપણું-અસહનશીલતા, લાલચ જેવા મનોવિકારોને આપણા મનમાંથી જ્યાં સુધી દૂર કરવામાં ન આવે ત્યાં સુધી દીનતા આવી ન શકે. વ્યવહારમાં પણ આપણે જોઈ શકીએ છીએ કે અભિમાન વગેરે ઉપરોક્ત દુર્ભાવોના કારણે લોકો વસ્તુ, પરિસ્થિતિ, સામી વ્યક્તિ કે પોતાનું પણ મૂલ્યાંકન યોગ્ય રીતે કરી શકતા નથી. આથી, જ્યાં સુધી આવા મનોવિકારો આપણામાં ઘર કરેલા હોય ત્યાં સુધી ભગવત્સ્વરૂપ કે જીવસ્વરૂપ નું જ્ઞાન પણ આપણે યથાર્થપણે ક્યાંથી મેળવી શકવાના છીએ? અને તે વિના દીનતા કેમ પ્રાપ્ત થઈ શકશે!

૬. વિવેક : દઢ ભગવદાશ્રય મેળવવાની ઈચ્છા ધરાવનારે —આ સમગ્ર સૃષ્ટિ ભગવાન્‌ની લીલાભૂમિ છે; અહીં જે કંઈ થાય છે, જ્યાં પણ થાય છે, જ્યારે પણ થાય છે અને જે કોઈ પણ રીતે થાય છે તે બધું તેવા પ્રકારની ભગવાન્‌ની ઈચ્છાને કારણે જ થાય છે, ભગવાન્ પોતાના ભક્તનું હંમેશા હિતજ વિચારે છે —આ પ્રકારે દરેક બાબતમાં પ્રભુની ઈચ્છા-લીલાનો વિચાર કરીને વિવેક જાળવવો એ ભગવદાશ્રયને દઢ કરવાની ઈચ્છા ધરાવનારમાટે ખૂબ જ જરૂરી છે .

૭. ધૈર્ય : મનુષ્યના જીવનમાં અનેક પ્રકારના દુઃખો આવતા જ રહેતા

હોય છે. મનુષ્ય જો આવા દુઃખોને મન પર લેવા લાગે તો ન એ પોતાના લૌકિક જીવનમાં સુખી રહી શકે કે ન અલૌકિકમાં. આથી શ્રીમહાપ્રભુજી 'વિવેકધૈર્યાશ્રય' ગ્રન્થમાં આજ્ઞા કરે છે કે ભગવદ્‌ભક્તે બધું ભગવદિચ્છાથી થાય છે એવો વિવેક કેળવી સહજતાથી જે દુઃખોનો સામનો થઈ શકે તે દુઃખોનો સામનો કરવો. પરન્તુ જે દુઃખોનો પ્રતીકાર સહજતાથી થઈ ન શકે તેવા દુઃખોને અવશ્યમ્ભાવિદ્ આવું થઈને જ રહેવાનું છે એવું વિચારી દ્રભગવદિચ્છા સમજી સ્વીકારી લેવા જોઈએ. કોઈ પણ પરિસ્થિતિમાં વિચલિત ન થવું આને જ શ્રીમહાપ્રભુજી ધૈર્ય કહે છે.

પ્રભુ ક્યારે પણ પોતાના ભક્તોનું અહિત-બુરું નથી કરતાં, પરન્તુ જેમ નાનું બાળક બળતા દીવાથી આકર્ષાઈને તેને પકડવા જાય અને ''બાળક દીવાને પકડશે તો દાઝી જશે'' એવા તેના હિતનો વિચાર કરીને જો દીવાને ઓલવી નાખવામાં આવે તો બાળકને ચોક્કસ દુઃખ લાગશે. દીવો ઓલવનાર પ્રત્યે તેને અસન્તોષ પણ થશે. પરન્તુ આ બધું તેને અજ્ઞાનના કારણે થાય છે. બાળક પોતાના હિત-અહિત ને સમજતું નથી. તે જ પ્રકારે આપણે સહુ જીવો પણ અજ્ઞાની છીએ. આથી જીવનમાં આવતાં નાના-મોટા કષ્ટોથી દુઃખી થઈ જઈએ છીએ અને ભગવાનને ફરીયાદ કરવા લાગી જઈએ છીએ. પરન્તુ જેવી રીતે, મોટા થયા પછી બાળક જ્યારે વિચારે છે ત્યારે તેને એ વાત સમજમાં આવી જાય છે કે તે વખતે જો દીવાને ઓલવવામાં ન આવ્યો હોત તો તે દાઝી જાત તેમ આપણને પણ સમજવું જોઈએ કે અત્યારે આપણને જે દુઃખ અનુભવાઈ રહ્યું છે તે આપણા અજ્ઞાનના કારણે જ અનુભવાઈ રહ્યું છે. આથી જેમ દવા લેતી વખતે કળવી જરૂર લાગે છે પરન્તુ તે જીવ બચાવે છે તેથી આપણે તેનું સેવન કરતા હોઈએ છીએ તેમ ભક્તો પર આવતા દુઃખો ખરેખર દુઃખરૂપ હોતા જ નથી. એ તો દવાની માફક કોઈ મોટા દુઃખને દૂર કરનારા હોય છે તેવો ભાવ રાખીને ધૈર્ય રાખવું જોઈએ.

ઉપરોક્ત ઉપાયો કરતાં જો ભગવદાશ્રય કરવામાં આવે તો ભગવત્કૃપાથી દઢ આશ્રય સિદ્ધ થઈ શકે છે. આશ્રયની મહત્તા વર્ણવવા શ્રીમહાપ્રભુજી 'વિવેકધૈર્યાશ્રય' ગ્રન્થમાં આજ્ઞા કરે છે :

''કલિયુગમાં જ્યારે પ્રભુની પ્રાપ્તિમાં કર્મ, જ્ઞાન અને ભક્તિમાર્ગો મુશ્કેલીથી ફળ આપનારા થઈ ગયા છે ત્યારે નિઃસાધન એવા સર્વ જીવોમાટે સદાય કલ્યાણકારી એવા આશ્રયનું નિરૂપણ કરાયું છે''.

વિશેષવાંચનમાટેના ગ્રન્થોઃ

ષોડશગ્રન્થાન્તર્ગત કૃષ્ણાશ્રય અને વિવેકધૈર્યાશ્રય.

૧૨. અન્યાશ્રયત્યાગ

અન્યાશ્રય :

શ્રીકૃષ્ણ સિવાય અન્ય કોઈ પણ દેવી-દેવતા ના સામે ચાલીને દર્શન પૂજા વ્રત વગેરે કરવા કે વ્રત પૂજા જાપ વગેરે કરાવવા તેને પુષ્ટિભક્તિમાર્ગમાં 'અન્યાશ્રય' કહેવામાં આવે છે. પુષ્ટિભક્તિમાર્ગમાં અન્યાશ્રય કરવો એ સૌથી મોટો અપરાધ છે.

'અન્યાશ્રય' નો અર્થ :

'અન્યાશ્રય' શબ્દ બે શબ્દોનો બનેલો છે :

અન્ય+આશ્રય.

આ બન્ને શબ્દોનું તાત્પર્ય સમજીએ તો

૧. 'અન્ય' એટલે ભગવાન્ શ્રીકૃષ્ણ સિવાયનું જે કાંઈ પણ હોય તે; અથવા શ્રીકૃષ્ણ સિવાયના બધા જ દેવી-દેવતાઓ.

૨. જ્યારે 'આશ્રય' એટલે કોઈક ઈચ્છા પૂરી કરવામાટે, કે ગમે તે કારણે કોઈ દેવી-દેવતાનો આશરો લેવો; કે કોઈને પોતાના સર્વસ્વ માનવા કે ઈષ્ટદેવ માનવા.

'આરાધ્ય', 'ઈષ્ટ', 'ઉપાસ્ય', 'પૂજ્નીય', ભજ્નીય', 'સેવ્ય', 'અર્ચ્ય' વગેરે શબ્દો લગભગ સમાન અર્થમાં વપરાય છે.

ઈષ્ટદેવ :

ભક્ત જે દેવી કે દેવતા ને ભક્તિ કરવામાટે સૌથી વધુ પસન્દ કરે છે તેને તે ભક્તના 'ઈષ્ટદેવ' કહેવામાં આવે છે. દાખલા તરીકે શૈવ સમ્પ્રદાયના અનુયાયીઓના ઈષ્ટદેવ શિવ હોય છે. શાકતસમ્પ્રદાયના અનુયાયીઓની ઈષ્ટદેવી શક્તિ, દુર્ગા, ગૌરી હોય છે. તેવી જ રીતે વૈષ્ણવસમ્પ્રદાયના અનુયાયીઓના ઈષ્ટદેવ શ્રીકૃષ્ણ કે તેમના અવતારો જ હોય છે. ઐકાન્તિક ભક્તિસમ્પ્રદાયોની સનાતન પરમ્પરામાં ઈષ્ટદેવને છોડીને અન્ય દેવનો આશ્રય કરવો એ અનુચિત ગણાય છે. આથી જ જો

કોઈ એક ભક્તિસમ્પ્રદાયને અનુસરનારો કોઈ બીજા સમ્પ્રદાયના દેવતાના સામે ચાલીને, ઇચ્છાપૂર્વક દર્શન-પૂજાદિ રૂપ વ્યવહાર કરે છે તો તેને 'અન્યાશ્રય' કે 'અનન્યતાનો ભંગ' કર્યો કહેવામાં આવે છે. ભક્તિમાર્ગમાં આને દોષરૂપ માનવામાં આવે છે.

પુષ્ટિમાર્ગ પણ એક ભક્તિમાર્ગ છે. પુષ્ટિભક્તિમાર્ગમાં પરબ્રહ્મ શ્રીકૃષ્ણ ઇષ્ટદેવ છે. આથી જ શ્રીકૃષ્ણ સિવાયના કોઈ પણ દેવી-દેવતા ના સામે ચાલીને દર્શન-પૂજાદિને દોષરૂપ અન્યાશ્રય ગણવામાં આવે છે. અહીં એ સમજવું જરૂરી છે કે અન્યાશ્રય કઈ-કઈ પરિસ્થિતિમાં થઈ શકે છે.

અન્યાશ્રય કઈ સ્થિતિમાં?

શાસ્ત્રીય વિધાન કે પરમ્પરા અથવા લોકરૂઢિ મુજબ પોતાના ઇષ્ટદેવની આરાધનામાટે વિશેષરૂપમાં જે કંઈ પણ (દર્શન પૂજા વગેરે) કરવામાં આવે છે તે મુજબ જો પોતાના ઇષ્ટદેવ સિવાયના કોઈ દેવી-દેવતા સાથે કરવામાં આવે છે તો તેવી સ્થિતિમાં 'અન્યાશ્રય' કર્યો કહેવામાં આવે છે. આનું કારણ વિચારીએ તોઃ

એક માણસ પોતાના પાડોસીને મળે છે, તેના ઘરે જાય છે, શુભ-અશુભ પ્રસંગોમાં સદા હાજરી આપે છે તો પાડોસીની સાથે એ માણસના સારા સમ્બન્ધો છે અથવા સારા સમ્બન્ધો બાન્ધવા ઇચ્છે છે, એવું અનુમાન થાય છે. તે જ પ્રમાણે એક દેવને માનનારો જો બીજા કોઈ દેવના દર્શન-પૂજા વગેરે કરે છે તો તેમ કરનારની શ્રદ્ધા ભક્તિ કે આશ્રયભાવના બીજા દેવ માટે છે અથવા તેમ કરતાં થઈ જશે તેવું અનુમાન પણ સહજ રીતે થઈ શકે છે. આ જ બાબતને હજુ સરખીરીતે વિચારીએ.

ઘર, પરિવાર કે સમાજ માં કોની સાથે કેમ વર્તવું તે આપણે જનમતાં જ શીખી નથી જતા. લોકો પરસ્પર કેવા પ્રકારે વ્યવહાર કરે છે એ જોઈને ધીમે-ધીમે આપણે સામાજિક વ્યવહારો શીખી જતા હોઈએ છીએ. પરન્તુ આવા સામાજિક વ્યવહારોના આધારે પોતાના ઇષ્ટદેવની

સાથે ક્યા પ્રકારે વ્યવહાર કરવો તે સમજી શકાતું નથી, કારણ કે એ વિષય સમાજ્યો નથી પરન્તુ જે શાસ્ત્રે આપણા ઇષ્ટદેવના સ્વરૂપનું જ્ઞાન આપ્યું છે તેમજ તેમની ઉપાસના-ભક્તિ કરવાની પ્રેરણા આપી છે તે શાસ્ત્રનો છે. શાસ્ત્રમાં નીચે દર્શાવેલ જેવા અનેક પ્રકારો આરાધના-ભક્તિના વર્ણવવામાં આવ્યા છે :

> ''સ્નાન, વસ્ત્ર, અલપરણ (શણગાર) પત્ર, પુષ્પ, નૈવેદ્ય (ભોગ), ધૂપ, આરતી વગેરે વડે પૂજન-ઉપચાર, દેવના દર્શન નમન પરિક્રમા ધ્યાન પ્રાર્થના સ્તુતિ વગેરે, ઇષ્ટદેવસમ્બન્ધી તીર્થોની યાત્રા, ઇષ્ટદેવનો પ્રસાદ-નૈવેદ્ય લેવો, ઇષ્ટદેવના માહાત્મ્ય કે અવતારચરિત્રોનું નિરૂપણ કરનારી પુરાણ-કથા સાંભળવી, ભજન વગેરે સાંભળવા, ઇષ્ટદેવસમ્બન્ધી વ્રત ઉપવાસ (વાર-મહિમા-ટાણા વગેરે) કરવા કે કરાવવા, માનતા-બાધા રાખવી, ઇષ્ટદેવસમ્બન્ધી હોમ-હવન મન્ત્રજાપ વગેરે કરવા કે કરાવવા, ઇષ્ટદેવસમ્બન્ધી હોમ-હવન મન્ત્રજાપ વગેરે કરવા કે કરાવવા, ઇષ્ટદેવસમ્બન્ધી કણ્ઠી-ટીલા-ટપકા ધારણ કરવા, ઇષ્ટદેવસમ્બન્ધી દોરા-ધાગા-તાવીજ-માદળિયું વીંટી વગેરે પહેરવા''.

આવા શાસ્ત્રીય તેમજ લોકપ્રચલિત દરેક પ્રકારો પોત-પોતાના ઇષ્ટદેવ પ્રતિ પોતાના આશ્રય કે ભક્તિને વ્યક્ત કરવાના ઉપાયો છે. બીજા શબ્દોમાં કહીએ તો ઉપરોક્ત એક કે અનેક પ્રકારોને અનુસરનાર વ્યક્તિની શ્રદ્ધા-ભક્તિ જે તે દેવમાં છે તેવું અનુમાન થઈ શકે છે. આથી જો કોઈ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ ઉપરોક્ત કોઈ એક કે અનેક પ્રકારવડે અન્ય દેવી-દેવતાની આરાધના-ભક્તિ કરે છે, તો તે અન્યાશ્રય કરે છે તેમ સ્પષ્ટપણે કહી સમજી શકાય છે. પુષ્ટિમાર્ગી વૈષ્ણવે અન્ય દેવી-દેવતા સમ્બન્ધી ઉપરોક્ત સર્વ બાબતોનો ત્યાગ કરવો અનિવાર્ય છે. કારણ કે અન્યાશ્રયનો પૂર્ણપણે ત્યાગ કર્યા સિવાય પુષ્ટિમાર્ગી બની શકાતું નથી. બીજા શબ્દોમાં કહીએ તો પુષ્ટિમાર્ગમાં આવીને જે અન્યાશ્રય કરે છે તે સાચા અર્થમાં પુષ્ટિમાર્ગી જ નથી.

અન્ય દેવી-દેવતાઓનો અનાદર નહીં :

અન્યાશ્રયનો ત્યાગ કરવાના શાસ્ત્રીય ઉપદેશને બીજા દેવી-દેવતા ઓના અપમાન કે અનાદરના અર્થમાં ન સમજવો જોઈએ. કારણ કે વ્યવહારમાં પણ આપણે જોઈ શકીએ છીએ કે એક નોકર જેની નોકરી કરે છે તેને જ માલિક માને છે, સ્ત્રી જે પુરુષને પરણે છે તેને જ પતિ માને છે, સન્તાન જે દમ્પત્તિએ એને જન્મ આપ્યો છે તેને જ સગા માતા-પિતા માને છે. હવે બીજાના નોકરને જો કોઈ એમ કહે કે તું આની નોકરી કરે છે તો શું થયું, તારે મને પણ માલિક માનવો જોઈએ; નહીં તો તું મારું અપમાન કરી રહ્યો છે! તો આવું કહેનારને શું આપણે પાગલ નહીં સમજીએ? આથી જેવી રીતે કોઈ એકને જ માલિક પતિ કે માતા-પિતા માનવાનો અર્થ બીજા બધાનો અનાદર કરવો એવો ક્યારે પણ થઈ શકતો નથી તેવી જ રીતે કોઈ એકને જ પોતાના ઈષ્ટ કે આરાધ્ય દેવ માનવા જોઈએ એ શાસ્ત્રના સિદ્ધાન્તને અન્ય દેવી-દેવતા ના અનાદરના અર્થમાં સમજવો ન જોઈએ.

આદરણીય અને ભજનીય :

જૂના જમાનામાં રાજાના અનુચર હોવાને કારણે પ્રધાનમન્ત્રી, મન્ત્રી, સેનાપતિ વગેરે બધા અધિકારીઓ સમાનરૂપથી પ્રજામાટે આદરણીય ગણાતા હતા, પરન્તુ જેટલો આદર પ્રજા રાજા પ્રત્યે રાખતી હતી તેટલો અન્ય કોઈ પણ પ્રત્યે રાખતી ન્હોતી. પોતાની સરખામણીમાં રાજા માટેનાં પ્રજાના વધુ આદરભાવને કારણે કોઈ અધિકારીને ખોટું ન્હોતું લાગતું. કારણ કે જેમ પ્રજામાટે રાજા સર્વોપરી હોય છે તેમ અધિકારીઓમાટે પણ રાજા સર્વોપરી જ હોય છે. આજ પ્રમાણે બધા દેવી-દેવતાઓ ભક્તમાટે આદરણીય છે પરન્તુ પરમ આદરણીય તેમજ ભજનીય તો એકમાત્ર ભગવાન્ શ્રીકૃષ્ણ જ છે. જેમ ભક્ત બીજા ભક્તને જોઈને પ્રસન્ન થાય છે તેમ એકમાત્ર શ્રીકૃષ્ણનો આશ્રય કરનારા વૈષ્ણવને જોઈને ભગવદંશરૂપ દેવી-દેવતાઓ પણ પ્રસન્ન જ થાય છે.

ભગવદંશરૂપ દેવતાઓ જ્યારે વૈષ્ણવને જુએ છે ત્યારે તેઓને પોતાના અંશી શ્રીકૃષ્ણનું સ્મરણ થઈ આવે છે આથી તેઓ પ્રસન્ન થાય છે, માટે જેમ વૈષ્ણવો એકબીજાને મળે છે ત્યારે ભગવત્સ્મરણ કરે છે.

તેમ કોઈ તીર્થસ્થળે કે રસ્તે જતાં શાસ્ત્રીય દેવી-દેવતાઓના મન્દિરો આવે તો તેઓને આધિદૈવિત ભગવદંશ જાણીને નમસ્કારપૂર્વક ભગગવત્સ્મરણ કરવા જોઈએ. ભગવાન્નો ભક્ત આને જ આદર સમજે છે.

ઈષ્ટદેવની આરાધનાના જે પ્રકારો આગળ વર્ણવવામાં આવ્યા છે તેવા કોઈ પણ પ્રકારની અન્ય દેવી-દેવતાઓનું આરાધન કરવું વૈષ્ણવમાટે જરૂરી નથી.

શ્રીકૃષ્ણ પાસે કોણે જવું?

અન્ય દેવી-દેવતાઓ તો અલ્પ સામર્થ્યવાળા છે. આથી તેઓ પાસેથી મળનારા ફળો પણ અલ્પકાળમાં નાશ પામનારા-નાશવન્ત તેમજ હીન હોય છે. શ્રીકૃષ્ણ તો દેવોના પણ દેવ છે, સર્વસામર્થ્યવાળા છે. એમના દ્વારા મળતું ફળ અવિનાશી હોય છે. આથી ધનસમ્પત્તિ જેવા તુચ્છ ફળોની જેમને કામના છે તેઓ એ તુચ્છ ફળ આપનારા, અલ્પ સામર્થ્યવાળા દેવી-દેવતાઓ પાસે જવું જોઈએ; અને જેઓને પ્રભુસેવા-ભક્તિ જેવા ઉચ્ચ અવિનાશી ફળની કામના છે તેઓ એ ભગવાન્ શ્રીકૃષ્ણના શરણે જવું જોઈએ.

અન્યાશ્રય પ્રશંસાપાત્ર નથી :

અન્યાશ્રય પ્રશંસાપાત્ર નથી એવા આશયનું નિરૂપણ કરતાં ભગવાન્ ગીતામાં આજ્ઞા કરે છે :

> ''વિવિધ પ્રકારના લૌકિક વિષય-ભોગો ભોગવવાની કામનાઓથી જેમની બુદ્ધિ મરી પરવારી છે તેવા લોકો વ્રત-મન્ત્રજપ-પૂજન જેવા નિયમોને ધારણ કરીને બીજા બધા દેવી-દેવતાઓને ભજવા લાગી જાય છે''.

ભ્રષ્ટબુદ્ધિવાળા આવા લોકો, શ્રદ્ધાપૂર્વક તે દેવોની આરાધના કરતાં તે દેવો પાસેથી ફળ મેળવે છે. પરન્તુ તે ફળ આપવાની શક્તિ તે દેવોને મેં જ આપેલી હોય છે. પરન્તુ દેવોનું પૂજન કરનારા ઓછી બુદ્ધિવાળાઓને મળેલું તે ફળ નાશવન્ત જ થાય છે''.

આથી ભગવાન્ આગળ આજ્ઞા કરે છે :

''દેવાન્ દેવયજો યાન્તિ મદ્ભક્તા યાન્તિ મામપિ''

ભાવાર્થ : અન્ય દેવોને પૂજનારા અલ્પ બુદ્ધિવાળા લોકો નાશવન્ત દેવોને પામે છે જ્યારે અનન્યભાવે મને ભજનારા મારા ભક્તો અવિનાશી એવા મને જ પામે છે.

આમ આપણે સમજી શકીએ છીએ કે એક વખતે જે ભગવાનના શરણે ગયો છે તે જો અન્યાશ્રય કરે છે તો તે ભગવાનથી સહન થઈ શકતું નથી. ભગવાનને છોડનારને ભગવાન્ પણ છોડી દે છે.

અન્યાશ્રય કરવાના કારણોઃ

૧. અસન્તોષ
૨. ભય
૩. અવિશ્વાસ
૪. પ્રભુના સ્વરૂપનું અજ્ઞાન
૫. દુઃસંગ
૬. સિદ્ધાન્તનું અજ્ઞાન

ખાસ કરીને આ છ કારણો હોય છે અન્યાશ્રય કરવા પાછળના.

૧. અસન્તોષઃ

જે માણસના જીવનમાં સન્તોષ નથી હોતો તેને ગમે તેટલી ધનસમ્પત્તિ કે પ્રતિષ્ઠા મળી જાય તેમ છતાંય તે પોતાને સુખી માની નથી શકતો. આવા અસન્તોષી લોકો પ્રભુની પાસે પોતાનું દુઃખડું રડીને પોતાની ઇચ્છા પૂરી કરવા પ્રભુને પ્રાર્થના કરવાનો અવિવેક કરી બેસતા હોય છે; અને તરત ઇચ્છા પૂર્ણ ન થતાં અન્ય દેવી-દેવતાઓ કે ગ્રહ-મન્ત્રના ચક્કરમાં પડી અન્યાશ્રય કરી બેસતા હોય છે.

અસન્તોષના કારણે અન્યાશ્રય કરવાવાળા આવા લોકોએ સમજવું જોઈએ કે પ્રયત્નો કરવા છતાં જો જોઈતી વસ્તુઓ મળતી નથી તો એવી જ ભગવાનની ઇચ્છા હશે. પહેલાંના જનમમાં રહેલા સારા-નરસા કર્મોનું

સઞ્ચિત ફળ માણસને આ જનમમાં ભોગવવું પડે છે. આથી સહજ પ્રયત્ન કરવા છતાં જો પરિસ્થિતિ બદલાતી ન હોય તો તેવી જ ભગવાનની મરજી છે તેવું સ્વીકારી લઈ ખોટા દુરાગ્રહ તેમજ હઠનો ત્યાગ કરી જે પરિસ્થિતિ આવી છે તે ભગવાનદ્વારા જ લાવવામાં આવી છે તેવો વિશ્વાસ રાખી ધીરજ રાખવી જોઈએ. પરન્તુ કોઈ પણ પરિસ્થિતિમાં અન્યાશ્રય ન કરવો જોઈએ. કારણ કે જો પ્રભુની તેવી જ ઇચ્છા હશે તો તેના વિરુદ્ધ અન્ય દેવી-દેવતાઓ પણ કંઈ કરી શકવાના નથી. આથી વૈષ્ણવે સન્તોષ અને ધીરજ ક્યારે પણ છોડવા નહીં.

૨. ભયઃ

કુળપરંપરાથી જેઓ વૈષ્ણવ નથી હોતા અને વૈષ્ણવ થતાં પહેલાં અન્ય દેવી-દેવતાઓને માનતા હોય તેવા ઘણા લોકો વૈષ્ણવ થયા પછી પણ અન્ય દેવી-દેવતાઓનું પૂજન ચાલુ રાખતા હોય છે. તેઓના મનમાં એવો ભય હોય છે કે વૈષ્ણવ થયા પછી હવે જો દેવી-દેવતાઓનું પૂજન બંધ કરી દઈશું તો પાપ લાગશે કે તેઓનો અનાદર થશે કે તેઓ ક્રોધે ભરાઈને અનિષ્ટ કરશે. આવા જ કોઈક ભયથી કેટલાક લોકો કુળદેવી/દેવતાને કે લક્ષ્મી સરસ્વતી, ગણેશ, હનુમાન, શિવ વગેરે અન્ય દેવી-દેવતાઓને વારે-તહેવારે, પારિવારિક પ્રસનોમાં કે રોગ વગેરેમાં ભોગ, ફલ, દૂધ, પાણી, તેલ વગેરે ચઢાવતા હોય છે.

આ પ્રકારે ભયથી જેઓ અન્યાશ્રય કરે છે તેઓએ સમજવું જોઈએ કે જેમ રાજાના શરણે ગયેલા વ્યક્તિનું પ્રધાનો પણ કાંઈ બગાડી શકતા નથી તેમ દેવોના પણ દેવ તેવા ભગવાન્ શ્રીકૃષ્ણના શરણે ગયેલ વ્યક્તિનું અન્ય દેવી-દેવતાઓ શું બગાડી શકવાના છે! વળી દેવો તો ખુદ પ્રભુના આધિદૈવિક અંશ છે. આથી એક અંશ પોતાના અંશીના શરણે આવેલા બીજા અંશને પોતાના સ્વામીની સેવા કરતો જોઈને જેમ રાજી થાય છે તેમ દેવો પણ એમની પૂજા-ભક્તિ છોડીને કોઈ શ્રીકૃષ્ણની ભક્તિ કરે તો તેને જોઈને અત્યન્ત રાજી જ થાય છે. આથી ભગવાનના શરણે ગયેલાએ કોઈથી પણ ડર્યા વિના, અન્યાશ્રયનો ત્યાગ કરી એકમાત્ર શ્રીકૃષ્ણનું જ શરણ રાખવું જોઈએ. અને જો કુળપરંપરાથી કે ગમે તે કારણે ઘરમાં અન્ય કોઈ દેવી-દેવતાના મૂર્તિ-ચિત્ર વગેરે હોય તો તેને

આદર પૂર્વક તે-તે દેવી-દેવતાને માનનારાને કે તે-તે દેવી-દેવતાઓના મન્દિરમાં પધરાવી દેવા જોઈએ.

૩. અવિશ્વાસઃ

જેનો આશ્રય કર્યો હોય તેના પર જો વિશ્વાસ ન હોય તો પણ માણસ અન્યનો આશ્રય કરવા લાગે છે. ભક્તનો પોતાના પર અવિશ્વાસ પ્રભુ જરા પણ સાંખી શકતા નથી. સામાન્ય વ્યવહારમાં પણ આપણે જોઈ શકીએ છીએ કે કોઈ બે જણા વચ્ચે ગમે તેટલો ગાઢ સમ્બન્ધ કેમ ન હોય, પણ જો જરા પણ તેમાં અવિશ્વાસની વાત આવે તો ભલભલા સંબંધો તૂટી જતાં હોય છે. પ્રભુ સાથેના સમ્બન્ધમાં પણ આવું જ હોય છે. પ્રભુપર અવિશ્વાસ કરવવાળા ભક્તનો પ્રભુ સાથેનો સમ્બન્ધ પણ તેજ રીતે છૂટી જાય છે જે રીતે હનુમાનજીને બાંધવા પોતે છોડેલા બ્રહ્માસ્ત્રપર મેઘનાદને અવિશ્વાસ થતાં બ્રહ્માસ્ત્રે મેઘનાદનો સાથ છોડી દીધો હતો.

રાવણ દ્વારા સીતાજીનું અપહરણ થયું છે તેવા સમાચાર મળતાં રામચન્દ્રજીએ હનુમાનજીને સીતાજીની શોધમાં મોકલ્યા. હનુમાનજી લંકામાં આવ્યા છે તેની રાક્ષસોને જાણ થતાં તેઓએ હનુમાનજીને પકડવા દોડા-દોડી કરી મૂકી. પરન્તુ હનુમાનજી કેમેય કરીને પકડમાં ન આવ્યાં. અન્તે રાવણના પુત્ર મેઘનાદે હનુમાનજીને મન્ત્રશક્તિથી બાંધવા માટે બ્રહ્માસ્ત્ર છોડયું. બ્રહ્માસ્ત્રનો આદર કરવા હનુમાનજી બંધાઈ ગયા. પરન્તુ હનુમાનજીના બળ અને પરાક્રમને જોઈ ચૂકેલા મેઘનાદને સૂતરના ઝીણા તાંતણા જેવા બ્રહ્માસ્ત્રના બંધનને જોઈને તેને તો હનુમાનજી એક જ ઝાટકામાં તોડી નાખશે. એવો અવિશ્વાસ થયો. મેઘનાદે હનુમાનજીને બીજી લોઢાની સાંકળોમાં બાંધવાનો આદેશ કર્યો. બ્રહ્માસ્ત્રપર અવિશ્વાસ થયો તે જોઈને હનુમાનજીએ બ્રહ્માસ્ત્ર સહિત લોઢાની સાંકળો તોડી નાખી. મુક્ત થઈને હનુમાનજીએ આખી લંકાને બાળીને રાખ કરી મૂકી.

આમ આપણે સમજી શકીએ છીએ કે અવિશ્વાસનું પરિણામ કેટલું ભયાનક હોય છે. આથી જ 'વિવેકધૈર્યાશ્રય' ગ્રન્થમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે :

''અવિશ્વાસો ન કર્તવ્યઃ સર્વથા બાધકસ્તુ સઃ''

અર્થ : અવિશ્વાસ એ બધી રીતે બાધક (અનિષ્ટાકારક) છે. આથી પ્રભુ ઉપર ક્યારે પણ અવિશ્વાસ ન કરવો.

૪. પ્રભુના સ્વરૂપનું અજ્ઞાન :

પ્રભુના સ્વરૂપનું જ્ઞાન ન હોવાથી અથવા દુઃખના સમયે પ્રભુના માહાત્મ્યને ભૂલી જવાને કારણે ભય કે અવિશ્વાસ થાય છે અને માણસ અન્યાશ્રય કરવા પ્રેરાય છે. આથી પ્રભુસ્વરૂપના અજ્ઞાનને કારણે થતા અન્યાશ્રયથી બચવામાટે શ્રીભાગવત્ ગીતા વૈષ્ણવ વાર્તાઓ વગેરેમાં નિરૂપિત પ્રભુના સ્વરૂપ ગુણ તથા લીલાનું જ્ઞાન વૈષ્ણવ તથા ગુરુ દ્વારા મેળવવું જોઈએ.

૫. દુઃસંગ :

શ્રીગુસાંઈજીના સેવક એક પતિ-પત્ની હતા. એમના પાડોશમાં એક અન્યમાર્ગીય સ્ત્રી રહેતી હતી. પેલી પાડોશી સ્ત્રી આ વૈષ્ણવ સ્ત્રીને પોતાના ઘરે બોલાવતી પરન્તુ વૈષ્ણવ સ્ત્રી જતી નહીં. એક દિવસે સવારે પેલી સ્ત્રી વૈષ્ણવ સ્ત્રીને બળજબરીથી પોતાના ઘરે લઈ ગઈ. પાડોશી સ્ત્રી ઘણી ધનવાન હતી; એની ધનસમ્પત્તિ જોઈને વૈષ્ણવ સ્ત્રીનું મન લલચાયું. આ જોઈને પેલી પાડોશી સ્ત્રીએ વૈષ્ણવ સ્ત્રીના મગજમાં એવું ઠાસાવી દીધું કે તેઓ શ્રીઠાકોરજીની સેવા કરે છે પરન્તુ કુળદેવીની પૂજા નથી કરતા માટે ગરીબ છે. આ સાથે તેણીએ એક દેવીની મૂર્તિ પણ પૂજામાટે આપી.

બપોરે વૈષ્ણવ ઘરે આવ્યો એટલે તેની પત્નીએ કુળદેવીની પૂજામાટે સામાન લેવા મોકલ્યો. વૈષ્ણવ સ્ત્રીની બુદ્ધિ અન્યમાર્ગી પાડોશી સ્ત્રીના સંગથી બગડી; અને પત્નીના સંગથી વૈષ્ણવ પતિની બુદ્ધિ પણ બગડી. વૈષ્ણવ અન્યાશ્રય કરે એ કદાપિ યોગ્ય ન ગણાય. આથી પ્રભુએ એવી લીલા કરી કે વૈષ્ણવની બુદ્ધિ પાછી ઠેકાણે આવી ગઈ. દેવીની પૂજાનો સામાન લેવા ગયેલા વૈષ્ણવે પૂજાનો સામાન લીધો પરંતુ પૈસાની પોતાની થેલી લેવાને બદલે દુકાનદારની રૂપિયાની થેલી લઈને ચાલતો થયો. દુકાનદારને ખબર પડતા તેણે રાજાને ફરિયાદ કરી વૈષ્ણવને

પકડાવ્યો અને સજાના રૂપમાં ગધેડા પર ચઢાવી આખા ગામમાં ફેરવ્યો. વૈષ્ણવને અન્યાશ્રય કરવાની પોતાની ભૂલ સમજાઈ ગઈ.

રોગી માણસના સનથી નિરોગી માણસ પણ માંદો પડી શકે છે. આથી જ તો ડોક્ટર રોગી માણસથી દૂર રહેવાની સલાહ આપતા હોય છે. તે જ પ્રકારે જેનો સંગ કરવાથી વૈષ્ણવને પ્રભુસેવા-સ્મરણ વગેરેમાં રુચિ ઓછી થતી હોય, માર્ગમાં નિષ્ઠા ઘટતી હોય કે પ્રભુથી બહિર્મુખ થવાતું હોય તેવા કોઈ પણ વ્યક્તિના સંગને દુઃસંગ સમજીને તેનો ત્યાગ કરવો જોઈએ. વળી જે વૈષ્ણવોને હજુ માર્ગના સિદ્ધાન્તોનું પૂરું જ્ઞાન નથી તેઓએ તો ખુબ સમજી વિચારીને સંગ કરવો જોઈએ. આ વાર્તાથી આ જ સિદ્ધાન્ત ફલિત થાય છે.

૬. સિદ્ધાન્તનું અજ્ઞાન :

સુવ્યવસ્થિત કોઈ પણ માર્ગમાં તેના પર ચાલનારાઓની સુવિધા માટે સંકેતો, સૂચનાના પાટિયાઓ, ખતરા સામે ચેતવણી, તપાસનાકા વગેરેની ગોઠવણો હોય જ છે. પરંતુ કોઈ ચાલવાનો એવો આળસુ કે જેને ચાલવાની ઈચ્છા જ ન હોય અથવા તો જેને સૂચના અનુસાર ચાલવું જ ન ગમતું હોય તેવો કોઈ માર્ગમાં આવી ટપકે તો ગમે તેટલો સુવ્યવસ્થિત માર્ગ કેમ ન હોય, આવા માણસને કેવી રીતે ક્યાંય પહોંચાડી શકવાનો છે! આ જ પ્રમાણે જેને ચાલતા તો આવડે છે અને ચાલવામાં આળસ પણ નથી પરન્તુ જો તેને માર્ગના ગન્તવ્યનું (એટલે કે માર્ગ જ્યાં પહોંચાડે છે કે પૂરો થાય છે તેનું) જ્ઞાન જ ન હોય અથવા તો માર્ગમાં આવતાં સંકેતો સૂચનો કે ચેતવણીઓને વાંચતા કે સમજતાં જ ન આવડતું હોય તો એવો અજ્ઞાની માણસ પણ કઈ રીતે લક્ષ્યને પામી શકવાનો છે! આથી એક વાત ખાસ સમજવી પડશે કે જેમ કોઈ પણ માર્ગનું જ્ઞાન તેના પર આવનારના માટે જરૂરી હોય છે તેમ ધર્મસમ્પ્રદાય કે ધર્મમાર્ગ માં આવનારના માટે પણ તેના સિદ્ધાન્તોનું જ્ઞાન હોવું અત્યન્ત જરૂરી છે.

અન્યાશ્રય કોને કહેવાય? ભગવદાશ્રય શું છે? વગેરે બાબતોનું પૂરતું જ્ઞાન ન હોવાને કારણે પણ લોકો અન્યાશ્રય કરતા હોય છે. આથી આવા અજ્ઞાની લોકોએ ગુરુ દ્વારા માર્ગના સિદ્ધાન્તો જાણીને પોતાનું

અજ્ઞાન દૂર કરવું જોઈએ.

આમ આપણે અન્યાશ્રય તથા અન્યાશ્રયત્યાગ ના સ્વરૂપને સમજ્યા. અન્યાશ્રયનો ત્યાગ એ પુષ્ટિમાર્ગમાં પ્રવેશવા માટેની પહેલી શરત છે. આથી અન્યાશ્રયરહિત અનન્ય ભક્તિની પ્રંશસા કરતાં ભગવાન્ ગીતામાં આજ્ઞા કરે છે :

''માં ચ યોઽવ્યભિચારેણ ભક્તિયોગેન સેવતે।''
સ ગુણાન્ સમતીત્યૈતાન્ બ્રહ્મભૂયાય કલ્પતે।।''

અર્થ : અવ્યભિચારી એટલે કે અન્યાશ્રયરહિત ભક્તિયોગથી જે મારી સેવા કરે છે તે પ્રાકૃત ગુણોના બન્ધનથી મુક્ત થઈ પરમ ફળને પ્રાપ્ત કરે છે.

વિશેષવાંચનમાટેના ગ્રન્થોઃ

ષોડશગ્રન્થાન્તર્ગત વિવેકધૈર્યાશ્રય
૮૪-૨૫૨ વૈષ્ણવવાર્તા
શ્રીભાગવત્
ભગવદ્ગીતા

૧૩. શરણમાર્ગ

શરણમાર્ગ :

આલોક તેમજ પરલોકમાં શ્રીકૃષ્ણ સિવાય મારો સાચો સગો કે આધાર બીજો કોઈ નથી એવો દૃઢ દીનતાભાવ રાખીને, અન્યાશ્રય તેમજ અન્ય સાધનોમાં નિષ્ઠાનો ત્યાગ કરીને, અનુકૂળ કે પ્રતિકૂળ દરેક પરિસ્થિતિમાં સમાન ભાવ રાખીને પ્રભુના સ્વરૂપ ગુણ તેમજ લીલાનું શ્રવણ, સ્મરણ, કીર્તન કરતા રહેવું આને જ 'શરણમાર્ગ' કહેવામાં આવે છે

શરણમાર્ગનું મૂળ :

પાંડવો તેમજ કૌરવો વચ્ચે અન્તિમ યુદ્ધ ખેલાવાનું નક્કી થયું ત્યારે અર્જુન પાંડવો તરફથી અને દુર્યોધન કૌરવો તરફથી ભગવાન્ પાસે મદદ માંગવા ગયા. ભગવદ્ભક્ત અર્જુને તો સાક્ષાત્ ભગવાનને જ પોતાના પક્ષમાં માંગી લીધા; જ્યારે દુર્યોધન તો ભગવાનની સેનાને લઈને જ રાજી થઈ ગયો. યુદ્ધની ઘડી આવી ત્યારે પણ અર્જુને ભગવાનને જ માર્ગદર્શકરૂપે પોતાના રથના ચાલક (સારથિ) બનાવ્યા.

યુદ્ધની શરૂઆત કરવામાટે બન્ને પક્ષો તરફથી રણશિંગા ફૂંકાવા લાગ્યા. એવામાં ભગવાને અર્જુનના રથને યુદ્ધમેદાનમાં બન્ને સેનાઓની વચ્ચે લાવીને ઊભો કરી દીધો. સામે પક્ષે નજર નાખીને અર્જુન જુએ છે તો ચોમેરે એના કાકા, ભાઈ, ભત્રીજા, મામા વગેરે સગા-સમ્બન્ધીઓ તેમજ ગુરુ તેની સામે લડવા ઊભેલા દેખાય છે. અર્જુન બહાદુર અને શસ્ત્રવિદ્યામાં પ્રવીણ હતો, સકળ શાસ્ત્રનો જાણકાર હતો, છતાંય પોતાના સ્વજનો સાથે યુદ્ધ કરવું પડશે તે જોઈને એના મનમાં ખળભળાટ મચી ગયો. એનું આખું શરીર ધ્રુજી ઊઠ્યું. આવી વિકટ પરિસ્થિતિમાં એને સાચો માર્ગ દેખાડી શકે તેવું જો કોઈ લાગ્યું હોય તો તે એકમાત્ર ભગવાન્ શ્રીકૃષ્ણ. અર્જુન ભગવાનના શરણે જઈને વિનંતી કરે છે :

''હે શ્રીકૃષ્ણ! આવી વિકટ પરિસ્થિતિમાં મારું
મન સ્થિર નથી. ધર્મ-અધર્મનો વિવેક પણ હું કરી શકું
તેમ નથી. મારી સમસ્યાનું સમાધાન કરી શકે એવું કોઈ
મને દેખાતું નથી. આથી હું આપને પૂછી રહ્યો છું.
મારામાટે જે કલ્યાણકારી હોય તે મને કહો. હું આપના
શરણે આવ્યો છું. મને ઉપદેશ આપો''.

અર્જુનના આ વચનો સાંભળીને ભગવાનને ખાતરી થઈ કે હવે અર્જુનમાં શરણાગતિના યોગ્ય નિઃસાધનતા, અનન્યતા, વિશ્વાસ, અન્ય ઉપાયો કરવામાં નિરુત્સાહ અને પૂર્ણ દીનતા આવી ગયા છે. ત્યારે તેની શરણાગતિનો સ્વીકાર કર્યો. એની દરેક શંકાઓનું સમાધાન કર્યું અને અન્તે જીવમાત્ર માટે કલ્યાણકારી એવા શરણમાર્ગનો મહાન ઉપદેશ આપ્યો :

''સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ ।
અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચ ।।''

અર્થ : (મારા શરણે આવવામાં વિરોધી એવા) સર્વ ધર્મોનો ત્યાગ કરીને એક મારા જ શરણે આવ. હું તને બધા પાપોથી (એટલે કે મારે શરણે આવતા સમયે જેટલા વિઘ્નો આવશે એ બધાથી) બચાવીશ. તું ચિંતા નહીં કર.

ભગવાનનો આ ઉપદેશ જ શ્રીમહાપ્રભુજીએ દર્શાવેલ શરણમાર્ગનો આધાર છે.

નાનું બાળક એકલું-અટૂલું પડી જતાં ગભરાઈ જઈ જો દોડતું-દોડતું એની માતા પાસે જાય અને માતા વ્યાકુળ હૃદયે ભયભીત બાળકને જેમ પોતાના ખોળામાં લઈ લે છે તેમ આપણે પણ જો પ્રભુ પર અતૂટ વિશ્વાસ સાથે તેમજ નિઃસાધનતા, દીનતા અને અનન્યતા પૂર્વક પ્રભુના શરણે ચાલ્યા જઈએ તો પ્રભુ આપણા શરણને ચોક્કસ સ્વીકારે છે.

શરણાગતિના છ અંગો :

'શરણાગતિ' એટલે આપણી જાતને બધી રીતે પ્રભુને સોંપી દેવી. અને શરણમાર્ગ એટલે પૂર્ણ રીતે કે બધી રીતે આપણી જાતને પ્રભુને સોંપી દેવાનો ઉપાય કે માર્ગ. પ્રભુ પ્રતિ પૂર્ણપણે શરણાગત થવા માટેના શરણના છ અંગોનું નિરૂપણ કરતો દોઢ શ્લોક શ્રીમહાપ્રભુજીના

'પञ्चશ્લોકી' ગ્રન્થમાં ટાંકેલો જોવા મળે છે :

''અનુકૂલસ્ય સપલ્પઃ પ્રતિકૂલવિસર્જનમ્ ।
કરિષ્યતીતિ વિશ્વાસઃ ભર્તૃત્વે વરણં યથા ।।
આત્મનૈવેદ્યકાર્પણ્યે ષડ્વિધા શરણાગતિઃ ।''

૧. અનુકૂલસ્ય સપલ્પઃ = પ્રભુ તેમજ પ્રભુસેવા વગેરે પ્રભુસમ્બન્ધી બાબતોના અનુકૂળ બનવાનો નિર્ધાર.

ભક્તનું જે કંઈ પણ થાય છે તે બધું પ્રભુ જ પોતાની ઇચ્છાથી કરે છે. આથી સુખ-દુઃખ નિંદા-પ્રશંસા વગેરે દરેક પરિસ્થિતિને પ્રભુની લીલા સમજી તેમાં તટસ્થભાવે રહેતાં પ્રસન્નતાપૂર્વક પ્રભુના સેવા-સ્મરણ-કીર્તનાદિ કરવા જોઈએ.

૨. પ્રતિકૂલવિસર્જનમ્ = પ્રભુ તેમજ પ્રભુસમ્બન્ધી બાબતોથી પ્રતિકૂળ બાબતોનો ત્યાગ.

અન્યાશ્રય, અવૈષ્ણવોનો સન, ખોટા વિચારો, બૂરું કે બિનજરૂરી બોલવું, અધર્મનું આચરણ, શાસ્ત્રનિષિદ્ધ કે નિંદિત આજીવિકા (ધંધો-રોજગાર), લાલચ, ક્રોધ, લોભ, અજ્ઞાન, અભિમાન, ઈર્ષ્યા, શાસ્ત્રનિષિદ્ધ કે નિન્દિત આહાર વગેરે બાબતો એક કે બીજી રીતે ભગવદ્ધર્મની વિરોધી છે. આવી બધી બાબતોનો ભક્તિમાર્ગીએ ત્યાગ કરવો જોઈએ.

૩. કરિષ્યતિ ઇતિ વિશ્વાસઃ = શરણે આવેલાના સર્વ કાર્યો ભગવાન્ કરશે જ એવો દૃઢ વિશ્વાસ.

ભગવાન્ ગીતામાં અર્જુનને વચન આપતાં આજ્ઞા કરે છે :

> ''જે અનન્ય લોકો મારું ચિન્તન કરતાં તન, મન, ધન થી મારી સેવા કરે છે તેઓનો મારા પ્રત્યેના ભાવોનું હું પોષણ કરું છું અને એમના ભાવોમાં રહેલી ઊણપને હું દૂર કરી આપું છું''.

આથી પ્રભુના શરણે ગયેલા જીવે દૃઢ વિશ્વાસ રાખવો જોઈએ કે પ્રભુ પોતાને શરણે આવેલાના સર્વ કાર્યો કરે જ છે.

૪. ભર્તૃત્વે વરણં = ભગવાનને પોતાના રક્ષક તથા પાલક માનવા.

પિતા પાસે જઈને બાળક જેમ દરેક પ્રકારના ભયોથી મુક્ત થઈ જાય છે, આગળ પાછળની કોઈ પણ ચિંતા એને રહી જતી નથી, તેમ જગત્ પિતા પરમાત્મા પણ શરણે આવેલા જીવમાટે તેનું રક્ષણ તથા પાલન કરનાર પરમપિતાતુલ્ય જ છે. આથી જીવે પણ પ્રભુને પોતાના રક્ષક તેમજ પાલક સમજીને ચિંતા કે ભયથી મુક્ત થઈ જવું જોઈએ.

૫. આત્મનૈવેદ્ય = આત્મસમર્પણ.

પોતાને તથા પોતાના સમ્બન્ધી બધી વસ્તુઓને પ્રભુને સમર્પિત કરી દેવી તેમજ સાચું આત્મસમર્પણ કહેવાય. એટલે કે પોતામાં તથા પોતાની દરેક વસ્તુમાં રહેલા હું પણાના તેમજ મારા પણાના અભિમાનનો ત્યાગ કરીને હું તથા મારું જે કંઈ પણ છે તે બધું પ્રભુસેવામાટે છે તેવો ભાવ કેળવવો જોઈએ. સમર્પણનો સાચો સાર આમાં જ છે. પ્રભુને પોતાના રક્ષક માન્યા પછી પોતા પર કે પોતાની કોઈ પણ વસ્તુ પર મારાપણું રાખવાની જરૂર રહી જતી નથી. આથી સર્વસ્વનું સમર્પણ જ કર્તવ્ય બને છે.

૬. કાર્પણ્ય = દીનતા. (જુઓ પૃષ્ઠ ૧૯)

શરણાગતિના આ છ એ છ અંગોને જો જીવનમાં ઉતારવામાં આવે તો પ્રભુમાં પૂર્ણ શરણાગતિ થાય છે.

દ્વિવિધ શરણમાર્ગ :

શરણમાર્ગ શ્રીમહાપ્રભુજીના મતે એક સ્વતન્ત્ર માર્ગ પણ છે અને પુષ્ટિભક્તિમાર્ગનો સહાયક માર્ગ પણ છે.

૧. જે વ્યક્તિ પ્રભુના સેવા તેમજ સ્મરણ બન્ને કરે છે

અથવા

૨. જે પ્રભુસેવા નથી કરી શકતો પરન્તુ પ્રભુના સ્વરૂપ-ગુણ-લીલાનું શ્રવણ-કીર્તન-સ્મરણ તેમજ ભગવદીયોનો સન કરે છે તેવા બન્ને

ભક્તિમાર્ગીઓ માટે શરણમાર્ગ પ્રભુભક્તિને વધુ દૃઢ બનાવનારો થશે.

જ્યારે

૩. જે વ્યક્તિ ન તો પ્રભુના સેવા-સ્મરણ કરી શકે છે ન શ્રવણ-કીર્તન-સ્મરણ કે સત્સંગ કરી શકે છે તેવો નિઃસાધન વ્યક્તિ જો કેવળ પ્રભુનું અનન્ય ભાવે શરણ રાખે છે તો તેવા દીન ભક્તને પણ શ્રીમહાપ્રભુજી આશ્વાસન આપતાં આજ્ઞા કરે છે :

''હરિસ્તુ સર્વતો રક્ષાં કરિષ્યતિ ન સંશયઃ''

અર્થ : ભક્તોના દુઃખોને હરનારા શ્રીકૃષ્ણ બધા પ્રકારે રક્ષા કરશે. માટે કોઈ પણ પ્રકારનો સંશય કરવો નહીં.

આ પરથી સમજી શકાય છે કે નિઃસાધન જીવમાટે શરણમાર્ગ એ એક સ્વતન્ત્ર માર્ગ પણ છે.

શરણમાર્ગમાં પ્રવેશ શા માટે?

કોઈ પણ પુષ્ટિમાર્ગીનું પહેલું અને છેલ્લું લક્ષ્ય પ્રભુના સેવા-સ્મરણમાં પોતાનું સમગ્ર જીવન વીતાવવાનું હોય છે. આ લક્ષ્યને પામવાની તૈયારી કરવામાટે શરણમાર્ગમાં પ્રવેશ મેળવવો જોઈએ.

આપણા જીવનમાં જો કોઈ મોટો પ્રસન આવવાનો હોય તો તેના માટેની તૈયારીઓ ઘણા અગાઉથી કરવા લાગીએ છીએ. આ તૈયારીઓ કરવા પાછળનો હેતુ આવનાર પ્રસનમાં કોઈ વિઘ્ન આવી ન પડે કે તેની ઉજવણીમાં કોઈ પણ પ્રકારની કચાશ રહી ન જાય તે જ હોય છે. તે જ પ્રમાણે એક પુષ્ટિમાર્ગીના જીવનમાં સહુથી મોટો અને સુખદ પ્રસન પોતાના ઘરમાં પ્રભુને પધરાવીને પોતાના તન, મન, ધન થી પ્રભુની સેવા કરવાનો હોય છે. આવા મહાન ઉત્સવરૂપ પ્રસનના આવતા પહેલાં એની ઉજવણીની તૈયારી કરવા માટે શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગમાં શરણમાર્ગની જોગવાઈ કરી છે. આથી જ શરણમાર્ગને સેવા-ભક્તિમાર્ગનું સાધન પણ માનવામાં આવેલ છે. શ્રીકૃષ્ણના અષ્ટાક્ષર-નામમંત્રની દીક્ષા યોગ્ય ગુરુ પાસેથી લઈને શરણમાર્ગમાં પ્રવેશ મેળવી શકાય છે.

શરણમાર્ગીના કર્તવ્યો :

વિદ્યા પ્રાપ્ત કરવા માટે શાળામાં દાખલ થનાર વિદ્યાર્થીને વર્ગમાં બેસીને ભણવા સિવાય પણ કેટલાક કર્તવ્યોનું પાલન કરવાનું હોય છે; જેવા કે શિસ્ત જાળવવી, સ્વચ્છતા રાખવી, વિવેકપૂર્ણ વ્યવહાર કરવો, શિક્ષકોને આદર આપવો, ગણવેશ પહેરવો, નિયમિત રહેવું, શાળાના ગૌરવને જાળવવું વગેરે. આ બધી બાબતો એક યા બીજી રીતે વિદ્યાર્થીને વિદ્યા મેળવવામાં ઉપકારક થતી હોય છે. તે જ પ્રમાણે પ્રભુસેવા કરવાના લક્ષ્યથી શરણમાર્ગમાં પ્રવેશેલા શરણાગત જીવના પણ કેટલાક કર્તવ્યો હોય છે, તે હવે આપણે જોઈએ.

૧. આચાર્યસ્વરૂપજ્ઞાન :

અજાણ્યા સ્થળે જવા માટે જો કોઈ માર્ગદર્શક-ભોમિયાને આપણે સાથે રાખીએ તો એ માર્ગદર્શકની પૂરી ઓળખ અને તેના પર વિશ્વાસ એ બન્ને હોવા જરૂરી છે. તે વિના લક્ષ્યને પામી શકાતું નથી. કારણ કે એવું બની શકે કે માર્ગ પર આગળ વધતાં તે મુશ્કેલીભર્યો બનતો જાય, કે આપણી અશક્તિને કારણે લક્ષ્ય સુધી પહોંચતા વાર લાગે કે આપણે જેવી કલ્પના કરી હોય તેવો માર્ગ ન હોય. આવી કોઈ પણ પરિસ્થિતિમાં આપણા માર્ગદર્શકને જો આપણે સારી રીતે જાણતા ન હોઈએ તો સમ્ભવ છે કે તેના પર અવિશ્વાસ આવી જાય અને જે રસ્તે આપણો માર્ગદર્શક લઈ જઈ રહ્યો છે તે સાચો હોવા છતાં પણ ત્યાંથી આપણે પાછા વળી જઈએ કે રસ્તો બદલી નાખીએ. તેવી સ્થિતિમાં આપણે લક્ષ્યને ક્યાંથી મેળવી શકવાના છીએ?

આપણે સહુ પુષ્ટિભક્તિમાર્ગના અનુગામી-યાત્રી છીએ. જ્યારે શાસ્ત્રોમાં છુપાયેલા આ માર્ગને ખોળી કોઈ પણ પુષ્ટિજીવ તેના પર ચાલી શકે તેવો બનાવનારા આચાર્યચરણ શ્રીમહાપ્રભુજી આપણા ગુરુ-માર્ગદર્શક છે. પુષ્ટિભક્તિમાર્ગના અનુગામી હોવાનો અર્થ છે : શ્રીમહાપ્રભુજીએ ગ્રન્થોમાં કરેલ કર્તવ્યોપદેશમાં શ્રદ્ધા તેમજ વિશ્વાસ રાખી તે મુજબ યથાશક્તિ આચરણ કરનારો તેમજ જે બાબતોની નિંદા કે નિષેધ કરવામાં આવ્યા છે તેનાથી દૂર રહેનારો. આ અર્થમાં શ્રીમહાપ્રભુજીના માર્ગના અનુગામી-યાત્રી થવું ત્યારે જ શક્ય બનશે કે જ્યારે આપણામાં

શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું જ્ઞાન તેમજ આપણા પર અતૂટ વિશ્વાસ હશે. જો તે આપણામાં નહીં હોય તો સમ્ભવ છે કેદ્નઆપણી નિર્બળતા કે પરિસ્થિતિ વશ માર્ગ પર ચાલી ન શકીએ અથવા તો આગળ જતાં માર્ગ મુશ્કેલ બનતો જાય. એટલે કે માર્ગના સિદ્ધાન્તો તેમજ તેનું આચરણ મુશ્કેલ કે અવ્યવહારૂ લાગવા માંડે. અથવા પ્રભુસેવા-ભક્તિરૂપી ફળ મળવામાં વિલમ્બ થાયદ્નઆવા બધા કારણે આપણે આટલા ઉત્તમ માર્ગને જ છોડી બેસીએ.

પરંતુ જો આપણને આપણા માર્ગદર્શક-ગુરુ શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું જ્ઞાન અને આપના પર વિશ્વાસ હશે તો પુષ્ટિભક્તિનો માર્ગ બીજા લોકોને ભલે મુશ્કેલ લાગતો હશે કે માર્ગના સિદ્ધાન્તો અવ્યવહારૂ લાગતા હશે; આપણને નહીં લાગે. માર્ગનું અનુસરણ કરવા માટે જો પોતાના ખાન-પાન રહેણી-કરણી કે ધંધા-રોજગાર જેવી બાબતોમાં પણ કોઈ નાના-મોટા પરિવર્તનો કરવા પડશે તો તે પણ આકરા નહીં લાગે. માર્ગને અનુસરતાં જો કોઈ ટીકા-ટિપ્પણી કરશે તો તેનાથી મન અશાંત નહીં થાય. શ્રીઆચાર્યચરણ પરના વિશ્વાસના બળે લૌકિક-પારલૌકિક કષ્ટો પણ સહજતાથી ઝીલી શકાશે. પ્રભુની ઇચ્છાથી જો ફળપ્રાપ્તિમાં વિલમ્બ થશે તો પણ ધીરજ નહીં ખૂટે કે માર્ગ પર અવિશ્વાસ નહીં થાય. અહીં, પરંતુ એ વાત ભૂલવાની નથી કે આ બધું થશે શ્રીમહાપ્રભુજીના સ્વરૂપના જ્ઞાનથી તેમજ વિશ્વાસથી જ.

શ્રીમહાપ્રભુજીના સ્વરૂપજ્ઞાનથી આપના શિષ્ય
શ્રીસૂરદાસજીએ પોતાનું ગુરુપદ છોડ્યું

શ્રીદામોદરદાસને, ધનવાન હોવા છતાં શ્રીઠાકુરજી માટે ભર્યા બજારમાં થઈને જાતે જળ ભરવા જતાં લોકલાજ લાગતી નહીં.

શ્રીનારાયણદાસે પોતાના ગુરુભાઈની મદદ કરવા ખાતર પાંચસો કોરડા ખાવાની તૈયારી બતાવીને લૌકિક કષ્ટને ગણકાર્યું નહીં.

શ્રીપદ્મનાભદાસજીએ તો શ્રીમહાપ્રભુજીની એક વખતની આજ્ઞામાત્રથી શ્રીભાગવતનો આજીવિકા માટે ઉપયોગ કરવાનું બંધ કરી દીધું.

શ્રીકુંભનદાસજીએ રાજા માનસિંહ તરફથી મળતી અઢળક સમ્પત્તિ

તરફ નજર સુધ્ધાં ન કરી તો

શ્રીસંતદાસજીએ વિપરીત પરિસ્થિતિમાં પણ શ્રીઠાકોરજીના દ્રવ્ય-સમ્પત્તિ ઉપર મન ન બગાડ્યું.

આ શ્રીમહાપ્રભુજીના સ્વરૂપજ્ઞાન અને આપના પરના અટલ વિશ્વાસનું પરિણામ છે.

આથી, શરણમાર્ગમાં આવનારનું એ પ્રાથમિક કર્તવ્ય છે કે પોતાના દીક્ષા ગુરુ દ્વારા આચાર્યચરણ શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરે. પ્રભુચરણ શ્રીવિઠ્ઠલનાથજી વિરચિત શ્રીસર્વોત્તમ, શ્રીવલ્લભાષ્ટક. શ્રીસપ્તશ્લોકી વગેરે સ્તોત્રગ્રન્થો, વૈષ્ણવવાર્તાઓ તથા કીર્તનસાહિત્યમાં શ્રીમહાપ્રભુજીના દિવ્ય સ્વરૂપ તથા ચરિત્રનું વર્ણન છે. આ સર્વનો શ્રદ્ધાપૂર્વક અભ્યાસ દરેક વૈષ્ણવે કરવો જોઈએ.

૨. સિદ્ધાન્તજ્ઞાન :

પુષ્ટિભક્તિમાર્ગના સિદ્ધાન્તોનું જ્ઞાન પ્રાપ્ત કરવું એ શરણમાર્ગીનું બીજું પ્રમુખ કર્તવ્ય છે. આચાર્યચરણના સ્વરૂપ-ચરિત્રનું જ્ઞાન તેમજ આપના પર વિશ્વાસ હોય પરંતુ જો માર્ગના સિદ્ધાન્તોનું જ્ઞાન ન હોય તો માર્ગને અનુસરી ન શકાય. રાજમાર્ગ પર વાહન હંકારવું હોય તો માર્ગ પર લખેલ દરેક-દરેક સૂચનોને પાળીને જ હંકારી શકાય. તેવી જ રીતે ધર્મમાર્ગને અનુસરવા માટે પણ માર્ગપ્રવર્તક આચાર્યના સૂચનો-સિદ્ધાન્તોનું અક્ષરશઃ પાલન કરવું જરૂરી હોય છે; તે વિના ધર્મમાર્ગ પર ચાલી શકાતું નથી.

સિદ્ધાન્તજ્ઞાન કેવી રીતે?

સિદ્ધાન્તોનું પાલન સિદ્ધાન્તની સમજ વિના કેવી રીતે થઈ શકે? માટે પોતાના દીક્ષાગુરુ પાસેથી માર્ગના તત્ત્વ, સિદ્ધાન્ત, વ્યવહાર તેમજ ફળ પક્ષોનું નિયમિતપણે અધ્યયન કરવું જોઈએ. ષોડશગ્રન્થ તથા તત્ત્વાર્થદીપનિબન્ધ આ બે શ્રીમહાપ્રભુજી વિરચિત એવા ગ્રન્થો છે કે જેમાં સમગ્ર પુષ્ટિભક્તિમાર્ગનો સાર આવી જાય છે. આથી પુષ્ટિભક્તિમાર્ગને અનુસરવા ઇચ્છનારે ઓછામાં ઓછા આ ગ્રન્થોનું અધ્યયન પોતાના દીક્ષાગુરુ પાસેથી કરવું અનિવાર્ય છે. ૮૪-૨૫૨ વૈષ્ણવવાર્તા, અન્ય

વાર્તા-વચનામૃત સાહિત્ય કે પરંપરા ના આધારે સિદ્ધાન્તો તારવનારાઓએ પણ ઉપરોક્ત ગ્રન્થોનો તલસ્પર્શી અભ્યાસ કર્યા બાદ જ કોઈ પણ પ્રકારના સિદ્ધાન્ત નિર્ણયો લેવા જોઈએ. ગ્રન્થોનો અભ્યાસ કર્યા વિના જ માત્ર વાર્તા-વચનામૃતના આધારે જો સિદ્ધાન્તનિર્ણય કરવામાં આવે તો તેવા નિર્ણયોમાં ભયંકર ભૂલો થવાની સમ્ભાવના પૂરે-પૂરી રહે છે.

સિદ્ધાન્તોના અજ્ઞાનથી થતાં અનર્થો :

આજે માર્ગના સિદ્ધાન્તોના જ્ઞાનના અભાવે અસંખ્ય પુષ્ટિમાર્ગીઓ માર્ગથી વિપરીત આચરણ કરી પોતાનું અનિષ્ટ કરી રહ્યા છે. શ્રીમહાપ્રભુજીના નામે પોતાનો સ્વાર્થ સાધવાની બદ્દાનત ધરાવનારા, માર્ગમાં રહેલા તેમજ બહારના પણ કેટલાક લોકો, પુષ્ટિભક્તિમાર્ગીઓની આ અજ્ઞાનતાનો લાભ લઈને તેઓને અવળે માર્ગે દોરી રહ્યા છે. આજના રાજકારણીઓ સામાન્ય જનતાના અજ્ઞાનનો લાભ લઈ જાતિ, ધર્મ, લઘુમતી, પ્રાન્ત વગેરે મુદ્દાઓ ઊભા કરીને જનતાના ભાગલા પાડીને જેમ પોતાનો સ્વાર્થ સાધતા હોય છે તેમ આ માર્ગમાં પણ કેટલાક લોકો સ્વાર્થ ખાતર અનુયાયી વર્ગને ઈરાદાપૂર્વક માર્ગના મૂળભૂત સિદ્ધાન્તોથી અજાણ રહેવા દઈ પાખણ્ડપ્રચુર ખોટી પરંપરા કે રૂઢિઓને સિદ્ધાન્ત તરીકે સ્થાપિત કરી રહ્યા છે. અમુક-અમુક સમયે દરેક સમ્પ્રદાયોમાં આવું બનતું હોય છે. આનો પરંતુ એક જ ઈલાજ છે; અને તે છે શ્રીમહાપ્રભુજીના ગ્રન્થોનો અભ્યાસ. શ્રીમહાપ્રભુજીની સ્પષ્ટ શબ્દોમાં આજ્ઞા છે :

''शास्त्रमवगत्य मनोवाग्देहैः कृष्णः सेव्यः''

ભાવાર્થ : (પુષ્ટિભક્તિમાર્ગના સિદ્ધાન્તોની જેમાં સમજૂતી આપવામાં આવી છે તેવા ષોડશગ્રન્થ, નિબન્ધ વગેરે) શાસ્ત્રને સારી રીતે સમજીને મન, વાણી તથા દેહ થી શ્રીકૃષ્ણના સેવા-સ્મરણ કરવા.

૩. શ્રવણ-કીર્તન-સ્મરણ :

સિદ્ધાન્તોના જ્ઞાનથી માર્ગ કેવો છે ને કેવો નથી, માર્ગમાં કેવી રીતે ચાલવું ને કેવી રીતે ન ચાલવું, માર્ગ ક્યાં પહોંચાડે છે ને ક્યાં નથી પહોંચાડતો, વગેરે બાબતોનો ખ્યાલ આવે છે. કોરા સિદ્ધાન્તજ્ઞાનથી પરન્તુ હૃદયમાં પ્રભુ પ્રત્યે ભક્તિભાવ વધી શકતો નથી. ભક્તિભાવની

વૃદ્ધિ તો પ્રભુના સ્વરૂપ, લીલા, ગુણ તેમજ નામોના શ્રવણ, કીર્તન, સ્મરણ થી થાય છે. આથી ક્રિકેટ, સંગીત કે ચિત્રકળા ના શોખીન લોકો જેમ પોતાના જેવો શોખ ધરાવનારા સાથે પોતાના પ્રિય વિષયની ચર્ચા કરતા રહેતા હોય છે, તે વિશેના પુસ્તકો વાંચતા રહેતા હોય છે, અને તેમ કરવાથી તેઓને પોતાના પ્રિય વિષયમાં વધુને વધુ રુચિ-પ્રેરણા થતી હોય છે તેવી જ રીતે પુષ્ટિમાર્ગીએ પણ અન્ય પુષ્ટિમાર્ગીય સદ્વૈષ્ણવનો તથા પુષ્ટિમાર્ગીય ગ્રન્થોનો સન કરીને પોતાના પ્રિય પ્રભુના શ્રવણ, કીર્તન, સ્મરણ કરવા જોઈએ. આમ કરવાથી દુસન, દુર્વિચાર કે દુષ્ટ અન્ન વગેરેના કારણે જો પોતાના ભગવદ્ભાવમાં ઓટ આવી હશે તો તેમાં પણ ભરતી આવી જશે. ઉત્તમ ભક્તોના સનથી પ્રભુસેવાની રુચિ થશે, સ્વકર્તવ્યપાલનની પ્રેરણા થશે.

૪. વૈષ્ણવચિહ્ન :

શરણમાર્ગીમાટે એ જરૂરી છે કે એ શ્રીમહાપ્રભુજીદ્વારા દર્શાવેલ પુષ્ટિભક્તિમાર્ગના બાહ્ય ચિહ્નોને શરીર પર ધારણ કરે. સ્નેહ, માહાત્મ્યજ્ઞાન, આશ્રય, દીનતા, નિઃસાધનતા વગેરે વૈષ્ણવતાના આન્તરચિહ્નો આપણા મન-બુદ્ધિ પર લગામ રાખે છે; જ્યારે કે તિલક-કંઠી જેવા વૈષ્ણવતાના બાહ્ય ચિહ્નો આપણા શરીર તેમજ વાણીથી થતાં બાહ્ય વ્યવહારો પર લગામ રાખે છે. આ ચિહ્નો આપણને સતત કર્તવ્ય તેમજ સ્વરૂપનો નિરન્તર બોધ તો કરાવે જ છે, સાથે-સાથે ધર્મને ઠેસ પહોંચે તેવું કોઈ કામ આપણે કરી ન બેસીએ તે માટે પણ સતત જાગૃત રાખે છે. શરણમાર્ગી આ કર્તવ્યોનું પાલન કરતાં-કરતાં એ વાત કદી પણ ભૂલે નહીં કે પ્રભુસેવા કરવાની યોગ્યતા મળે માટે તે આ બધું કરી રહ્યો છે.

પ્રભુના શરણે જનારા જીવને મળતાં ફળનું નિરૂપણ કરતાં શ્રીભાગવતમાં કહેવાયું છે :

> ''પૌષ્ટિક તેમજ સ્વાદિષ્ટ ખોરાક લેનારને
> પ્રસન્નતા, પોષણ અને ભૂખ દૂર થવી આમ ત્રણેય
> લાભ જેમ એકી સાથે મળી રહે છે તેમ પ્રભુના શરણે

જનારને ભક્તિ પ્રભુનો અનુભવ તથા પ્રભુ સિવાયની બાબતોમાં વૈરાગ્યરૂઆમ ત્રણ ફળો એકી સાથે મળી જાય છે''.

વિશેષવાંચનમાટેના ગ્રન્થોઃ

શ્રીપ્રભુચરણકૃત્ ન્યાસાદેશવિવૃતિ.

૧૪. પુષ્ટિભક્તિ

પુષ્ટિભક્તિ :

લૌકિક, પારલૌકિક કે મોક્ષ ની પણ કામના રાખ્યા સિવાય માહાત્મ્યજ્ઞાનપૂર્વક પ્રભુમાં સુદૃઢ અને સહુથી અધિક સ્નેહથી કરવામાં આવતી સેવાને 'પુષ્ટિભક્તિ' કહેવામાં આવે છે.

ભક્તિના વિભિન્ન પ્રકારો :

કાર્ય કોઈ એક જ હોય પરંતુ તેને કરનાર વ્યક્તિ, તેનો સ્વભાવ, કાર્ય કરવા પાછળ રહેલી ભાવના (પ્રયોજન-હેતુ), પરિસ્થિતિ, સમય વગેરે બદલાતાં કાર્યના સ્વરૂપમાં પણ ઓછાવત્તા અંશે પરિવર્તન આવી જતો હોય છે. દા.ત. ડોક્ટર દર્દીને સાજો કરવાની ભાવનાથી દર્દીના શરીર પર ચીરો મૂકે તો એને ચિકિત્સા કે સારવાર કહેવાય છે જ્યારે દુશ્મન જો શરીર પર ચીરો કરે તો હુમલો કહેવાય છે. યોગ્ય વ્યક્તિને સન્માનપૂર્વક, ઉત્તમ સ્થળ-સમયે ફળ કે બદલાની ભાવના રાખ્યા સિવાય જો દાન આપવામાં આવે તો એ ધર્મકાર્ય ગણાય છે જ્યારે ધર્મવિરુદ્ધ આચરણ કરનાર, નાસ્તિક, પાખણ્ડી, લોભી, દેવદ્રવ્ય ખાનારો કે દેવલક જેવા અયોગ્ય કે કુપાત્ર વ્યક્તિને જો દાન આપવામાં આવે તો તેને ધર્મવિરુદ્ધ કાર્ય ગણવામાં આવે છે. સમર્થ વ્યક્તિના માટે શાસ્ત્રીય મુખ્ય શુદ્ધિ-અશુદ્ધિ પાળવાના ઉપદેશને સદાચારનો ઉપદેશ કહેવામાં આવે છે. જ્યારે અસમર્થ વ્યક્તિના માટે શાસ્ત્રનો આ જ ઉપદેશ અત્યાચાર જેવો બની જાય છે. કોઈના દબાણ હેઠળ મજબૂરીમાં અનિચ્છાથી અન્ય દેવી-દેવતાના પૂજન, દર્શન, કથાશ્રવણ વગેરે કરવાથી અન્યાશ્રય નથી થતો પરંતુ આવું કશું જ ન હોવા છતાં જાણી-સમજીને ઈચ્છાપૂર્વક જો કરવામાં આવે તો અન્યાશ્રય ચોક્કસ થાય છે. ઘરમાં પ્રભુસેવા ન કરનારને માટે અસમર્પિત વસ્તુનો ઉપયોગ ન કરવાનો ઉપદેશ લાગુ નથી પડતો પરંતુ ઘરમાં પ્રભુસેવા કરનાર બ્રહ્મસમ્બન્ધીને શ્રીમહાપ્રભુજી અસમર્પિત વસ્તુના ત્યાગની આજ્ઞા કરે છે.

આ પ્રકારે આપણે સમજી શકીએ છીએ કે એક જ કાર્ય ક્યા પ્રકારે અલગ-અલગ રૂપ લઈ લે છે. ભક્તિનું પણ આ જ પ્રમાણે છે.

શાસ્ત્રોમાં, વિભિન્ન સમ્પ્રદાયોમાં તેમજ સામાન્ય જનતામાં ભક્તિના જે ભિન્ન-ભિન્ન પ્રકારો જોવા મળે છે તેનું કારણ બતાવતાં શ્રીભાગવતમાં કહેવાયું છે કે જીવોના ૧. સ્વભાવ ૨. ગુણ તેમજ ૩. માર્ગના ભેદને કારણે ભક્તિના વિભિન્ન પ્રકારો થઈ જાય છે.

ભક્તિની વિભિન્નતાના કારણો :

૧. સ્વભાવભેદ : સૃષ્ટિની શરૂઆતથી જ ભગવાન્ જીવોને પુષ્ટિ મર્યાદા અને પ્રવાહ આમ જુદા-જુદા સ્વભાવોવાળા બનાવી દે છે. આથી જ આવા ભિન્ન-ભિન્ન સ્વાભાવોવાળા જીવોદ્વારા કરાતી ભક્તિનું સ્વરૂપ પણ વિભિન્નતાવાળું થઈ જાય છે. દા.ત. પુષ્ટિસ્વભાવવાળાં જીવો દ્વારા કરાતી ભક્તિનું સ્વરૂપ પણ વિભિન્નતાવાળું થઈ જાય છે. દા.ત. પુષ્ટિ સ્વભાવવાળા જીવો દ્વારા કરાતી ભક્તિ સ્નેહપૂર્વક સેવાવાળી હોય છે. મર્યાદા સ્વભાવવાળા જીવો દ્વારા કરાતી ભક્તિ શાસ્ત્રના વિધિ-વિધાનોના પ્રાધાન્યવાળી અને મોક્ષ મેળવવા માટેના સાધનરૂપે હોય છે. જ્યારે પ્રવાહી સ્વભાવવાળા જીવો દ્વારા કરાતી ભક્તિ લૌકિક કે પારલૌકિક એવા ક્ષુદ્ર ફળો મેળવવાના સ્વાર્થવાળી હોય છે. આ પ્રકારે આપણે જોયું કે સ્વભાવભેદના કારણે ક્યા પ્રકારે ભક્તિના સ્વરૂપમાં પરિવર્તન આવી જાય છે.

૨. ગુણભેદ : ગુણભેદના કારણે થતા ભક્તિના સ્વરૂપમાં પરિવર્તનને સમજતા પહેલા ગુણોનું સ્વરૂપ, ગુણોના કાર્યો-પ્રભાવો વગેરે બાબતોને સમજવી જરૂરી છે.

આપણા શરીરમાં રહેલો આત્મા કે જીવ ચેતન છે જ્યારે આપણું શરીર જડ છે. ચેતન જીવ શરીરમાં રહેલો છે માટે આપણું શરીર કોઈ પણ કાર્ય કરી શકે છે. આ વાતને સરળતાથી સમજવી હોય તો એમ કહી શકાય કે જો મશીન પાસે કામ લેવું હોય તો તેમાં વીજળીનો પ્રવાહ ચાલુ કરવો પડે. વીજળીનો પ્રવાહ હોય તો જ મશીન ચાલે. અહીં મશીન=શરીર અને વીજળી=જીવ સમજી શકાય.

મશીન, લોખંડ, પિત્તળ વગેરે અનેક પ્રકારની ધાતુઓનું બનેલું

હોય છે. જો મશીન ઉત્તમ પ્રકારની ધાતુઓનું બનેલું હશે તો સારું કામ આપશે અને હલકી પ્રકારની ધાતુનું બનેલું હશે તો સારું કામ નહીં આપે.

આ દૃષ્ટાન્ત પરથી સમજીએ તો આપણું શરીર પણ અન્ય જડ પદાર્થોની માફક પ્રકૃતિના સત્ત્વ, રજ અને તમ ગુણોનું બનેલું હોય છે. પરંતુ આ ગુણોનું પ્રમાણ દરેક વસ્તુ કે વ્યક્તિ માં સમાન નથી હોતું. જેમાં જ્યારે સત્ત્વગુણ વધુ હોય છે તેમાં ત્યારે રજ અને તમ ગુણો દબાઈ જાય છે. તે જ પ્રમાણે રજોગુણના વધતાં સત્ત્વ-તમગુણો અને તમોગુણના વધતાં સત્ત્વ-રજગુણો દબાઈ જાય છે. આમ એક જ વ્યક્તિમાં પણ ગુણોમાં વધ-ઘટ થયા કરતી હોય છે. પરંતુ જેમાં જે ગુણ એકંદરે વધુ પ્રમાણમાં રહેતો હોય તેને તે ગુણવાળો કહેવામાં આવે છે. અર્થાત્ સત્ત્વગુણ જેમાં એકંદરે વધુ રહેતો હોય તેને સાત્ત્વિક, રજોગુણ તથા તમોગુણ જેમાં એકંદરે વધુ રહેતા હોય તેઓને અનુક્રમે રાજસ તથા તામસ કહેવામાં આવે છે.

ગુણોમાં પરિવર્તન થવાના કારણો :

સારા-નરસા કર્મો, ખોરાક, સન, વાતાવરણ, જાતિ, સંસ્કાર, શિક્ષણ વગેરે અનેક કારણોથી ગુણોમાં પરિવર્તન આવે છે.

ગુણ તથા તેના કાર્યો :

આગળ જોઈ ગયા તે પ્રમાણે આપણા ચિત્ત[૧] અહંકાર[૨] મન[૩] બુદ્ધિ[૪] જ્ઞાનેન્દ્રિય[૫] કર્મેન્દ્રિય[૬] તથા દેહ પણ આ જ સત્ત્વ, રજ, તમ ગુણોના બનેલા હોય છે. મન-બુદ્ધિ વગેરેનું સ્વરૂપ આ પ્રમાણે સમજી શકાય :

૧. ચિત્ત : જીવચેતનાને અનુભવ કરવામાં સક્ષમ તથા તેના દ્વારા બધા અન્તઃકરણો બાહ્યકરણો અને દેહને સચેતન બનાવવાળો શાંત નિર્વિકાર આંતરિક ઉપકરણ.

૨. અહંકાર : આપણી આંતર-બાહ્ય બધીવૃત્તિઓને એકસૂત્રિત કરવાવાળું તથા જીવચેતનાથી લઈને ક્રિયાશક્તિ સુધી દેહેન્દ્રિયોને સક્રિય બનાવનારું આંતરિક ઉપકરણ.

૩. મન : કામના, સપલ્પ અને વિકલ્પ કરવાવાળી અન્તઃકરણની વૃત્તિ.

૪. બુદ્ધિ : ઈન્દ્રિયોદ્વારા રજુ કરવામાં આવતાં બાહ્ય વિષયો અથવા ક્રિયાઓના વિષયમાં નિર્ણય સંશય, ભ્રમ, અજ્ઞાન નિદ્રાનું કામ કરનારું આંતરિક ઉપકરણ.

૫. જ્ઞાનેન્દ્રિય : આંખ, નાક, કાન, જીભ અને ચામડી આ પાંચ ઈન્દ્રિયોને 'જ્ઞાનેન્દ્રિય' કહેવામાં આવે છે.

૬. કર્મેન્દ્રિય : વાણી, હાથ, પગ, ઉત્સર્ગ તથા જનન આ પાંચ ઈન્દ્રિયોને 'કર્મેન્દ્રિય' કહેવામાં આવે છે.

મન બુદ્ધિ વગેરે વડે જે કોઈ કાર્ય આપણે કરીએ છીએ તે કાર્યો ઉપર પણ ગુણોનો પ્રભાવ અચૂક પડતો હોય છે. તે કેવી રીતે તે હવે જોઈએ.

સત્ત્વ :

સત્ત્વગુણના વધવાથી ઈન્દ્રિયોમાં સ્વસ્થતા-નિરોગિતા આવે છે. મનમાં આનન્દ તથા બુદ્ધિ માં જ્ઞાનનો સંચાર થાય છે. આના પરિણામે સાત્ત્વિક મનુષ્ય સત્કર્મ કરનારો થાય છે તથા સત્ફળને પ્રાપ્ત કરે છે.

રજસ્ :

રજોગુણની વૃદ્ધિ થતાં મનુષ્યમાં ચપળતા, જોઈતી વસ્તુ મેળવવામાટે કર્મમાં પ્રવૃત્તિ, લોભ, અશાંતિ, અહંકાર વગેરે થાય છે. રાજસ મનુષ્યમાં લોભ અને લાલચ નું પ્રમાણ વધુ હોવાને કારણે તેને ક્યારેય કોઈ પણ બાબતથી સન્તોષ થતો નથી અસન્તોષને કારણે તે દુઃખી જ રહે છે.

તમસ્ :

તમોગુણ વધતાં માણસમાં અજ્ઞાન, બેદરકારી આળસ ઉંઘ વગેરે લક્ષણો જોવા મળે છે. અજ્ઞાનના કારણે તામસી માણસને ધર્મ-અધર્મ, સત્ય-અસત્ય, સારું-ખરાબ કે હિત-અહિત નું ભાન રહી જતું નથી. આ કારણે તે ગમે ત્યારે ગમે ત્યાં ગમે તેમ વર્તવા લાગે છે પરિણામે અધમ-હલકા પ્રકારનું ફળ મેળવે છે.

ગુણોથી બન્ધન :

તામસ ગુણ સહુથી વધુ અનિષ્ટકારક હોવાને કારણે હલકા સ્તરનો ગણાય છે. આથી તામસી મનુષ્ય પણ હલકા સ્તરનો હોય છે. તામસની સરખામણીમાં રજોગુણ ઓછો નુકશાનકારક છે. આથી રજોગુણને મધ્યમ ગણવામાં આવે છે. રાજસ મનુષ્ય મધ્યમ સ્તરનો હોય છે. આ બન્ને ગુણોથી સરખામણીમાં સાત્ત્વિક ગુણ શ્રેષ્ઠ ગણાય છે આથી સાત્ત્વિક મનુષ્ય પણ ઉચ્ચ સ્તરનો હોયે છે. આ ત્રણેય સ્તરોથી પણ ઉત્તમ અવસ્થા નિર્ગુણપણાની છે કારણ કે ભગવાન્ ગીતામાં આજ્ઞા કરે છે :

> ''પ્રકૃતિમાંથી ઉત્પન્ન થયેલા સત્વ, રજસ્ અને તમો ગુણો શરીરમાં રહેલા બ્રહ્મના ચૈતન્ય અંશરૂપ જીવને બાંધી રાખે છે''.

આથી સાબિત થાય છે કે સત્ત્વગુણ ભલે ગમે તેટલો ઉત્તમ કેમ ન હોય; છે તો તે પણ પ્રકૃતિનો જ એક ગુણ આથી ગુણોવડે જીવને બંધન તો છે જ. ગુણો જીવને બંધન ક્યા પ્રકારે કરે છે તે સમજાતાં ભગવાન્ ગીતામાં આજ્ઞા કરે છે કે મનુષ્ય કર્મ કરે છે અને તે એમ સમજે છે કે આ મેં કર્યું. એ મનુષ્યનું મોટામાં મોટું અજ્ઞાન છે. ખરેખર તો પ્રકૃતિના સત્વ, રજ, તમગુણો છે કે જે પોત-પોતાને લાગતા-વળગતા કાર્યો માણસ પાસે કરાવે છે. જેમ, સારથિ (ડ્રાઈવર) વગરના રથમાં જો ઘોડાઓ જોડવામાં આવે તો ઘોડાઓ ગમે તે દીશામાં રથને દોરી જઈ શકે છે. જે વખતે જે ઘોડાનું જોર વધુ ચાલે તે વખતે તે ઘોડો પોતાની મરજી મુજબ રથને ઢસડી જઈ શકે છે. આવી સ્થિતિમાં રથમાં બેઠેલા બિચારા રથીને તો જ્યાં ઘોડાઓ ઢસડી જાય ત્યાં તટસ્થ ભાવે ઢસડાવું પડે. આવી જ સ્થિતિ દેહમાં રહેલા જીવની પણ છે. સત્વ, રજસ્, તમો ગુણોરૂપી સ્વચ્છન્દી ઘોડાઓ મન માફક કાર્ય કરાવે છે અને શરીરરૂપી રથમાં બેઠેલો જીવ અસહાય થઈને બંધાઈ જાય છે. તે કેવી રીતે તે હવે સમજીએ.

આપણે આગળ સમજ્યા તે પ્રમાણે સત્ત્વ, ગુણ જ્ઞાન કરાવે

છે. આપણી આસપાસ ઘટતી સારી-ખરાબ, જરૂરી-બિનજરૂરી અનેક ઘટનાઓ કે જેનું જ્ઞાન થવું દરેક વખતે આપણા માટે જરૂરી હોતું નથી છતાં સત્વગુણ પોતાના સ્વભાવથી જ આવી દરેક ઘટનાઓનું જ્ઞાન ઇન્દ્રિયોના માધ્યમથી આપણને કરાવી જ દે છે. રજોગુણ લોભ ઉત્પન્ન કરનારૂ છે લોભીને ક્યારે પણ શાંતિ મળી શકતી નથી. માણસ મરે ત્યાં સુધી લોભ તેને દોડા-દોડી કરાવતો રહે છે. તમોગુણનું કાર્ય અજ્ઞાન છે. અજ્ઞાન માણસને બધી રીતે નુકસાન કરનારું હોય છે. જીવ અપ્રાકૃત હોય છે પરંતુ તે પ્રકૃતિના ગુણોથી બનેલા દેહમાં સપડાઈ ગયેલો હોવાથી ગુણો તેને જ્યાં લઈ જાય ત્યાં તેને જવું પડે છે. આમ ગુણોથી જીવ બંધાય છે.

નિર્ગુણ :

આ પ્રકારે આપણે સમજ્યા કે ગુણો ક્યા પ્રકારે પોતાનું ધાર્યું કામ કરાવીને જીવાત્માને બંધન કરે છે. આજ કારણ છે કે જેથી ભગવાન્ નિર્ગુણ કે ગુણાતીત અવસ્થાને સર્વશ્રેષ્ઠ અવસ્થા ગણાવે છે. નિર્ગુણ કે ગુણાતીત થવાનો અર્થ છે : પ્રકૃતિના સત્વ, રજ અને તમ આ ત્રણેય ગુણોના પ્રભાવથી મુક્ત થઈ પોતાની જાતને પ્રભુભક્તિમય બનાવી દેવું. ભક્તિમાર્ગમાં આનેજ ગુણાતીત કે નિર્ગુણ અવસ્થા માનવામાં આવે છે.

નિર્ગુણ કેમ થવાય ?

નિર્ગુણ અવસ્થાને પામવા માટે મનુષ્યને અધમ અવસ્થાથી ઉત્તમ અવસ્થા સુધી પહોંચવું પડે છે. એટલે કે તામસથી રાજસ, રાજસથી સાત્ત્વિક અને સાત્ત્વિકથી આખરે નિર્ગુણ આમ આ અધમથી ઉત્તમ અવસ્થાનો ક્રમ છે.

આ પ્રકારે આપણે ગુણો, તેમના કાર્યો, ગુણોથી બન્ધન તથા તેનાથી મુક્તિનો પ્રકાર સમજ્યા. હવે આપણે ગુણોના પ્રભાવને કારણે ભક્તિના સ્વરૂપમાં કઈ રીતે ભિન્નતા આવે છે તે સરળતાથી સમજી શકીશું. ભક્તિના વિભિન્ન પ્રકારોને સમજતાં પહેલા માર્ગોના ભેદને કારણે ક્યા પ્રકારે ભક્તિમાં ભેદ થાય છે તે આપણે સમજી લઈએ.

૩. માર્ગભેદ :

ભગવાન્ દ્વારા પ્રવર્તિત પુષ્ટિપ્રવાહ અને મર્યાદા માર્ગો અથવા શ્રીરામાનુજ, શ્રીમધ્વ, શ્રીનિમ્બાર્ક વગેરે આચાર્યોદ્વારા પ્રવર્તિત મતો-સમ્પ્રદાયોમાં રહીને જો ભક્તિ કરવામાં આવે તો પણ જે-તે માર્ગ કે મત ના પ્રભાવને કારણે ભક્તિના સ્વરૂપમાં ભિન્નતા આવી જાય છે. દા.ત. પુષ્ટિમાર્ગ સ્નેહ પ્રધાન ભક્તિનો ઉપદેશ કરે છે જે કેવળ પ્રભુની કૃપાથી જ પ્રાપ્ત થાય છે. જ્યારે મર્યાદામાર્ગ ભક્તિમાં શાસ્ત્રના વિધિ-વિધાનોને પ્રમુખતા આપે છે. આથી પુષ્ટિમાર્ગીની ભક્તિ સ્નેહપ્રધાન હશે જ્યારે મર્યાદામાર્ગીની ભક્તિ શાસ્ત્રના વિધિ-વિધાનોની પ્રમુખતાવાળી હશે.

ભક્તિના ઉપદેશક કેટલાક આચાર્યો ભક્તિને મુક્તિનો ઉપાય કે સાધન માનીને ભક્તિ કરવાનું કહે છે જ્યારે શ્રીમહાપ્રભુજી તો ભક્તિ કરવી તે જ મુક્તિ છે આથી ભક્તિ ખાતર જ ભક્તિ કરવી જોઈએ તેવો ઉપદેશ કરે છે. આમ આપણે સમજી શકીએ છીએ કે આચાર્યોની ભિન્ન-ભિન્ન માન્યતાઓને કારણે પણ ભક્તિના સ્વરૂપમાં વિવિધતા જોવા મળે છે.

ભક્તિના પ્રકારો :

સ્વભાવભેદ ગુણભેદ તથા માર્ગભેદ ના કારણે ભક્તિના મુખ્યત્વે ચાર પ્રકારો શ્રીભાગવત્માં વર્ણવવામાં આવ્યા છે.

૧. સાત્ત્વિકભક્તિ
૨. રાજસભક્તિ
૩. તામસભક્તિ અને
૪. નિર્ગુણ-પુષ્ટિભક્તિ.

૧. સાત્ત્વિકભક્તિ : પાપોના નાશમાટે, કર્મફળને અર્પણ કરવા માટે કે અનિવાર્ય કર્તવ્યરૂપ સમજીને કરવામાં આવતી ભક્તિને 'સાત્ત્વિકભક્તિ' કહેવામાં આવે છે.

૨. રાજસભક્તિ : ધન-સંપત્તિ, સ્વર્ગ વગેરે ઉત્તમ લોક, કીર્તિ કે ઐશ્વર્ય (શક્તિ) મેળવવા માટે કરવામાં આવતી ભક્તિને 'રાજસભક્તિ' કહેવામાં આવે છે.

૩. તામસભક્તિ : કોઈનું અહિત-બુરું થાય એવી ભાવના રાખીને,

ઈર્ષ્યાપૂર્વક કે ભક્તિનો ડોળ કરી બીજા લોકોને ઠગવા માટે કરવામાં આવતી ભક્તિને 'તામસભક્તિ' કહેવામાં આવે છે.

૪. **નિર્ગુણ-પુષ્ટિભક્તિ :** કોઈ પણ પ્રકારના ફળ મેળવવાની કામના રાખ્યા વિના પુરુષોત્તમ શ્રીકૃષ્ણમાં સતત મન પરોવીને પ્રેમ પૂર્વક તેમની સેવા કરવી તેને નિર્ગુણ-પુષ્ટિભક્તિ કહેવામાં આવે છે.

નિર્ગુણ-પુષ્ટિભક્તિને જ 'અહૈતુકી' કે 'અનિમિત્તા' ભક્તિ કહેવામાં આવે છે. કોઈ પ્રકારના ફળ મેળવવાની ઈચ્છાને 'હેતુ' કે 'નિમિત્ત' કહેવામાં આવે છે. કોઈ પણ પ્રકારના હેતુ કે નિમિત્ત જેમાં નથી તેવી ભક્તિ તે 'અહૈતુકી' કે 'અનિમિત્તા' ભક્તિ. ભગવાન્ શ્રીભાગવતમાં જે નિર્ગુણ ભક્તિને સર્વશ્રેષ્ઠ ભક્તિ તરીકે ગણાવે છે તે આ નિર્ગુણ-પુષ્ટિભક્તિનો ઉપદેશ શ્રીમહાપ્રભુજીએ કર્યો છે. આથી જ પુષ્ટિભક્તિને 'નિર્ગુણભક્તિ' કહેવામાં આવે છે.

નિર્ગુણ-પુષ્ટિભક્તિ સર્વોત્કૃષ્ટ :

નિર્ગુણ-પુષ્ટિભક્તિની ઉત્કૃષ્ટતાનું નિરૂપણ કરતાં ભગવાન્ શ્રીભાગવત્માં આજ્ઞા કરે છે :

> ''મારી સેવાને જ જેઓ ફળરૂપ માને છે તેવા મારા નિર્ગુણ સેવકો તો, જો કે કોઈપણ પ્રકારની મુક્તિની મારી પાસે માગણી કરતા જ નથી. પરંતુ જો હું સામે ચાલીને પ્રેમથી સાલોક્ય[1], સાર્ષ્ટિ[2], સામિપ્ય[3] સારૂપ્ય[4] કે એકત્વ(સાયુજ્ય)[5] રૂપ મુક્તિ આપું છું તેમ છતાં મારી સેવાના ભોગે આ પ્રકારની મુક્તિનો પણ સ્વીકાર તેઓ કરતા નથી. આને જ સ્વતંત્ર ફળરૂપ આત્યંતિક ભક્તિયોગવડે ભક્ત ત્રણેય ગુણોના પ્રભાવથી મુક્ત થઈને ભગવદ્ભાવને પ્રાપ્ત કરે છે''.

---

૧. સાલોક્યમુક્તિ = ભગવાન્ના લોક-વૈકુણ્ઠમાં સ્થાન મળવું.

૨. સાર્ષ્ટિમુક્તિ = ભગવાન્ના જેવા ઐશ્વર્ય-શક્તિવાળા થવું.

૩. સામીપ્યમુક્તિ = ભગવાનના લોકમાં પરંતુ ભગવાનના સમીપ સ્થાન મળવું

૪. સારૂપ્યમુક્તિ = ભગવાનના જેવું રૂપ પ્રાપ્ત થવું.

૫. એકત્વસાયુજ્યમુક્તિ = ભગવાનમાં ભળી જવું, લીન થઈ જવું.

નિર્ગુણપુષ્ટિભક્તિના પ્રકારો :

ભગવાને સૃષ્ટિની શરુઆતમાં જ જીવોને મુખ્યત્વે પુષ્ટિ, મર્યાદા અને પ્રવાહ સ્વભાવોના ભેદથી જુદા-જુદા બનાવ્યા છે. તેમાં પણ આ ત્રણ સ્વભાવોન મિશ્રણ કરીને કેટલાક મિશ્રસ્વભાવવાળા જીવોનું સર્જન પણ ભગવાને કર્યું છે. આથી જે જીવમાં પોતાના મુખ્ય સ્વભાવની સાથો-સાથ કોઈ અન્ય સ્વભાવ પણ ભળેલો હોય તો તેવા જીવને 'મિશ્રજીવ' કહેવામાં આવે છે. જ્યારે કોઈ એક જ સ્વભાવ ધરાવનાર જીવને 'શુદ્ધજીવ' કહેવામાં આવે છે.

પુષ્ટિજીવોના સ્વભાવભેદના કારણે નિર્ગુણપુષ્ટિભક્તિના પ્રકારભેદ થાય છે આથી શરુઆતમાં જીવોના પ્રકારો સમજવા જરૂરી છે. નીચે આપેલ ચાર્ટથી જીવોના ભેદ સરળતાથી સમજી સકાશે.



આટલી ભૂમિકા સમજ્યા બાદ આપણે મૂળ વાત પર આવીએ તો મિશ્રપુષ્ટિજીવો જ્યારે નિર્ગુણભક્તિ તરફ વળે છે ત્યારે તેમના સ્વભાવને કારણે નિર્ગુણ-પુષ્ટિભક્તિ પણ ભિન્ન-ભિન્ન રૂપ ધારણ કરી લે છે. પરન્તુ નિષ્કામ કે નિઃસ્વાર્થપણુ તો નિર્ગુણભક્તિના દરેક રૂપોમાં કાયમ જ રહે છે.

પુષ્ટિજીવોના ભેદને કારણે નિર્ગુણભક્તિના ચાર પેટા પ્રકારો થાય છે.

૧. **પુષ્ટિપુષ્ટિ-ભક્તિ :** ભગવાન્, ભગવાનની લીલા, લીલા પરિકર (વ્રજભક્તો વગેરે), લીલાના સ્થળો (ગોકુલ વૃંદાવનાદિ), જગત્-જીવ વગેરે બાબતોના વાસ્તવિક જ્ઞાન તેમજ પ્રભુમાં સુદૃઢ સર્વથી અધિક સ્નેહ પૂર્વક કરવામાં આવતી પ્રભુસેવાને 'પુષ્ટિપુષ્ટિ-ભક્તિ' કહેવામાં આવે છે.

૨. **મર્યાદાપુષ્ટિ-ભક્તિ :** ભગવાન્ શ્રીકૃષ્ણના અલૌકિક ગુણોના પ્રેમપૂર્વક શ્રવણ-સ્મરણ-કીર્તનદ્વારા થતી ભક્તિને 'મર્યાદાપુષ્ટિ-ભક્તિ' કહેવામાં આવે છે.

૩. **પ્રવાહપુષ્ટિ-ભક્તિ :** પ્રભુમાં સ્નેહ તેમજ મહાત્મ્યજ્ઞાન વિના માત્ર કર્તવ્ય પાલનના રૂપે પ્રભુના સેવા સ્મરણ કરવામાં આવે છે ત્યારે તેને 'પ્રવાહપુષ્ટિ-ભક્તિ' કહેવામાં આવે છે.

૪. **શુદ્ધપુષ્ટિ-ભક્તિ :** ભગવાન્ સાક્ષાત પ્રકટ થઈને અથવા તો અન્ય કોઈ પ્રકારે જ્યારે કોઈ જીવને સ્નેહનું દાન કરે છે ત્યારે તે જીવ પ્રભુમાં સુદૃઢ તેમજ સર્વથી અધિક સ્નેહવાળો થઈને વ્રજભક્તોની માફક સ્વાભાવિક રીતે જ પ્રભુના સેવા-સ્મરણાદિ કરવા લાગી જાય છે. આથી પ્રભુમાં સ્નેહની ઉત્પત્તિ બાદ સહજભાવે-આપોઆપ થતાં પ્રભુના સેવા-સ્મરણાદિને 'શુદ્ધ-પુષ્ટિભક્તિ' કહેવામાં આવે છે.

પ્રભુના સેવા-સ્મરણાદિમાં રુચિ એટલે કે પુષ્ટિભક્તિમાર્ગમાં રુચિ, આ પ્રકારની માર્ગરુચિ ભગવાન્ની કૃપા-ઈચ્છાથી જ થાય છે. પરંતુ આવા દરેક પુષ્ટિભક્તિમાર્ગીઓની ભક્તિ પુષ્ટિ-પુષ્ટિભક્તિ હોય તે જરૂરી નથી હોતું. તેમ છતાં પ્રભુ તેમને ભક્તિની ઉચ્ચ અવસ્થા સુધી પહોંચાડવા માગે છે તેવું અનુમાન તે જીવોમાં માર્ગની અંદર રુચિ હોવાથી થઈ શકે છે. આથી આવા જીવોએ ભક્તિની વૃદ્ધિમાટેના પ્રયાસો નિષ્ઠાપૂર્વક કરવા જોઈએ. આમ કરવાથી પ્રવાહપુષ્ટિ-ભક્તિ થી મર્યાદાપુષ્ટિ-ભક્તિ અને મર્યાદાપુષ્ટિ-ભક્તિ થી પુષ્ટિપુષ્ટિ-ભક્તિ આમ ઉત્તરોત્તર ભક્તિની ઉચ્ચકક્ષા મેળવી શકાય છે. શુદ્ધપુષ્ટિ-ભક્તિ તો જે જીવ પર ભગવાન્ની અતિ કૃપા હોય તે જીવ જ મેળવી શકે છે.

આથી જ શ્રીમહાપ્રભુજી 'પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ' ગ્રન્થમાં આજ્ઞા કરે છે :

''શુદ્ધાઃ પ્રેમ્ણાતિદુર્લભાઃ''

ભાવાર્થ : શુદ્ધ પુષ્ટિજીવો અત્યંત દુર્લભ છે.

શુદ્ધ પુષ્ટિભક્તનું સ્વરૂપલક્ષણ આપતાં ભગવાન્ શ્રીભાગવતમાં આજ્ઞા કરે છે :

> જેમ ગંગા નદી જરા પણ અટક્યા વિના સમુદ્ર તરફ ગતિ કરતી રહે છે તેમ મારા ગુણોને સાંભળવા માત્રથી જ્યારે મારા સેવા-સ્મરણમાં નિઃસ્વાર્થ અને નિર્બાધ પ્રવૃત્તિ થવા લાગે છે ત્યારે તેને 'નિર્ગુણ-ભક્તિયોગ' કહેવામાં આવે છે.

વિશેષવાંચનમાટેના ગ્રન્થોઃ

શ્રીમહાપ્રભુ વિરચિત શ્રીભાગવત તૃતીયસ્કન્ધની સુબોધિની વ્યાખ્યા
ષોડશગ્રન્થાન્તર્ગત પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ
શ્રીભગવદ્ગીતા અધ્યાય : ૧૪, ૧૭, ૧૮.
શ્રીલાલુભટ્ટજીવિરચિત 'પ્રમેયરત્નાર્ણવ' માંના પુષ્ટિભક્તિવિવેક તથા પુષ્ટિભક્ત્યધિકારવિવેક

૧૫. જ્ઞાનકસોટી

૧. શ્રીમહાપ્રભુજી

(અ) પ્રશ્નોના ઉત્તરો વિચારો.

૧. સાધારણ મનુષ્યોના જન્મ-મરણ શા કારણે થાય છે?
૨. મહાપુરુષોના જન્મ-મરણની વિશેષતા જણાવો.
૩. ભગવાને શ્રીમહાપ્રભુજીને પૃથ્વીપર પ્રકટ થવાની આજ્ઞા શા કારણે કરી?
૪. ભગવાને શ્રીમહાપ્રભુજીને કયા ત્રણ કાર્યો સોંપ્યા?
૫. શ્રીમહાપ્રભુજી જો પ્રકટ ન થયા હોત તો શું થાત?
૬. જગન્નાથપુરીની રાજ્યસભામાં કયા પ્રશ્નો મૂકવામાં આવ્યા?
૭. શ્રીજગન્નાથરાયજી સામે મુકેલ પ્રશ્નોના ઉત્તરો જણાવો.
૮. શ્રીમહાપ્રભુજીનો ત્યાગ દૃષ્ટાંત સહિત સમજાવો.
૯. શ્રીમહાપ્રભુજીની સાદગીનું વર્ણન કરો.
૧૦. શ્રીમહાપ્રભુજી એકાંત સ્થળે આવેલા અડેલ ગામમાં શા માટે બિરાજ્યા?
૧૧. આદર્શગુરુ કોને કહેવાય?
૧૨. ''પુષ્ટિભક્તિમાર્ગ માત્ર પુષ્ટિજીવો માટે છે'' શા માટે?
૧૩. પુષ્ટિભક્તિમાર્ગ વિશ્વધર્મ નથી; કઈ રીતે?
૧૪. શ્રીમહાપ્રભુજી પોતાના શિષ્યોની ભક્તિની કાળજી કેવી રીતે રાખતા?
૧૫. ગુરુએ પોતાના શિષ્યોની કાળજી કેવી રીતે રાખવી?

(આ) વ્યાખ્યા/સમજુતી આપો.

૧. દૈવી ૨. પરમત ૩. વાદ ૪. બ્રહ્મસૂત્ર
૫. મીમાંસાસૂત્ર ૬. ગાયત્રીમંત્ર

૨. શ્રીગોપીનાથજી

(અ)

૧. શ્રીગોપીનાથજીએ 'સાધનદીપિકા' ગ્રન્થની રચના શા માટે કરી?
૨. ભાવનો ભવાડો ક્યારે થાય?
૩. ગુરુએ સેવા કઈ રીતે કરવી જોઈએ?
૪. ''ધર્મ ક્ષરતિ કીર્તનાત્''દ્ગદ્ગશાસ્ત્રની આ ઉક્તિને સેવા સાથે કઈ રીતે જોડશો?
૫. ''અત્યંત આત્મીય વૈષ્ણવ હોય તેને જ પ્રભુના દર્શન કરાવવા''દ્ગ શા માટે?

(આ) અનવસર.

૩. શ્રીગુસાંઈજી

(અ)

૧. શ્રીગુસાંઈજીના દિવ્યત્યાગનું દૃષ્ટાંત સહિત વર્ણન કરો.
૨. શ્રીગુસાંઈજીએ પોતાના ભેટના દ્રવ્યને યમુનાજીમાં શા માટે ઠાલવી દીધું?
૩. ધન ત્યજવા યોગ્ય શા માટે? જો તેને ત્યાગી ન શકાય તો શું કરવું?
૪. વૈષ્ણવ નિવેદિતનું સમર્પણ જો પ્રભુસેવામાં ન કરે તો શું થાય?
૫. શ્રીમહાપ્રભુજીએ ગૃહસેવાનો માર્ગ શા માટે દેખાડ્યો?
૬. શ્રીગુસાંઈજીએ સેવાના ક્રમમાં ભોગ-રાગ-શૃંગારના વૈભવપૂર્ણ વિનિયોગ વાળો પ્રકાર શા માટે પ્રકટાવ્યો?

(આ)

૧. નિવેદિત ૨. સમર્પણ

૪. શ્રીયમુનાજી

(અ)

૧. શ્રીયમુનાજીનું પ્રાકટ્ય શા માટે છે?
૨. 'ભુવનપાવની' નો અર્થ સમજાવો.
૩. શ્રીયમુનાજીના આઠ ઐશ્વર્યો ગણાવો.

૫. શ્રીકૃષ્ણ

(અ)

૧. આસુરીજીવો શ્રીકૃષ્ણનો આશ્રય નથી કરતા, શા માટે?
૨. ભગવાનનું સ્વરૂપ શા માટે સમજાતું નથી?
૩. ભગવાને વ્રજવાસીઓની ઈન્દ્રપૂજા શા માટે છોડાવી?
૪. ભગવાન્ કોની સંપત્તિનું હરણ કરે છે?
૫. દૈવીજીવો પણ ભગવાનના સ્વરૂપને ભૂલી જાય છે, શા માટે?
૬. પ્રભુના જ્ઞાન તથા પ્રાપ્તિ શેનાથી થાય?
૭. પરબ્રહ્મ શ્રીકૃષ્ણ વિરુદ્ધધર્માશ્રયી છે, કઈ રીતે?
૮. પરમાત્મા સાકાર છે કે નિરાકાર, કારણ જણાવો.

૯. શાસ્ત્રમાં શ્રીકૃષ્ણને પરમાત્મા-ભગવાન્ વગેરે જુદા જુદા નામે વર્ણવવામાં આવ્યા છે, શા માટે?
૧૦. પુરાણોમાં દેવી-દેવતાઓને જે પરતત્વ તરીકે વર્ણવવામાં આવ્યા છે તે ખરેખર શ્રીકૃષ્ણની પરતત્વતાનું નિરૂપણ છે, કઈ રીતે?
૧૧. શ્રીકૃષ્ણને પરબ્રહ્મ કઈ દૃષ્ટિએ કહેવામાં આવે છે?
૧૨. શ્રીકૃષ્ણને અંતર્યામી તરીકે શા માટે કહેવામાં આવે છે?
૧૩. પૂર્ણાવતાર ક્યારે થાય છે?
૧૪. મૂઢ લોકો (મંદબુદ્ધિ) શ્રીકૃષ્ણને શું સમજે છે? આવા લોકોને શ્રીકૃષ્ણ શું સમજે છે?

(આ)

૧. મુક્તિ	૨. સાધનાભિમાન	૩. સાધન
૪.વિરુદ્ધધર્માશ્રય	૫. વ્યાપક	૬. કારણ
૭. અવ્યક્ત	૮. અક્ષરબ્રહ્મ	૯. અંતર્યામી
૧૦.અવતાર	૧૧.ભગવાન	૧૨.પૂર્ણાવતાર
૧૩.અંશાવતાર	૧૪.આવેશાવતાર	૧૫.અલૌકિક
૧૬.અપ્રાકૃત	૧૭.અવતાર.	

૬. જીવ

(અ)

૧. જીવનું સ્વરૂપ સમજાવો. જીવની બ્રહ્મરૂપતા શા માટે દેખાતી નથી?
૨. જીવમાંથી આનંદધર્મનો તિરોભાવ થતાં શું થાય છે?
૩. જીવની ત્રણ અવસ્થાઓ જણાવો.
૪. જીવના પ્રકાર વર્ણવો.
૫. વિભિન્ન પ્રકારના જીવોની ઓળખ કેવી રીતે કરી શકાય?
૬. પુષ્ટિજીવો પોતાના કર્તવ્યને શા માટે ભૂલ્યા?

(આ)

૧.જીવ	૨.શુદ્ધજીવ	૩.બદ્ધ/સંસારી જીવ
૪.મુક્તજીવ	૫.અવિદ્યા	૬.પ્રવાહીજીવ
૭.મર્યાદા	૮.પુષ્ટિજીવ	૯.નિષ્ઠા
૧૦.આવેશ.		

૭. જગત

(અ)

૧. જગતને ભગવાનની ક્રીડા કે ભગવલ્લીલા શા માટે કહેવામાં આવે છે?
૨. જગતનો અનુભવ ત્રણ પ્રકારે થાય છે. દૃષ્ટાંત સહિત સમજાવો.
૩. જગતની રચના પ્રભુએ શા માટે કરી છે?
૪. જગત્ બ્રહ્માત્મક છે તેમ છતાં બ્રહ્માત્મક દેખાતું કેમ નથી?
૫. જગતને સત્ય શા માટે કહેવામાં આવે છે?

(આ)

૧. વેદાન્ત/ઉપનિષદ્	૨. સત્	૩. ચિત્
૪. આનંદ	૫. આવિર્ભાવ	૬. તિરોભાવ
૭. જડ	૮.પઞ્ચમહાભૂત	૯. બ્રહ્માત્મક
૧૦.આસ્તિક	૧૧.નાસ્તિક.	

૮. માર્ગ

(અ)

૧. માર્ગના પ્રકારોનું વિવેચન વિસ્તારથી કરો.
૨. ભગવાને આપણી વરણી કયા માર્ગમાં કરી છે તે કેમ જાણી શકાય?
૩. બ્રાહ્મણોએ ધર્મને આજીવિકાનું સાધન શા માટે બનાવ્યો?
૪. જીવો શ્રીકૃષ્ણની નિષ્કામ ભક્તિને શા માટે ભૂલી ગયા?

(આ)

૧. માર્ગ	૨. પુષ્ટિભક્તિમાર્ગ	૩. મર્યાદામાર્ગ
૪. કર્મમાર્ગ	૫. જ્ઞાનમાર્ગ	૬. ઉપાસનામાર્ગ
૭. લૌકિક	૮.પારલૌકિક	૯. વૈરાગ્ય
૧૦.સંન્યાસ	૧૧.પ્રવાહમાર્ગ	૧૨.નિત્યકર્મ
૧૩.નૈમિત્તિકકર્મ	૧૪.નિષિદ્ધકર્મ	૧૫.કામ્યકર્મ

૯. સમ્પ્રદાય

(અ)

૧. સમ્પ્રદાયની જરૂરિયાત જણાવો.

૨.વિભિન્ન ધર્મ-સમ્પ્રદાયો ન હોય તો શું થાય?
૩. સમ્પ્રદાયો વાડા નથી, કારણ જણાવો.
૪. અનુસરવા યોગ્ય સમ્પ્રદાયનો નિર્ણય કઈ રીતે કરવો?
૫. સમ્પ્રદાયનું બંધારણ સમજાવો.
૬. સેવા બીજાથી પૈસા લઈને કરવામાં આવે કે બીજાને પૈસા આપીને કરાવવામાં આવે તો શું થાય?
૭. જાહેર મંદિર-હવેલીમાં સેવા કરનાર ગુરુને શું પરિણામ ભોગવવું પડે?
૮. સાધનાના આંતર-બાહ્ય પક્ષોને સમજાવો.
૯. સમ્પ્રદાયને અનુસર્યા વગર કરેલ કર્મ નિષ્ફળ જાય છે, શા માટે?
૧૦. ઉત્તમ-મધ્યમ-હીન કક્ષાના સાધકોના લક્ષણ જણાવો.

(આ)

૧. સમ્પ્રદાય ૨. તત્વોપદેશ ૩. સિદ્ધાન્તોપદેશ
૪. વ્યવહારોપદેશ ૫. ફળોપદેશ.

૧૦. પુષ્ટિભક્તિમાર્ગ

(અ)

૧. ભક્તો દ્વારા થતી ભક્તિ કઈ સ્થિતિમાં પુષ્ટિભક્તિ નથી રહી જતી?
૨. બુલા મિશ્રની વાર્તાથી શું સિદ્ધાન્ત સમજાય છે?
૩. દર્શનવાદી લોકો પુષ્ટિમાર્ગને લાયક હોતા નથી, શા માટે?
૪. દર્શનવાદી લોકો પુષ્ટિજીવ નથી હોઈ શકતા, કઈ રીતે?
૫. શ્રીમહાપ્રભુજીએ એક વખત બુલા મિશ્રને ટાળવાનો પ્રયત્ન શા માટે કર્યો?
૬. આપણા પસંદગીના માર્ગમાં જ પ્રવેશ કરવો જોઈએ, શા માટે?

(આ) દર્શનવાદી.

૧૧ ભગવદાશ્રય

(અ)

૧. હિરણ્યકશિપુએ પ્રથમવાર પૂછેલા પ્રશ્નનો પ્રલ્હાદે શું ઉત્તર આપ્યો ?
૨. હિરણ્યકશિપુએ બીજીવાર પૂછેલા પ્રશ્નનો પ્રલ્હાદે શું ઉત્તર આપ્યો?
૩. પ્રહ્લાદને અગ્નિમાં ફેંકવામાં આવ્યો ત્યારે તેણે આપેલા ઉત્તરનો ભાવાર્થ સમજાવો.

૪. મનુષ્યદેહની વિશેષતા જણાવો.
૫. ઘરડા થવાની રાહ જોયા વિના પ્રભુના સેવા-સ્મરણમાં લાગી જવું જોઈએ-વિસ્તારથી સમજાવો.
૬. ''ઘડપણમાં હરિગુણ ગાશું'' એવી માન્યતા ધરાવનારાઓ માટે શું કહેવાયું છે?
૭. યુધિષ્ઠિર-ભીમની ઘટનાથી શો બોધપાઠ મળે છે?
૮. 'આશ્રય' શબ્દના બે અર્થો જણાવો.
૯. પ્રભુનો આશ્રય ન લેનારના આશ્રયરૂપ પણ ભગવાન્ છે જ; કઈ રીતે?
૧૦. પ્રભુના આશ્રયનું વારંવાર સ્મરણ કરવું શા માટે જરૂરી છે?
૧૧. પ્રભુનું સ્મરણ ન કરવાથી શું પરિણામ આવે?
૧૨. લૌકિક સુખ-દુઃખ શા કારણે અનુભવાય છે?
૧૩. લૌકિક સુખ પણ દુઃખદાયક શા કારણે છે?
૧૪. લૌકિક અહંકાર કોને કહેવામાં આવે છે?
૧૫. પ્રભુના શરણે ગયેલો જીવ સુખ-દુઃખોની વેદનાથી શા કારણે પર થઈ જાય છે?
૧૬. અન્તઃકરણ જેનું અલૌકિક થઈ જાય છે તેને કેવો અનુભવ થાય છે?
૧૭. તટસ્થ કે સાક્ષીભાવ કેવો હોય છે?
૧૮. પ્રભુના શરણે ન ગયેલા જીવોને સુખ-દુઃખની પીડા શા કારણે થાય છે?
૧૯. પ્રભુ માટે બધા જીવો સરખા હોય છે તેમ છતાં પ્રભુના સેવા-સ્મરણ કરનારાને શા માટે પ્રભુ પોતાનાથી અભિન્ન માને છે?
૨૦. ભગવદ્ભક્ત પ્રભુનું સ્મરણ કયા પ્રકારે કરે છે?
૨૧. ભગવદ્ભક્ત જગતમાં ઘટતી ઘટનાઓને કઈ દૃષ્ટિએ જુએ છે?
૨૨. પ્રભુનું સ્મરણ દુઃખમાં જ કે સુખમાં પણ? શા માટે?
૨૩. પ્રભુ કોનું રક્ષણ કરે છે?
૨૪. ભગવત્કાર્ય મુખ્ય છે જ્યારે લૌકિક-વૈદિક કાર્યો અમુખ્ય-આ કયા આધારે સાબિત થાય છે?
૨૫. પ્રભુ પાસે માગણી કરવાનો અવિવેક કેવા લોકો કરતા હોય છે?
૨૬. પ્રભુ પાસે માગણી કરવાનો વિચાર છોડી દેવો જોઈએ; શા માટે?
૨૭. ભગવાન્ ભક્તને વરદાન દ્વારા લલચાવીને તેની શું પરીક્ષા લે છે?

૨૮. સાચો સેવક કોને કહેવાય? શા માટે?
૨૯. સાચો સ્વામી કોને કહેવાય? શા માટે?
૩૦. પ્રહ્લાદે ભગવાન્ પાસે શું વરદાન માગ્યું? શા માટે?
૩૧. ભગવાનનો આશ્રય સર્વદા કઈ રીતે; સમજાવો.
૩૨. ભગવાનનો આશ્રય સર્વથા કેવી રીતે; સમજાવો.
૩૩. યમરાજે પોતાના સેવકોને કહેલા વચનોનું તાત્પર્ય સમજાવો.
૩૪. ભગવદાશ્રયની દૃઢતાના ઉપાયો ગણાવો.
૩૫. દીનતાભાવના વિરોધી મનોવિકારો ગણાવો.
૩૬. અભિમાન વગેરે દુર્ભાવો જો મનમાં રહેલા હોય તો તેનાથી શું પરિણામ આવે?

(આ)

૧. આશ્રય	૨. લૌકિક અહંકાર/કર્તાપણાનું અભિમાન
૩. મનથી ભગવદાશ્રય	૪. વાણીથી ભગવદાશ્રય
૫. કાયાથી ભગવદાશ્રય	૬. જીવસ્વરૂપજ્ઞાન
૭. નિસાધનતાભાવન	૮. દીનતા.

૧૨. અન્યાશ્રયત્યાગ

(અ)

૧. 'અન્યાશ્રય' શબ્દનો અર્થ સમજાવો.
૨. અનન્યતાનો ભંગ કર્યો ક્યારે કહેવાય?
૩. પુષ્ટિભક્તિમાર્ગમાં અન્યાશ્રયને દોષરૂપ શા માટે માનવામાં આવે છે?
૪. અન્યાશ્રય ક્યારે કર્યો કહેવામાં આવે છે?
૫. કોઈ પણ દેવમાં શ્રદ્ધા-ભક્તિનું અનુમાન કયા પ્રકારે થઈ શકે?
૬. ઈષ્ટદેવ સાથે કયા પ્રકારે વ્યવહાર કરવો તે કેવી રીતે જાણી શકાય?
૭. અન્યાશ્રય કયા-કયા પ્રકારે થઈ શકે છે તે જણાવો.
૮. ''અન્યાશ્રયનો ત્યાગ એટલે અન્ય દેવોનો અનાદર નહીં''-સમજાવો.
૯. ''અન્ય દેવો પુષ્ટિભક્તિમાર્ગી માટે આદરણીય હોઈ શકે છે; ભજનીય નહીં''-સમજાવો.
૧૦. અન્ય દેવી-દેવતાઓનો આદર વૈષ્ણવે કયા પ્રકારે કરવો જોઈએ?
૧૧. કયા પ્રકારના ફળની કામનાવાળાઓએ અન્ય દેવી-દેવતાઓ પાસે જવું જોઈએ?

૧૨. કયા પ્રકારના ફળની કામનાવાળાઓએ શ્રીકૃષ્ણની પાસે જવું જોઈએ?
૧૩. અન્યાશ્રય કરવા પાછળના કારણો જણાવો.
૧૪. અસંતોષને કારણે અન્યાશ્રય કેવી રીતે થાય છે?
૧૫. ભયને કારણે અન્યાશ્રય કેવી રીતે થાય છે?
૧૬. વૈષ્ણવ થયા પછી ઘરમાં બિરાજતી દેવમૂર્તિ, ચિત્રો વગેરેનું શું કરવું જોઈએ.
૧૭. અવિશ્વાસથી અન્યાશ્રય કેવી રીતે થાય છે?
૧૮. પ્રભુના સ્વરૂપના અજ્ઞાનથી અન્યાશ્રય કેવી રીતે થાય છે?
૧૯. દુઃસંગથી અન્યાશ્રય કેવી રીતે થાય છે?
૨૦. સિદ્ધાન્તના અજ્ઞાનથી અન્યાશ્રય કેવી રીતે થાય છે?

(આ)

૧.અન્યાશ્રય	૨. ઈષ્ટદેવ.

૧૩. શરણમાર્ગ

(અ)

૧. ભગવાને અર્જુનની શરણાગતિનો સ્વીકાર ક્યારે કર્યો?
૨. ભગવાને ગીતામાં આપેલ શરણમાર્ગનો મહાન ઉપદેશ શું છે?
૩. શરણના છ અંગો ગણાવો.
૪. શરણના છ અંગો સમજાવો.
૫. પુષ્ટિમાર્ગમાં શરણમાર્ગના બે રૂપો છે; કયા-કયા? કઈ રીતે?
૬. ભક્તિમાર્ગીઓમાટે શરણમાર્ગ કઈ રીતે ઉપયોગી છે?
૭. નિઃસાધન જીવો માટે શરણમાર્ગ કઈ રીતે ઉપયોગી છે?
૮. શરણમાર્ગમાં પ્રવેશ શા માટે મેળવવાનો હોય છે?
૯. પુષ્ટિમાર્ગીના જીવનમાં સૌથી મોટો અને સુખદ અવસર કયો હોય છે?
૧૦. શરણમાર્ગીના કર્તવ્યો ગણાવો.
૧૧. માર્ગદર્શકની પૂરી ઓળખ અને તેના પર પૂર્ણ વિશ્વાસ ન હોય તો શું થાય?
૧૨. પુષ્ટિભક્તિમાર્ગના અનુગામી હોવું એટલે શું?
૧૩. પુષ્ટિભક્તિમાર્ગના અનુગામી બનવું ક્યારે શક્ય બને?
૧૪. પુષ્ટિભક્તિમાર્ગીને જો શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું જ્ઞાન અને આપ પર વિશ્વાસ ન હોય તો શું પરિણામ આવી શકે? અને જો હોય તો?
૧૫. શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું જ્ઞાન કેવી રીતે મેળવી શકાય?

૧૬. સિદ્ધાન્તોનું જ્ઞાન શરણમાર્ગ પર ચાલનારા માટે જરૂરી છે; કઈ રીતે? દૃષ્ટાન્ત સહિત સમજાવો.
૧૭. સિદ્ધાન્તોનું જ્ઞાન ન હોય તો શું દુષ્પરિણામ આવે?
૧૮. સિદ્ધાન્તોના જ્ઞાનથી કઈ-કઈ બાબતોનો ખ્યાલ આવે છે?
૧૯. ભક્તિભાવની વૃદ્ધિ માટે શું જરૂરી છે? કઈ રીતે?
૨૦. શ્રવણ-કીર્તન-સ્મરણથી શું લાભ થાય છે?
૨૧. વૈષ્ણવચિહ્નોની ઉપયોગિતા સમજાવો.
૨૨. શરણમાર્ગના કર્તવ્યોનું પાલન કયા હેતુથી કરવામાં આવે છે?
૨૩. પ્રભુના શરણે જનારા જીવોને મળતા ત્રણ લાભો દૃષ્ટાન્ત સહિત જણાવો.

૧૪. પુષ્ટિભક્તિ

(અ)

૧. કોઈ એક જ કાર્ય કયા-કયા કારણે અલગ રૂપો ધારણ કરી લે છે?
૨. આપેલું દાન ધર્મવિરુદ્ધ ક્યારે બને છે?
૩. શુદ્ધિ-અશુદ્ધિ પાળવાનો ઉપદેશ સદાચારનો ઉપદેશ ક્યારે કહેવાય છે?
૪. શુદ્ધિ-અશુદ્ધિ પાળવાનો ઉપદેશ અત્યાચાર ક્યારે બની જાય છે?
૫. અન્યાશ્રય ક્યારે થાય અને ક્યારે ન થાય?
૬. અસમર્પિતનો ઉપયોગ ન કરવાનો ઉપદેશ કોને લાગુ પડે છે અને કોને નહીં?
૭. ભક્તિની વિભિન્નતાના કારણો ગણાવો.
૮. સ્વભાવભેદને કારણે ભક્તિમાં કયા પ્રકારે ભેદ આવે છે?
૯. સાત્ત્વિક કોને કહેવામાં આવે છે?
૧૦. રાજસ કોને કહેવામાં આવે છે?
૧૧. તામસ કોને કહેવામાં આવે છે?
૧૨. ગુણોમાં પરિવર્તન થવાના કારણો ગણાવો.
૧૩. સત્ત્વગુણના કાર્યો જણાવો.
૧૪. રજોગુણના કાર્યો જણાવો.
૧૫. તમોગુણના કાર્યો જણાવો.
૧૬. ત્રણ ગુણોમાં કયો ગુણ શ્રેષ્ઠ, કયો મધ્યમ અને કયો કનિષ્ઠ ગણવામાં આવે છે?
૧૭. ગુણોથી જીવને બંધન કયા પ્રકારે થાય છે? દૃષ્ટાન્ત સહિત સમજાવો.
૧૮. નિર્ગુણ અવસ્થા કયા પ્રકારે પામી શકાય?

૧૯. માર્ગભેદને કારણે ભક્તિના સ્વરૂપમાં કયા પ્રકારે ભિન્નતા આવે છે?
૨૦. સમ્પ્રદાય કે મતભેદને કારણે ભક્તિના સ્વરૂપમાં કયા પ્રકારે ભિન્નતા આવે છે?
૨૧. ભક્તિના મુખ્ય પ્રકારો ગણાવો.
૨૨. નિર્ગુણસેવકો કેવા હોય છે?
૨૩. નિર્ગુણ પુષ્ટિભક્તિના પ્રકારો ગણાવો.
૨૪. મિશ્ર પુષ્ટિજીવોના પ્રકારો ગણાવો.
૨૫. નિર્ગુણ પુષ્ટિભક્તિ ક્યારે ભિન્ન-ભિન્ન રૂપ ધારણ કરે છે?
૨૬. પુષ્ટિભક્તિમાર્ગીઓને પ્રભુ ભક્તિની ઉચ્ચ અવસ્થા સુધી પહોંચાડવા માગે છે એવું અનુમાન શા પરથી થઈ શકે છે?
૨૭. ભક્તિની ઉત્તરોત્તર ઉચ્ચ અવસ્થાનો ક્રમ જણાવો.

(આ)

૧. પુષ્ટિભક્તિ
૨. ગુણાતીત-નિર્ગુણ
૩. સાત્ત્વિકભક્તિ
૪. રાજસભક્તિ
૫. તામસભક્તિ
૬. નિર્ગુણભક્તિ
૭. પુષ્ટિ-પુષ્ટિજીવ
૮. પુષ્ટિ-પુષ્ટિભક્તિ
૯. મર્યાદાપુષ્ટિજીવ
૧૦. પ્રવાહપુષ્ટિજીવ
૧૧. શુદ્ધપુષ્ટિજીવ
૧૨. મર્યાદાપુષ્ટિભક્તિ
૧૩. પ્રવાહપુષ્ટિભક્તિ